# ઈમામની ઓળખ

## ભાગ ૩ જો

લેખક
અલ્લામા નસીરૂદ્દીન નેસીર હુન્ઝાઇ
અનુવાદક
સમસાબ અબુ તુરાબી

પ્રકાશક
ખાનએ હિકમત

# અનુક્રમણિકા


| ચાવી | વિષય | પાના નંબર |
|---|---|---|
| —— | પ્રારંભ શબ્દો | ૧ |
| ૧ | કુદરતે કામિલા | ૭ |
| ૨ | ઇલ્મે ઇલાહી | ૧૧ |
| ૩ | દરેક જુથનો કિબ્લો | ૧૮ |
| ૪ | મોતનો અનુભવ | ૨૧ |
| ૫ | વસ્તુ માત્ર રૂહાની મેળાપ | ૨૪ |
| ૬ | માનવીય અને જિન્નાતી શયતાન | ૨૭ |
| ૭ | આકાશી કિતાબમાં વસ્તુ માત્રનું વિવેચન | ૨૯ |
| ૮ | માણસની ઓળખાણ | ૩૨ |
| ૯ | દરેક વસ્તુનું પ્રમાણ | ૩૬ |
| ૧૦ | મોમિનનો મહિમા | ૩૯ |
| ૧૧ | અખૂટ ભંડાર | ૪૩ |
| ૧૨ | મધ માખીનું દ્રષ્ટાંત | ૪૬ |
| ૧૩ | અનેક રૂપકો | ૫૦ |
| ૧૪ | ઝુલકર્નૈન | ૫૭ |
| ૧૫ | યાજુજ માજુજ | ૬૨ |
| ૧૬ | સર્જન અને હિદાયત | ૬૬ |
| ૧૭ | બધુંજ નાશવંત | ૬૯ |
| ૧૮ | ઇમામે મુબીનમાં વસ્તુ માત્રનો સમાવેશ | ૭૫ |
| ૧૯ | વસ્તુ માત્રનાં મલકુત | ૮૧ |
| ૨૦ | દરેકને માટે રેહમતની જોગવાઇ | ૮૬ |
| ૨૧ | દરેક વસ્તુની વાચા | ૮૯ |
| ૨૨ | વસ્તુ માત્રનાં જોડકાં | ૯૨ |


Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

## —: પ્રારંભના શબ્દો :—

હઝરત આદમ અલયહિસ્સલામની ઉત્પતિ પહેલાં પાક પ્રતિષ્ઠાવંત પરવરદિગારે ફરિશ્તાઓને ઇર્શાદ ફરમાવ્યો કે :

**ઇન્ની જાએલુન ફિલ અર્ઝે ખલીફા (૨/૩૦)**

હું જમીન પર એક ખલીફા નિયુકત કરનાર છું.

આ પવિત્ર ઇલાહી ફરમાનનો મૂળ ઉદ્દેશ એ ભવિષ્યવાણીરૂપ જાહેરાત કરવાનો હતો કે ખિલાફત અને પ્રતિનિધિત્વની બરકતવંત તથા પવિત્ર પદવી આદમ (અ.સ.) તથા તેમના પરિવારના પવિત્ર નબીઓ તથા અતિ મહિમાવંત ઇમામોની વંશ પરંપરામાં સદા-કાળને માટે જગત પર કાયમ દાયમ રહેશે. અને આ જ ખુદાવંદી ઇચ્છા અનુસાર પહેલાં તો દોરે નબુવ્વતમાં એ જ ઇલાહી ખિલાફત વંશ પરંપાગત ચાલતી રહી અને પછી દોરે ઇમામતમાં પણ એ જ પરવરદિગારી પ્રતિષ્ઠત પદવીની ગાદી આજ સુધી જેમા જેમામાં પ્રગટ રહી છે અને ઇન્શાઅલ્લાહ ભવિષ્યમાં પણ એ જ પવિત્ર પ્રકાશિત પરંપરા ચાલુ રહેશે.

આ હકીકત પરત્વે અગર કોઇ સમજદાર ગૃહસ્થ જાતે અભ્યાસ તથા સંશોધન કરવા ઇચ્છે, તો તેણે સૌ પ્રથમ તો ઉપરોકત આયતે કરીમાના શબ્દ "જાએલુન"ના અર્થ પર ઊંડાણથી ચિંતન મનન કરવું જોઇએ.

જાએલુન એટલે નિયુકત કરવો. આનો સંબંધ ફિલ અર્ઝ સાથે છે. મતલબ કે પૃથ્વીના એ બધા જ નિવાસીઓ, જેઓ

હઝરત આદમ અલયહિસ્સલામથી લઇને કિયામત સુધી ધરતીના પટ પર થતા રહેશે. ખલીફાનો અર્થ છે જાનશીન યાને ઉત્તરાધિકારી. એક દ્રષ્ટિએ હઝરતે આદમ અલયહિસ્સલામ ખુદાના એક માત્ર એવા ખલીફા છે જેમના વંશમાંથી થનારા બધા જ માનવંત નબીઓ તથા પવિત્ર ઇમામો અલયહિમુસ્સલામ પોતપોતાના સમયમાં તેમની જ ખિલાફતના વારસદાર, વલી અને પ્રતિનિધિ છે. બીજા અર્થમાં કહીએ તો દરેક પયગમ્બર અને ઇમામ પોતપોતાના જમાનામાં ખુદાના ખલીફા હોય છે (એ સમસ્ત બુઝુર્ગવારો પર અલ્લાહના સર્વોતમ દરૂદ અને સલવાત)

અગર આદમ અલયહિસ્સલામની ખિલાફત તેમના વંશમાં થનારા પયગમ્બરો તથા ઇમામોની પરંપરામાં કિયામત સુધી ચાલુ રહેવાની ન હોત તો ફરિશ્તાઓએ ખિલાફતના આદેશ સામે વાંધો શા માટે ઉપાડયો? એ ફરિશ્તાઓ વસ્તુઓના તત્વાર્થ તથા નામોને જાણતા ન હતા તો પછી જગતના ભાવી બનાવોના જાહેરી સ્વરૂપને તેઓ કોઇ સાધન વડે જાણતા હતા? અને તેઓએ વાંધો જે રીતે ઉપાડયો હતો તે જોતાં દુનિયામાં હમેશા લોકોની વચ્ચે ખુદાના ખલીફાનું અસ્તિત્વ પુરવાર થઇ જાય છે.

ફરિશ્તાઓએ કહેલું: (યા બારીતઆલા)તું શું એવા માણસને ખલીફા બનાવીશ, જે દુનિયા પર ફિસાદ તથા ખુનરેજી કરશે?" (૨/૩૦) તેના જવાબમાં અલ્લાહતઆલાએ ફરમાવ્યું કે "હું જે જાણું છું તે તમે નથી જાણતા."

જગતમાં લોકોની હિદાયત તથા દોરવણી અને ન્યાયનીતિની હિમાયતને માટે અલ્લાહતઆલાની જાહેરી તથા બાતિની એમ બન્ને પ્રકારની ખિલાફત હમેશા કાયમ રહી છે એ પરત્વે પવિત્ર પરવરદિગારે ફરમાવેલ છે કે:

યા દાવુદો, ઇન્ના જઅલ્નાક ખલીફતન ફિલઅર્ઝે
ફે અહ્કમુ બયનન્નાસે બિલ હક્ક (૩૮/૨૬)

અર્થાત હે દાવુદ, ખચિત જ અમે તમને પૃથ્વી પર ખલીફા તરીકે સ્થાપ્યા છે તેથી તમે લોકોની વચ્ચે હક (ઇન્સાફ)થી ફેસલા કરજો.

આ આયતે કરીમા ઉપરથી ચોકખું સમજાય છે કે પરિપૂર્ણ જ્ઞાનવંત ખુદાવંદે આલમીનનો આ હુકમ બધા જ અર્થ ભંડાર સહિત બધા જ પસંદ કરેલા ખલીફાઓને પણ લાગુ પડે છે. જો એમ ન હોય તો ખલીફાનો લકબ જ અર્થહીન થઇ જાય છે.

પવિત્ર કુર્આનની આ તાલીમ અનુસાર જગત જનો વચ્ચે ફેસલો કરવાની જવાબદારી ખુદાઇ ખિલાફતની જ છે તો હુકમ કરવાનો અધિકાર પણ ખુદાઇ ખિલાફત સિવાય બીજા કોઇનો નથી હોઇ શક્તોઃ તો સાબિત થયું કે કુર્આને હકીમે પવિત્ર ઇમામો (એ બધા પર સલવાત)ને ઉલુલ અમ્ર એટલા માટે જ ફરમાવ્યા છે કે તેઓ પૃથ્વી પટ ઉપર પોતાની ખુદાઇ ખિલાફતની પદવી પર સ્થાપિત, હુકમના માલિક અને કુલ મુખ્તાર છે.

ઇમામ શનાસીની આ કિતાબની શરૂઆતમાં હ. આદમ અલયહિસ્સલામની ખિલાફત વિષેની ચર્ચા એટલા માટે કરવામાં આવી કે તેવણ હઝરત અલયહિસ્સલામની ખિલાફત, નબુવ્વતના પાયારૂપ છે. એટલું જ નહિ, પણ તે નિશંક ઇમામતના અધિકારની પણ બુન્યાદ છે. તેથી અમે હઝરત આદમ (અ.સ.) તથા હઝરત દાવુદ (અ.સ.)ની ખિલાફતની કુર્આની દલીલો દ્વારા એ હકીકત સ્પષ્ટ કરીને બતાવી કે ઇમામ અ.સ. ખુદાના ખલીફા તરીકે હમેશા દુનિયામાં હાઝર નાઝર રહે છે અને તેનો સાચો પરિચય દરેક

દીનદાર માનવીને માટે અત્યંત જરૂરી છે. તેથી અમે અમારા ઇસ્માઇલી ભાઇ બહેનોને માટે ઇમામ શનાસીના બે ભાગો તૈયાર કર્યા હતા અને હવે આ ત્રીજો ભાગ વાચકોના કરકમળમાં મૂકીએ છીએ.

આ કિતાબમાં એવી કુર્આની આયતોનું વિવેચન કરવામાં આવ્યું છે જેમાં "કુલ્લ"નો શબ્દ આવેલ છે. અને એ દરેક "કુલ્લ"ના શબ્દના સ્પષ્ટીકરણ દ્વારા ઇમામે ઝમાન અલયહિસ્સલામની આવશ્યકતા મહતા તથા સર્વવ્યાપકતા સિધ્ધ કરવાનો પ્રયાસ કરવામાં અંવ્યો છે.

આ કિતાબમાં "કુલ્લ" શબ્દની આસપાસ તેમજ આરપાર અક્ષર દ્રષ્ટિ કરવાની આ પદ્ધતિ એટલા માટે અખ્ત્યાર કરવામાં આવી છે કે કુર્આને કરીમમાં "ઇમામ શનાસી"નું એક વિખ્યાત "કુલ્લ" અર્થી પવિત્ર વાકય આવેલું છે કે :

**"કુલ્લ શયઇન અહસયનાહુ ફી ઇમામિમ્મુબીન" (સુરહ યાસીન—૧૨)**

યાને અતિ પવિત્ર પ્રતિષ્ઠાવંત પરવરદિગારે વસ્ત માત્રને જાહેર ઇમામની ઝાનમાં સમાવી દીધી દીધી છે.

જ્યારે કે એ નક્કર હકીકત છે કે બધી વસ્તુઓ ઉપર જાહેર ઇમામની ઝાતની વ્યાપકતા છે તો માનવું પડશે કે ઇમામ શનાસીનો વિષય પણ બીજા બધા વિષયો પર શ્રેષ્ઠતા ધરાવે છે. તો અમે એ સાબિત કરવા માગીએ છીએ કે એ એક જ "કુલ્લ" કુર્આનમાં આવેલા બધા જ કુલ્લ ઉપર સરસાઇ ધરાવે છે. આપને આ કિતાબનું વાચન તથા ચિંતન મનન કરવાથી માલુમ પડશે કે ખરેખર કુર્આને કરીમના બધા જ "કુલ્લ" ઇમામે

મુબીનવાળા "કુલ્લ"માં નમતાથી પ્રવેશી ગયા છે અને કુર્આને હકીમની બધી જ આયતોનું તત્વ એ એક કુલ્લના શબ્દોમાં વિવિધ રૂપે સમાયેલું છે.

કુર્આન અને હદીસ ઉપરાંત બુદ્ધિ પણ એ વાતનું સમર્થન કરે છે કે દરેક ચીજનો એક દરવાજો હોય છે, તેમ કુર્આને કરીમ કે જેમાં અનેક જાહેરી ને બાતુની જ્ઞાન વિજ્ઞાનના ભંડારો ભરેલા છે એ દરેક ખજાના પર તાળાં દીધેલાં છે ને એ દરેક તાળાની ચાવીઓ પણ હોય છે, જેમકે ખુદ કુર્આન ગવાહી આપે છે કે:

"શું એ લોકો કુર્આન પર ચિંતન મનન નથી કરતા કે પછી તેઓનાં દિલો પર તાળાં લાગી ગયાં છે?" (૪૭ ૨૪)

તો અમે આ કિતાબમાં ઇન્શાઅલ્લાહુલ અઝીઝ, ઇમામે બરહક સલવાતુલ્લાહુ અલયહિસ્સલામના પરમ પરિચયના પ્રકાશમાં તે ખાસ ખાસ ચાવીઓનો ઉલ્લેખ કરીશું જે હકીકતી મોમિનોને માટે ખચિત જ ઇમામ શનાસી તેમજ કુર્આની જ્ઞાન વિજ્ઞાનના ભંડારોની ચાવીઓ છે.

અમને એ કહેતાં જરાય સંકોચ નથી થતો બલ્કે અમે તો નિખાલસ દિલે કબુલ કરીએ છીએ કે અમે કંઇ બહુ જ્ઞાન ભંડોળ ધરાવતા નથી. અમે તો એક દરવેશ છીએ અને ઇમામે આલી મુકામ અલયહિસ્સલામની રૂહાનીયતના દરવાજા પર રાત દિવસ શયઅન લિલ્લાહ (ભિક્ષાન્ન દેહિ—ખુદાને વાસ્તે કંઇક આપો)ની ટહેલ નાખતા રહીએ છીએ તો અમારા લખાણમાં ને અનુવાદનમાં જમાતની કોઇ ઇલ્મી ખિદમત થઇ શકતી હોય તો તે એ જ શાહે વિલાયત અને

નૂરે હિદાયતની કૃપાદ્રષ્ટિનો પરિપાક સમજવે; અગર અમારી કલમી કોશીશોમાં કોઇ શાબ્દિક ક્ષતિઓ માલુમ પડે તો એ અમારી માનસિક અસ્વચ્છતાઓના કારણે સમજવી.

અંતમાં અમો સર્વ મોમીનોની પણ હાર્દિક દૂઆઓના અભિલાષી છીએ કે જેથી સર્વ શકિતમાન ખુદાવંદ કરીમ પોતાના વલીયુલ અમ્ર ઇમામે હય્યો હાઝર (અલયહિસ્સલાતો વસ્સલામ) ના વસીલાથી અમો નાચીઝ બંદાને કિંમતીમાં કિંમતી ઇલ્મી ખિદમતની તોફીક ઇનાયત ફરમાવે.

આમીન યા રબ્બલ આલમીન.

ફકત

**ખાકસાર લેખક અને અનુવાદક**

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

## ચાવી—૧

# કુદરતે કામિલા

**અલ્લાહતઆલાની** શક્તિ અને સામર્થ્યનું નામ કુદરતે કામિલા છે. કુર્આને હકીમની હિકમત સભર કુલ્લિયાત ("કુલ્લ" શબ્દોના સમુદાય) માં સૌથી પહેલે એ "કુલ્લ" આવે છે જે સર્વશક્તિમાનના સામર્થ્ય પરત્વે છે અને તેનો ઉલ્લેખ સૂરહ બકરહની વીસમી આયતમાં આ પ્રમાણે કરાયો છે કેઃ **ઇન્નલ્લાહા અલા કુલ્લે શયઇન કદીર** (૨/૨૦) યાને ખચિત જ અલ્લાહ વસ્તુ માત્ર પર કુદરત ધરાવે છે.

અહિં "કુલ્લે શયઇન" નું સ્પષ્ટીકરણ સૌથી જરૂરી છે. કુલ્લે શયઇન યાને બધી જ વસ્તુઓનો ભાવાર્થ માત્ર સ્થાનિક કે શકય વસ્તુઓજ કે પ્રાણી પદાર્થો જ નહિ પરંતુ નિરાકારી કે ગેબી વસ્તુઓ પણ તેમાં આવી જાય છે કેમકે અલ્લાહ તબારકહુ વ તઆલાને માટે કોઇ ચીજ અશકય નથી. જેની એક સ્પષ્ટ અને રોશન દલીલ એ છે કે પ્રાચીન કાળના માંધાતાઓની નજરે પણ જે ચીજો અસંભવિત હતી તેમાંથી ઘણી બધી વસ્તુઓ આજે વિજ્ઞાનને પ્રતાપે શકય બની ગઇ—બની રહી છે અને એ બધી શોધખોળોનો ક્રમ હજુ ચાલુ જ છે. વળી આ અનુમાન પણ કદાચ ખોટું નહિ હોય કે આવી થોડી સદીઓમાં બીજી અસંખ્ય અશકય વસ્તુઓ શકય સ્વરૂપમાં ફેરવાઇ જશે એ રીતે શકય છે કે ધીમે ધીમે "અશકય" ની આખી માન્યતા જ ખતમ થઇ જશે.

તો અલ્લાહ તબારકહુ વ તઆલાની સર્વ શક્તિનો આથી

વધારે બીજો કયો પુરાવો હોઇ શકે છે કે ઇન્સાન જે એનો બંદો છે તે, દિવસે દિવસે અશકયને શકય બનાવતો રહે છે તે, એ જ સર્વ શકિતમાન સમર્થ ધણીની કુદરતે કામિલા અને મહેરબાનીથી જ છે.

અલ્લાહ તઆલાની કુદરતે કામિલાના સંદર્ભમાં માણસની શકિતનું પણ વિવેચન શરૂ થઇ ગયું અને એ એક એવો પ્રશ્ન છે કે જેને પડતો મૂકી ન જ શકાય; કેમકે "અશકય" નો પ્રત્યય એ જ તો છે જેણે દુનિયાની ઘણી બધી કોમોને માટે ઇલ્મ અને હિકમતના દરવાજા બંધ કરી દીધા અને પ્રગતિ તથા સફળતાના માર્ગો રૂંધી નાખ્યા છે. તેથી જાણવું જોઇએ કે ઇન્સાન, ચાહે ભૌતિક ક્ષેત્ર હોય કે રૂહાનિયતના માર્ગ, ખુદાતઆલાની કુદરત અને શકિતનું પ્રગટ સ્થાન છે કેમકે ખુદાએ હકીમના બધા જ ચમત્કારો ઇન્સાન દ્વારા જ પ્રગટ થાય છે; જે વિષે અલ્લાહ-તઆલાનો ઇર્શાદ છે કે :

"અમે ટુંકમાં જ તેઓને બ્રહ્માંડમાં અને તેમના પંડમાં પણ અમારી ચમત્કૃતિઓ દેખાડીશું; ત્યાં સુધી કે તેઓને સ્પષ્ટ સમજાઇ જાય કે તે બરહક છે."

કુર્આને હકીમની આ આગમવાણીથી સમજાય છે કે પહેલે તો આ દુનિયામાં જાહેરી અને ભૌતિક પ્રકારના ચમત્કારો પ્રગટ થવાના હતા. જેનો ક્રમ આજ સુધી ચાલુ છે. એ પછી ઇન્સાનની જાતમાં રૂહાની દોરના આગમનનાં એંધાણ પ્રગટ થવાનાં છે જેના પરિણામે રૂહાની પ્રકારનાં ચમત્કારો પણ હેરફેર પ્રગટ થવાના છે. તો મોમિનોએ રૂહાનિયતના ક્રાંતિ યુગની સાથો સાથ કદમ મિલાવવા માટે તૈયાર રહેવું જોઇએ. આ તૈયારી કેવી રીતે થઇ શકે છે?

પરિપૂર્ણ શ્રદ્ધા સભર જ્ઞાન વડે, ઇમામ શનાસીના ઇલ્મ વડે અને વ્યક્તિગત રૂહાનિયતના પ્રયોગો દ્વારા.

તે ઉપરાંત કુર્આને હકીમના એવા "કુલ્લિયાત" (કુલ્લના શબ્દો) પર ચિંતન મનન કરવાથી જેમાં વસ્તુ માત્રના કાયદાઓનું ઇલ્મ અને હિકમત દરેક ચીજની હકીકત અને મારિફત સમાયેલી છે કે જેથી એક રીતે જોતાં "અશક્ય"ની માન્યતા ખતમ થઇને "શક્ય"ની માન્યતા પૈદા થઇ શકે અને બીજી તરફ રૂહાની દોરની અસરો ઝીલવાની યોગ્યતા પેદા થઇ શકે.

જ્યાં સુધી કોઇ ઇન્સાન જડવાદની સંકુચિત તથા અંધારી ચાર દિવાલોમાં કેદ છે ત્યાં સુધી રૂહાની ઇલ્મથી અજ્ઞાત અને આત્માના મુક્ત ગગનનાં અમર્યાદ ક્ષિતિજોથી અપરિચિત છે. તો પછી એ કેવી રીતે માની શકે કે અલ્લાહ તબારક વ તઆલાની રેહમત તથા ઇલ્મમાં ઇન્સાનને માટે દરેક જાતની શક્તિનો પુરવઠો મૌજુદ છે અને કોઇ વસ્તુ અશક્ય નથી. બલ્કે દરેક ચીજ, દરેક વાત અને દરેક કામ શક્ય છે. હા, એક વાત જરૂર છે કે દરેક શક્યને માટે એક નિશ્ચિત સ્થાન અને એક ખાસ પ્રસંગ યા કોઇ જરૂરી શરત નક્કી થયેલી હોય છે. યાને આરંભથી અંત સુધી દુનિયાથી આખેરત સુધી અને મકાનથી લામકાન સુધી દરેક વસ્તુની સ્થાનિકતાથી અસંખ્ય તકો મળવાની છે. તેથી જ ઇર્શાદ છે કે નિરાશા એ કુફ્ર છે અને એ જ કારણે ફરમાવવામાં આવ્યું કે જે કંઇ તમે ખુદા પાસે માગ્યું હતુ તે બધું જ તેણે તમને આપી દીધું છે.

કુદરતે કામિલા અને શક્ય તથા અશક્યના એ વિવેચનની સાથો સાથ એ જરૂરી છે કે અંબિયા તથા અઇમ્મા અલયહિમુ—

સ્સલામની જાહેરી તથા બાતીની અને ઇલ્મી તથા અમલી ચમત્કૃતિઓનું પણ ક્રમેક્રમે વિસ્તારથી વિવેચન કરવામાં આવે. તેથી એ જાણવું જરૂરી છે કે સર્વશક્તિમાન સર્જનહારે જે ઇન્સાનોને નબુવ્વત અથવા ઇમામતના પવિત્ર નૂરના માધ્યમ બનાવીને માનવજાતિની હિદાયત અને દોરવણીને માટે નિયુકત કરેલ છે, તેમને સચ્ચાઇના ઇકરાર તથા સત્યપૂર્ણ દલીલ સ્વરૂપે જાતજાતના ચમત્કારોની રૂહાની શકિતથી પણ નવાજ્યા છે કે જેથી સાચા હાદીને માન્ય કરવાવાળાઓ સંપૂર્ણ રીતે માની શકે અને ઇન્કાર કરવાવાળા, માને અથવા અંતિમ હદ સુધી ઇન્કાર કરે, કે જેથી તેઓ વિષે ઇલાહી કાનૂન કોઇ ફેંસલો આપે. જાહેરી અને ઇન્દ્રિયગોચર ચમત્કૃતિઓની સ્થિતિ અને હકીકત એવી જ છે. પણ કયારેક એવું પણ બને છે કે જે લોકો શરૂ શરૂમાં મોઅજિઝાઓ પર ઇમાન લાવ્યા હતા તેઓને પછી આગળ જતાં મોઅજિઝાની એવી ટેવ પડી ગઇ કે મોઅજિઝાઓ તેઓની નઝરમાં મોઅજિઝા ન રહયા. તેઓએ મોઅજિઝાનાં ઓઢણાં બીછાનાં બનાવી નાખ્યાં. આવું કેમ થયું? કારણ કે તેઓનાં અંતઃકરણમાં આંતરવિગ્રહ શરૂ થઇ ગયો. અને દિલની સખ્તીને કારણે તેઓનું ઇમાન દિનપ્રતિદિન વધુ ને વધુ કમજોર થતું ગયું. આવા દાખલા બની ઇસરાઇલના બારામાં કુર્આને શરીફના કિસ્સાઓમાં મૌજુદ છે.

તેથી ઉલ્ટું હાદીએ બરહકની સાચી ફરમાનબરદારી અને તેમની મહોબત તથા ઇશ્ક અને ઇમાન શ્રધ્ધા તથા ઇશ્ક અને ઇમાન, શ્રદ્ધા તથા ભકિત સભર ઇલ્મ હોવા છતાં જે ચમત્કારો ગુપ્ત છે તે પ્રગટ થવાથી મોમિનના ઇમાનમાં વૃદ્ધિ થતી રહે છે.

ચાવી—૨

## ઇલ્મે ઇલાહી

બીજી કુંચીની કુલ્લિયા (કુલ્લનો પ્રત્યય) અલ્લાહ તઆલાની સર્વજ્ઞતા જાહેર કરે છે જે સુરહ બકરહની ૨૯મી આયતમાં છે કે;

**"વ હુવા બિકુલ્લિ શયઇન અલીમ" (૨/૨૯)**

અને તે વસ્તુમાત્રનો જ્ઞાતા છે.

આ હકીકતને વિષે તો સમસ્ત મોમિનો તથા મુસ્લિમોને રતિભાર પણ શંકા નથી કે અલ્લાહ પાક વસ્તુમાત્રથી સુપરિચિત છે, તેના જ્ઞાનથી કોઇ વસ્તુ ગુપ્ત નથી કોઇ વસ્તુ તેના જ્ઞાન વર્તુળથી બહાર નથી. પણ જે જ્ઞાનીજનો અલ્લાહ તઆલાની તોહીદ તથા મારિફતથી પરિચિત છે તેઓની નજરે ઇલ્મનું આ સ્થાન હઝરત રબ્બુલ ઇઝ્ઝતને માટે કોઇ મોટી વાત નથી કેમકે તેની ફરમાનબરદારીના પરિણામે કલમે કુદરત (અકલે કુલ્લ) તથા લોહે મેહફૂઝ (નફ્સે કુલ્લ) પણ વસ્તુમાત્રનું જ્ઞાન અને વસ્તુમાત્ર પર પ્રભુત્વ ધરાવે છે.

તે ઉપરાંત ખુદા તઆલાની પાસે એક એવી જ જીવંત અને સત્યપૂર્ણ બોલતી કિતાબ છે કે જેમાં તેણે પોતાના દસ્તે કુદરતથી રૂહાની પ્રકાશવંત લેખન વડે દરેક વસ્તુને જ્ઞાન વર્તુળમાં ઘેરી લીધી છે. એ હકીકત આ બન્ને આયતોનો સાર છે.

**વ લદયના કિતાબુંય્યુન્તકુ બિલ હક્ક (૨૩/૬૩)**

અને અમારી પાસે એક એવી બોલતી કિતાબ છે.

જે સાચું બોલે છે. અને; વ કુલ્લ શયઇન અહસયનાહુ ફી કિતાબ" (૭૮/૨૯)

"અને અમે બધી ચીજોને કિતાબમાં સમાવી દીધી છે."

જ્યારે આ એક નક્કર હકીકત છે કે ખુદાની એ નૂરાની કિતાબમાં બધી વસ્તુઓ મૌજુદ છે અને એવી કોઇ વસ્તુ નથી. જે એ કિતાબથી બહાર હોય. તો અવશ્ય. ખુદાની પોતાની વિશિષ્ટ વસ્તુઓ કઇ કઇ છે? એ છે ખુદાના સમસ્ત ગુણો. જેમાં જીવંત. જ્ઞાન. ઇચ્છા અને કુદરત પણ આવી જાય છે.

જ્યારે એ હકીકત સ્પષ્ટ થઇ ગઇ કે ખુદાની જીવંત અને બોલતી કિતાબમાં એ બધી ખુબીઓના ખજાના સમાયેલા છે તો પછી એ પણ સ્વીકારવું પડશે કે અલ્લાહ તઆલાના પવિત્ર નૂર સિવાય બીજી કોઇ ચીજ એવી કિતાબ હોઇ શકતી નથી જે સમસ્ત સૃષ્ટિના સમર્થ સર્જનહારના સમસ્ત ગુણગૌરવથી સમૃદ્ધ હોય.

અલ્લાહ પાકના નૂરના જ્યોતિધર ફક્ત નબી અને પવિત્ર ઇમામો જ હોય છે. (એ સઘળા બુઝુર્ગવારો પર સર્વોત્તમ સલવાત તથા દરૂદો હોજો). એવણ હઝરતોને ખુદાએ ધરતી ઉપર ખિલાફતને માટે પસંદ કર્યા છે અને એવણ હઝરતોની ખિલાફત ફક્ત એજ અર્થમાં છે કે પરમ પ્રતિષ્ઠિત પાક પરવરદિગારે તેમને પોતપોતાના જમાનાના દીવા તરીકે પ્રગટ કર્યા છે કે જેથી હિદાયતનાં ને ઇલ્મનાં અજવાળાં દીન તથા દુનિયામાં ઝળહળિત થઇ ઉઠે; જેવું કે કુઆને હકીમની આયતમાં ઇર્શાદ છે કે આં હઝરત સલ્અમ પોતાના સમયમાં ખુદાવંદી નૂરના રોશન ચિરાગ હતા (૩૩/૪૬).

અમારૂં એ ઇમાન છે કે. ખુદાના ખલીફા. કલમેકુદરત તથા

લૌહે મેહફુઝના પ્રગટ સ્થાન, કિતાબે નાતિક અને અંતિમ જમાનાના પયગમ્બર (સલ્અમ)ના નૂર અને તેવણ્ હઝરતના જા-નશીન ઇમામે મુબીન અલયહિસ્સલામ છે. ઇમામે ઝમાન (અ.સ.)નું દ્રષ્ટિબિંદુ અમારી નજરે એક અનાદિ સિદ્ધ હકીકત છે. કુર્આને અઝીમનો ઇર્શાદ છે કે

**"વ કુલ્લ શયઇન અહસયનાહુ ફી ઇમામે મુબીન** (૩૬/૧૨)

અને બધી વસ્તુઓ જાહેર ઇમામમાં સમાવી દેવામાં આવી છે.

અગર કોઇ કહે કે ઇમામે મુબીનનો ભાવાર્થ તો લૌહે મેહફુઝ છે તો હું તેઓને સવાલ કરીશ કે "ઠીક ભાઇ સાહેબ! પણ જરા એ તો કહો, કે લૌહે મેહફુઝ કઇ ચીજથી બનેલ છે? યાને કે તેની રચના કેવી રીતે થઇ છે? શું એ કોઇ કિમતી ઝવેરાતમાંથી બનેલ છે? શું એ કોઇ બૌદ્ધિક વસ્તુમાંથી બનેલ છે? કે પછી રૂહાની?" તો તે જવાબમાં આ ત્રણમાંથી જરૂર એકમાંથી બનેલ હોવાનું કહેશે.

અગર કહે કે લૌહે મેહફુઝ પોતે બૌધ્ધિક અસ્તિત્વ ધરાવે છે તો તેનો એ જવાબ ખોટો હશે કેમકે "કુલ્લ શયઇન"માં જ્યારે અકલ, રૂહ, અને શરીર ત્રણેય પણ આવી જાય છે તો બૌધ્ધિક સત્વધારી લોહે મેહફુઝ એ બધી ચીજો કેવી રીતે ધારણ કરી શકે છે જ્યારે કે તેનું અસ્તિત્વ રૂહ અને જિસ્મથી બનેલું ન હોય. અગર એ પોતાના જવાબમાં કોઇ મહાન આત્માને લોહે મેહફુઝ તરીકે ઓળખાવે, તો એ સ્વરૂપે પણ તેનો જવાબ સાચો નથી હોઇ શકતો. કેમકે એવી અકલ અને જિસ્મ વગરની લોહે મેહફુઝ કોઇ રૂહાની ચીજ જ હોઇ શકે છે. પરંતુ કુલ્લ શયઇનમાં માત્ર રૂહાની વસ્તુનો જ ઉલ્લેખ નથી બલ્કે વસ્તુમાત્રનો ઉલ્લેખ છે.

અગર એ માણસ એવો જવાબ દયે, કે લોહે મેહફુઝ કોઇ

જાતના હીરા ઝવેરાતથી બનેલી હોય છે અને એવી લોહે મેહફુઝ કોઇ તાવીલને પાત્ર નથી હોઇ શકતી. તો તેનો એ જવાબ પણ ખોટો હશે કેમકે હીરા કે માણેક મોતીમાં રૂહ અથવા બુધ્ધિ નથી હોતાં અને ખુદાની નજરમાં તેનું કંઇ મુલ્ય નથી. તો એવી વસ્તુમાં બૌધ્ધિક તથા રૂહાની તત્વોનો સમાવેશ શી રીતે થઇ શકે?

તાત્પર્ય કે આ ઉપરથી એક વાત સ્પષ્ટ થઇ કે ઇમામે મુબીનનો અર્થ જાહેર ઇમામ જ છે જેમનાં બરકત સભર અને અતિ પવિત્ર વજુદમાં અકલ, રૂહ અને પરિપુર્ણ માનવ દેહનો અપૂર્વ સમન્વય હોય છે જેના પ્રતાપે ઇમામે મુબીન સમસ્ત સુક્ષ્મ તત્વોથી પણ વિભુષિત છે અને હકીકતમાં લોહે મેહફુઝ પણ એવણ સરકાર પોતે જ છે.

આ દલીલની વધુ સ્પષ્ટતા માટે જુઓ કુર્આને શરીફની સુરહ ૭૨ આયત ૨૬ : જેમાં હક સુબ્હાનહુ વ તઆલાએ ફરમાવ્યું કે

**આલિમુલ ગઇબે ફલા યુઝહરૂ અલા ગઇબેહિ અહદન ઇલ્લા મન અર્તઝા મિર્રસૂલ**

અર્થાત ગૈબ (અદ્રશ્ય બાબતો)નું ઇલ્મ માત્ર તેને જ છે અને પોતાના ગૈબ વિષે કોઇને જાણકાર નથી કરતો; પરંતુ તેને (પરિચિત કરે છે) જેને તે રસૂલોમાંથી ચુંટી કાઢે છે'

અહિં "અલા ગઇએહિ"નો અર્થ ઉંડું ચિંતન અને મનન માંગી લ્યે છે. અલા ગઇબેહિનો અર્થ છે "પોતાના સમસ્ત ગેબી રહસ્યો પરત્વે." મતલબ કે અલ્લાહ તબારકહુ વ તઆલા પોતાના સમસ્ત ગેબી રહસ્યો વિષે પોતાના કોઇ પસંદ કરાયેલા પયગમ્બરને પણ જાણ કરે છે.

ઇલ્મે ઇલાહીના વિષયમાં અહિં સુધી જે કંઇ વર્ણન કરાયું તેનો સાર એ છે કે ઇલ્મના બારામાં અલ્લાહ તઆલાનો સૌથી મોટો ગુણ એ છે કે તે પોતાના ખાસ ખાસ જ્ઞાન વિજ્ઞાનના દાનથી પોતાના માનવંત બંદાઓને કૃતાર્થ કરે છે, ત્યાં સુધી કે ઇલ્મે ગૈબ પણ દાન કરી દે છે. જેમકે કુર્આનમાં આવેલ છે કે:

અને ખુદાએ આદમને બધાંજ નામોની તાલીમ આપી (૨/૩૧)

આનો ભાવાર્થ એ થયો કે ખુદા ખુદ આદમ અ.સ.ના શિક્ષક છે અને "બધાં નામોની તાલીમ" એ કોઇ કિતાબ ગ્રંથવા જાહેરી ઇલ્મ નહિ બલ્કે ગૈબનું જ ઇલ્મ છે જેને અલ્લાહતઆલા સિવાય બીજું કોઇ નથી જાણતું, ફરિશ્તા પણ નહિ, તો અલ્લાહતઆલાએ અબુલ બશર (માનવીઓના પૂર્વજ) હઝરત આદમ અલયહિસ્સલામને એવું ગૈબનું ઇલ્મ શીખવ્યું.

ઇલ્મે ગૈબના બારામાં વધુ સમજવા માટે આ આયતે કરીમા પર ચિંતન કરવામાં આવે, જેમાં અલ્લાહ તઆલાએ ફરમાવેલ છે, "અને તેની પાસે ઇલ્મની કુંચીઓ છે જેને, તેના સિવાય બીજું કોઇ નથી જાણતું અને તેને જળથળની વસ્તુ માત્રનું જ્ઞાન છે. અને એક (નાનામાં નાનું) પાંદડું ખરે છે તેની પણ એને જાણ થઇ જાય છે અને જમીનનાં અંધારાંમાં કોઇ દાણો અને કોઇ પણ લીલી કે સુકી વસ્તુ એવી નથી જે, પ્રગટ પુસ્તક (રૌશન કિતાબ)માં લખેલી ન હોય. (૯/૫૯)

આ ખુદાવંદી ફરમાન ઉપરથી સ્પષ્ટ થયું કે ખુદાવંદ-તઆલાનું ગૈબી જ્ઞાન, કિતાબે નાતિક (બોલતી કિતાબ)માં છે. બધી વસ્તુઓની જીવંત અને બોલતી તસ્વીરો કિતાબે મુબીન

અથવા કિતાબે નાતિકમાં છે અને એ કિતાબે મુબીન, તે ઇમામતનું નૂર છે.

અત્રે યાદ રહે કે આસ્માન, જમીન, અને જાહેરી બાતુની બધી વસ્તુઓની ઉત્પતિનું મૂળ રહસ્ય જાણવું એ જ ઇલ્મે ગૈબ (ગૈબી જ્ઞાન) છે. જયારે એવું ઇલ્મ જાહેર થાય છે તો તે ઇલ્મે ગૈબ નથી રહેતું, બલ્કે ઇલ્મે જાહેરી કહેવાય છે, પરંતુ જેની હિકમત અને તાવીલ જે જાહેર કરવામાં આવી ન હોય તે હજુ પણ ઇલ્મે ગૈબ કહેવાય છે.

તેથી જ હ. જીબ્રઇલ અલયહિસ્સલામ, હુઝુરે અનવર (સલ્અમ)ને ખુદાના હુકમથી, ગૈબી જ્ઞાનની વાતો જણાવવામાં લોભ કરતા નહોતા. જેવું કે અલ્લાહ તબારક વ તઆલાએ હિકમતની પરિભાષામાં ફરમાવ્યું કે :

તે (જીબ્રઇલ) ગૈબની વાતો જણાંવવામાં લોભ નથી કરતા. (૮૧/૨૩)

કિતાબે નાતિક યાને કુર્આને નાતિકમાં ગૈબી જ્ઞાનનો ખજાનો છે જેને માટે એ જ અલ્લાહની કિતાબમાં ઇર્શાદ છે કે :

**વમા મિન ગાયેબતિન ફિસ્સમાઇ વલ અર્ઝે ઇલ્લા ફી કિતાબિમ્મુબીન** (૨૭/૭૫)

અને આકાશો તથા પૃથ્વીમાં એવી કોઇ ચીજ છુપી નથી જે જાહેર કિતાબમાં મોજુદ ન હોય. એ જાહેર કિતાબનો ભાવાર્થ નૂરે ઇમામત છે.

જાણવું જોઇએ કે કિતાબે નાતિક યાને ઇમામે મુબીનના નૂરમાં આકાશો અને પૃથ્વીની બધી જ વસ્તુઓની એવી નૂરાની તસ્વીરો મૌજુદ છે કે જે અકલ તથા રૂહના રંગો વડે ભરપુર છે જેને અલ્લાહ તબારક વ તઆલાએ સિબ્ગતુલ્લાહ (ખુદાના રંગો)ની ઉપમા આપી (જુઓ કુર્આન સુરહ ૨/૧૩૮)

ખુદાની આજ્ઞાથી એ બધી તસ્વીરો વિશ્વબ્રહ્માંડની સમસ્ત સૃષ્ટિનાં રૂપો પેશ કરી શકે છે એ હકીકતનું નામ નૂરાની તાવીલ છે અને તેથી જ હઝરત યુસુફ અલયહિસ્સલામ જે પોતાના જમાનામાં કિતાબે મુબીનના દરજ્જા પર હતા તેઓ પોતાની આંતરદ્રષ્ટિને અજવાળે ગુપ્ત અને અગોચર વસ્તુઓ તથા બાબતોની હકીકતો જાહેર કરી દેતા હતા. તેથી સાચા હાદીના ગેબી જ્ઞાન તરફ ધ્યાન દોરવા માટે કેદખાનામાં પોતાના બેઉ સાથીઓને ફરમાવ્યું "જુઓ, તમારે માટે જે ખાવાનું તમારી આવતું રહે છે તે આવ્યા પહેલાં જ તેની હકીકત હું તમને બતાવી દઉં છું તે મારા પરવરદિગારે મને શિખવેલ ગેબી વિદ્યાનો જ પ્રતાપ છે (૧૨/૩૭)

ઇલ્મે તાવીલ બે જાતનું હોય છે જેમાં એક તો નૂરાની હોય છે અને બીજું કિતાબી. પવિત્ર પ્રતિષ્ઠાવંત નબીઓ પાસે જે ઇલ્મ હોય છે તે તાવીલનું નૂરાની સ્વરૂપ હોય છે જેને ઇલ્મે લદુની પણ કહેવામાં આવે છે.

## ચાવી—૩

# દરેક જુથનો કિબ્લો

કુર્આને મજીદની ૨/૧૪૮ માં ઇર્શાદ છે કે:

**"વ કુલ્લી વ્વિજહતુંનહુવ મુવલ્લિહા**

**અર્થાત દરેક ફિરકાને માટે એક એક દિશા નક્કી થયેલી હોય છે.**

આ હિકમત સભર આયત ઉપરથી સ્પષ્ટ થાય છે કે દરેક કોમને માટે ઇબાદત વખતે મોં ફેરવવાની એક દિશા મુકર્રર હોય છે. આનો બીજો અર્થ એ પણ નીકળે છે કે દરેક કોમને માટે એક શરીઅત (માર્ગ રેખા) મુકર્રર હોય છે. જેની તરફ તેઓ લક્ષ આપે છે. ત્રીજો અર્થ એ કે દરેક વ્યક્તિને માટે એક દીની ઉસ્તાદ હોય છે જેની પાસેથી તે દીનની તાલીમ પ્રાપ્ત કરે છે. ચોથો મતલબ એ છે કે દરેક રૂહાની જિજ્ઞાસુનો એક ઉદ્દેશ હોય છે જેને પ્રાપ્ત કરવાનો તે પ્રયાસ કરે છે. પાંચમો અર્થ એ કે દરેક દીની દરજ્જાને માટે એક ઉપરનો દરજ્જો હોય છે જ્યાં તે પહોંચવા મથે છે. છઠ્ઠો અર્થ એ કે શરીઅત, તરીકત, હકીકત અને મારિફતમાંની દરેક મંઝિલને માટે એક કિબ્લો (પૂજ્ય સ્થાન) હોય છે જે તરફ સંબંધિત મંઝિલવાળાઓ મ્હોં ફેરવે છે. અર્થાત શરીઅતવાળાઓનો કિબ્લો તો ખાનએ કાબા છે. તરીકત વાળાઓનો કિબ્લો તેમના પીર મુર્શિદ હોય છે હકીકતવાળાઓના કિબ્લા પયગમ્બર અને ઇમામ હોય છે અને મારિફતવાળાઓનો કિબ્લો ખુદાનું નૂર હોય છે.

ઉપરોક્ત આયતે કરીમામાં એ ઇર્શાદ પછી ફરમાવવામાં

આવ્યું કે..."તેથી તમે નેકીઓમાં એક બીજાથી આગળ નીકળી જવાની કોશીશ કરો...તમે જયાં પણ હશો ત્યાંથી ખુદા તમો બધાને હાજર કરશે. બેશક ખુદા વસ્તુ માત્ર પર સર્વ શકિતમાન છે (૨/૧૪૮)

આ પવિત્ર આયતના ઇશારા દુનિયાના સર્વ ધર્મો તરફ જ નહિ પણ એ ધર્મોના અનુયાયીઓ તરફ પણ છે કે જે જાહેરી કિબ્લા તરફ લોકોના જુદાજુદા સમુહો ધ્યાન આપતા રહે છે એ જ પ્રમાણે દરેક વ્યકિતની આસ્થા પણ જુદીજુદી હોય છે. આવી વિવિધ આસ્થાઓને ખુદાના એકત્વ (તૌહીદ)ની માન્યતા પર કેન્દ્રિત કરવાનું રહસ્ય એ જ છે કે મુસલમાનો તથા મોમિનો નેકીનાં કાર્યો કરવામાં એકબીજાથી આગળ નીકળી જવાના પ્રયાસો કરે અને જગતમાં નેકીના નખશિખ નમુના બનીને રહે કે જેથી ઇસ્લામની દાવતનું ઇલ્મી સ્વરૂપ કાર્યશીલ થતું રહે અને તેના ફલ સ્વરૂપે જગતજનોને જરૂર એવું લાગે કે ઇસ્લામ સાચે જ ખુદાનો દીન છે અને હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુતઆલા અલયહિ વ આલેહિ વ સલ્લમ ખુદાના સાચા પયગમ્બર અને આખરી નબી છે.

સામુદાયક કિબ્લાના વિવેચન પછી હવે વ્યકિતગત કિબ્લાની વાત એટલા માટે આવે છે કે કુર્આને હકીમમાં જે હિદાયત જમાતોને માટે આવી છે તેમાં દરેક વ્યકિતને માટે પણ દોરવણી તથા દિશા સુચનો મૌજુદ છે તેથી અહી નેકીનો જે રસ્તો કોમને માટે લાભદાયક છે તે એક વ્યકિતને માટે પણ લાભદાયક થઇ શકે છે. દા.ત. એક માણસના દિલમાં ઇબાદતને માટે એકાગ્રતા નથી થઇ શકતી, તેને જાતજાતના વિચારો આવે તો તેણે કુર્આને હકીમની આ આયતોના અજવાળામાં સમજી લેવું જોઇએ કે

તેનામાં નેકીનો ઉત્સાહ ઓસરતો જઇ રહયો છે. તેથી તેણે તરત જ સાવધ થઇને પોતાનામાં નેકીનો ઉત્સાહ પાછો જાગ્રત કરવો જોઇએ. આવું તે કરી જુએ તો ખચિત જ તેના દિલમાં ઇબાદત પ્રત્યે એકાગ્રતા અને રૂહાની સુખની પ્રાપ્તિનો અનુભવ થશે.

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

ચાવી—૪

# મોતનો અનુભવ

અને આ ચર્ચાનું મથાળું "મોતનો અનુભવ" રાખેલ છે; પણ મોતનો અનુભવ કોને પ્રાપ્ત થાય છે? મોત થઇ ગયા પછી તો મરનારના બધા જ અનુભવોનો અંત આવે છે તો પછી મોતનો અનુભવ શી રીતે થઇ શકે? પરંતુ હા. એક મૃત્યુ એવું પણ હોય છે કે જે રૂહાનીયત; આસ્થા અને પ્રત્યક્ષ આત્માની અનુભુતિથી ભરપુર અને ઇલ્મ તથા હિકમતના મગજથી તરબતર હોય છે.

કુર્આને કરીમ (૩/૧૮૫)માં મૌત વિષેના "કુલ્લિયા"નો આ પ્રમાણે ઉલ્લેખ કરાયો છે કે;

**"કુલ્લો નફસિન ઝાએકતુલ મૌત**

યાને બધા જીવો મોતનો સ્વાદ ચાખવાનો છે.

હવે આ ઉપરથી જે પ્રશ્નો ઉપજે છે તે આ પ્રમાણેના હોય છે. કે ઇન્સાન ત્રણ વસ્તુઓનો સમુહ છે. શરીર, અકલ, અને જીવ (નફસ) આ ત્રણમાંથી માત્ર નફસ (જીવ અથવા મન)નો જ મોત સાથે કેમ સંબંધ દર્શાવવામાં આવ્યો? બીજું એ કે મોત જેવી ઘટનાને કોઇ સ્વાદિષ્ટ વસ્તુની ઉપમા કેમ આપવામાં આવી?

તો આમાંથી પહેલા સવાલનો જવાબ આ છે કે ઇન્સાનનું અસ્તિત્વ અકલ જીવ અને શરીરના સમુહ રૂપે તો છે પણ તેમાં અકલ મોતથી પર હોય છે કેમકે તે મરતી નથી. જેમ ફરિશ્તાઓ

કદી નથી મરતા તેમ અકલને પણ મોત નથી. તેનાથી ઉલ્ટું પશુ પ્રાણીઓ કે જે જીવ છે તે મરી જાય છે પણ પથ્થર કે જે જિસ્મ છે તે નથી મરતું આ ઉપરથી ફલિત થયું કે મોતનો સીધો સંબંધ જીવ સાથે છે પરંતુ જિસ્મનું સીધી રીતે મોત નથી નીપજતું. બલ્કે નફ્સ (જીવ)ની અપેક્ષાથી થાય છે. યાને શરીરનું જીવન, જીવને પ્રતાપે જ છે અને એ જ કારણે કુર્આને હકીમે આ "કુલ્લિયા"માં મોતને ફક્ત નફ્સ (જીવ) સાથે જ સંકલિત કરી દીધું છે,

બીજા પ્રશ્નનો ઉતર એ છે કે મૃત્યુનું દ્રષ્ટાંત કોઇ ભૌતિક વસ્તુના સ્વાદ સાથે એ કારણે આપવામાં આવ્યું કે તેમાં ખરૂં જોતાં રૂહાની પ્રકારની એક લિઝ્ઝત સમાયેલી છે. જેનો સ્વાદ વધુથી વધુ મધૂર પણ છે અને અત્યંત કટુ પણ છે આ જવાબનું બીજું પાસું એ છે કે કુર્આને હકીમે મોતનું રૂપક કોઇ સ્વાદના સ્વરૂપે એટલા માટે આપ્યું કે તે પેલી વિખ્યાત હદીસ "**મુતુ અન્ત કબ્લ મુતુ**"ના સારભાગમાં સમાયેલું છે. જેનો અર્થ થાય છે મોત આવ્યા પહેલાં મરી જાઓ. અને સાચો સાત્વિક સ્વાદ તથા આનંદ દૈહિક મૃત્યુ આવ્યા પહેલાં જ મરી જવામાં સમાયેલ છે. જેનો મકસદ મરિફત છે જેમાં અમર જીવનનું સાચું રહસ્ય છુપાયેલું છે.

આવું મરણ પહેલાંનું મૃત્યુ હાદીએ બરહક અલયહિસ્સ-લામની હિદાયત અનુસાર ઇબાદત બંદગી સંયમ તથા સદાચાર રૂપી ઉમદા આમાલને અજવાળે પ્રાપ્ત થઇ શકે છે. અર્થાત એવા માણસની આંતર દ્રષ્ટિ ઉઘડી જાય છે અને ખુદાઇ રહસ્યો તેની સમક્ષ ખુલ્લાં થાય છે.

આ પરત્વે કુર્આને કરીમમાં એકથી વધુ ઠેકાણે સ્પષ્ટ

અથવા ગર્ભિત ઇશારા મળી આવે છે અલ્લાહતાંલાની કુદરતનો ક્રમ કેવો અદ્ભુત છે કે રોજ અસંખ્ય માણસો પ્રાણી પશુઓ કે જીવજંત મરણ પામે છે અને બીજી તરફ અસંખ્ય જીવસૃષ્ટિ જન્મે છે. આમ જન્મ મરણનો ક્રમ અવિરત ચાલતો રહે છે.

માનવ જીવનનો આ ક્રમ કોઇ નદીના પ્રવાહ જેવો છે એ જાણે જીવનનો મહાનદ છે જે આકાશી (આત્મિક) જગતના પહાડો પરથી ભૌતિક જગતનાં મેદાનો અને ખીણોમાંથી પસાર થતો સતત વહેતો રહે છે. સૈયદના પીર નાસિર ખિસરવ એ પરત્વે ફરમાવી ગયા છે કે; દુનિયા અને આખિરત વચ્ચે કંઇ ઝાઝું અંતર નથી. પરંતુ (ઓ ઇન્સાન) તારી હસ્તી જ એ બે વચ્ચે દીવાલ બનીને ઊભી રહી ગઇ છે.

આનો અર્થ એ થયો કે જ્યારે કોઇ મોમિન, ઇબાદત,

બંદગી, સંયમ અને સાત્વિક આમાલને પ્રતાપે સ્વૈચ્છિક મૃત્યુનો (મૃત્યુ પહેલાં મરી જવાનો) સ્વાદ ચાખી લ્યે તો તેની હસ્તી અથવા તો અહંભાવની દીવાલ, આડેથી હટી જાય છે અને તેની દુનિયા તથા આખેરત પરસ્પરમાં એકાકાર થઇ જાય છે.

સુબ્હાનઅલ્લાહ ! પીર નાસિર ખિસરવ સાહેબના આ વાકયો

કેટલાં અર્થસભર અને તાત્વિક તથા આત્વિક શાંતિના પ્રકાશ જેવાં છે. જેની અનુભુતી કરનાર મંગલ મૃત્યુનો સર્વોત્તમ અને મધુર સ્વાદ ચાખી શકે છે, અને જે મોતથી સામાન્ય લોકો અતિશય ડરે છે ને તેને અનિષ્ટ માને છે એ જ મૃત્યુ એવા સાચા મોમિનને માટે ઇદનો દિવસ બની રહે છે, કેમકે દૈહિક મૃત્યુ તે મોમિનની પરિપૂર્ણ રૂહાની આઝાદીનો દિવસ છે.

## ચાવી–૫
# બધી ચીજોથી રૂહાની મેળાપ

કુર્આને પાકના આઠમા પારાની શરૂઆત આ શબ્દોથી થાય છે; કે

"અને અગર અગ્રે તેમના ઉપર ફરિશ્તા નાઝીલ કરતે અને મુડદાં તેઓની સાથે વાતચીત કરતે અને બધી ચીજોને તેઓની સાથે લાવી હાજર કરી દેત તો પણ તેઓ ઇમાન લાવ—વાના નહોતા. સિવાય કે અલ્લાહને મંજુર હોય. પરંતુ તેઓમાંના મોટા ભાગનાં લોકો જાહેલ (મુઢ—અજ્ઞાન) છે. (૬—૧૧૨)

આપ. હિકમતનો આ સિધ્ધાંત હમેશાં યાદ રાખશો કે કુર્આને હકીમ ઇન્સાન સમક્ષ એજ ચીજોનું રૂક આપે છે કે જે ઇન્સાન માટે શકયતાઓની હદોમાં હોય. કેમ કે કુર્આન અલ્લા—હની પવિત્રવાણી છે ને તેમાં શુધ્ધ સત્ય અને ન્યાયના ખજાના ભરેલા છે. તેથી ફરિશ્તાઓનું ઉતરાણ અને મુરદાઓ તથા બીજી વસ્તુઓની ઇન્સાન સાથે રૂહાની મુલાકાત તથા વાતચીત જો અસંભવિત હોત અને અલ્લાહ તઆલાએ કોઇ જમાનામાં મોમિનો તથા કાફિરોનું પરિક્ષણ એવી જાતના ચમત્કારો વડે કર્યું ન હોત તો ઉપરોકત આયતે કરીમા (નઉઝોબિલ્લાહ) નિરર્થક શબ્દોના સાથીયાથી વિશેષ કંઇ જ ન હોત, પરંતુ પ્રસતુત "કલ્લિયા"માં જે ઇશારા અપાયા છે તે એક નકકર હકીકત છે અને હકીકતી મોમિનોને તેની અનુભુતીનો આસ્વાદ પ્રાપ્ત થઇ શકે છે.

જે હકીકતી મોમનો, ઇલ્મુલ યકીન (આસ્થાનું જ્ઞાન)ની મદદ વડે એનુલ યકીનનો દરજજો પ્રાપ્ત કરવા માગે છે તેઓ

સમજે છે અને માને છે કે રૂહ કોઇ જાહેરી કે ભૌતિક વસ્તુ સમાન નહિ પણ એક ચમત્કારીક તત્વ છે અને આલમે અમ્ર (આજ્ઞા—જગત)ની ચમત્કૃતી છે જ્યાં "કુન" (થઇ જા)ના શબ્દ દ્વારા વસ્તુ માત્રની ઉત્પતિ થઇ શકે છે. તેથી રૂહમાં સમસ્ત જ્ઞાનમય ચમત્કારો પ્રગટ કરવાની શકિત છે અને એ શકિત વ્યકિતગત રીતે દરેક મોમિન પણ પોતાની જાતમાં વિકસાવી શકે છે. એવી ઉંચી દશાએ પહોંચેલા મોમિનો પોતાને રૂહોના એક તોફાને ચડેલા સમુદ્ર વચ્ચે જુએ છે જે સમુદ્રમાં, ફરિશ્તાઓ જીવતાં, મરેલા. જડ ચેતન સાંરાશ કે વસ્તુ માત્રના રૂહાની અસલી સ્વરૂપો મોજુદ હોય છે.

મોમિન આ મહાન આત્મસમુદ્રને અનુભુતી કેવી રીતે કરી શકે છે? તેનો જવાબ ફકત એક જ વાકયમાં આવી જાય છે કે મોમિનની રૂહ, ઇમામે ઝમાન અલયહિસ્સલામની સાચી ફરમાન— બરદારી દ્વારા એ ઉંચા દશા પર પહોંચી શકે છે.

નુરે ઇમામત, રૂહુલ કુદસ અને મોમિનની રૂહ, એ ત્રણેયનો પારસ્પરિક સંબંધ શું છે? એનો જવાબ એ છે કે ઇમામે આલી મુકામ અલયહિસ્સલામના નૂરથી રૂહુલ કુદુસ જુદો નથી અને મોમિનનો રૂહ રૂહુલ કુદુસની સહાય વગર કોઇ મહાન કામ કરી શકતો નથી. આ ત્રણેય રૂહાની હકીકતોનો પરસ્પર સંબંધ સુરજ સમુદ્ર અને નદી જેવો છે, અર્થાત, ઇમામત તે સૂર્ય છે, રૂહુલ કુદુસ તે સમુદ્ર છે અને મોમિનનો રૂહ તે નદી મિસાલ છે. નદીનું પાણી કયાંથી આવે છે? પહાડો પરથી જે બરફ અને વરસાદનું પરિણામ છે તે બરફ અને વરસાદ કયાંથી આવ્યાં? વાદળાંમાંથી વાદળાં કેવી રીતે બંધાયાં? સૂર્યના તાપથી સમુદ્રનું પાણી વરાળ બનીને ઉપર ચઢ્યું તેનાથી.

નદીનું પાણી ઓછું પણ થઇ શકે છે અને વધી પણ શકે છે. તેનામાં ઘટાડો ત્યારે થાય છે જયારે સૂર્યનો તાપ પેલા પહાડોથી દુર હોય, યા તો પાણી વગરના વાદળાં તેના પર ફરતાં રહે. એ જ રીતે મોમિનના રૂહમાં પણ વધઘટ થતી રહે છે જે ઇમામતના નૂરની નિકટતા અથવા દુર હોવાને કારણે હોય છે.

જયારે સૂરજ નજીક આવે છે ને આસ્માન સાફ હોય છે તો નદી પર સૂરજનાં કિરણો પડે છે પણ નદીને સૂરજનો મોટો ચમત્કાર તો ત્યાં નજરે પડે છે જયાં તે સમુદ્રમાં મળી જાય છે. દરિયામાં તે એકાકાર થઇ જાય છે. એ વખતે પછી સૂરજ જયારે પોતાનાં તાતાં કિરણો સમુદ્ર પર ફેંકે છે તો એ સમુદ્રનું પાણી પોતાની ખારાશનો ને પ્રવાહીપણાનો ત્યાગ કરીને વરાળ સ્વરૂપે ઉપર ચઢે છે.

તાત્પર્ય કે હકીકતી મોમિનનો રૂહ કોઇને કોઇ દરજ્જા પર ઇમામે ઝમાન અલયહિસ્સલામના નૂરાની દીદાર તો કરી શકે છે ને તેની રૂહાનિયતમાં પ્રગતિ પણ થતી રહે છે પણ પરાકાષ્ટા ત્યારે હોય છે જયારે મોમિનનો રૂહ પીરો તથા બુઝુર્ગોના ઇલ્મી મહા-નદ પર સવાર થઇને રૂહુલ કુદુસના દરીયામાં મળી જાય છે.

હાદીએ બરહક અલયહિસ્સલામનું નૂર, રૂહુલ કુદુસના સમુ-દ્રમાંથી અસંખ્ય હીદાયતી કિરણો દ્વારા પ્રકાશ ફેલાવે છે. જે કોઇ તેને ઝીલે છે તે જળકણો વરાળ બનીને ઉપર ચઢે છે અને આલમે અરવાહમાં પોતાના અસલ સ્વરૂપની અનુભુતી કરી શકે છે.

ચાવી—૬

# માનવ અને જિન્ન સ્વરૂપી શયતાનો

સુરહ અન્આમની ૧૧૩મી આયતમાં અંબિયા અલય-હિમુસ્સલામ વિષે ફરમાવેલ છે કે "અને એ રીતે અમે માનવીય તથા જિન્ન સ્વરૂપી શયતાનોને દરેક નબીના દુશ્મન બનાવ્યા. તેઓ ફરેબ આપવાના હેતુએ ચાપલુસીભરી વાતો (માનસિક રીતે) અન્યોના દિલોમાં નાખી દયે છે. (૬/૧૧૩)

આ ખુદાવંદી ઇર્શાદથી પ્રથમ તો એ વાત સ્પષ્ટ થાય છે કે શૈતાનો બે પ્રકારના હોય છે એક તો માનવ સ્વરૂપમાં હોય છે ને બીજા જિન્નાતના રૂપમાં હોય છે. હવે જે શૈતાન માનવ સ્વરૂપી હોય છે તેઓ વિષે તો સામાન્ય રીતે ખબર નથી પડતી કે ખરેખર તેઓ શયતાન છે કે નહિ! કેમ કે જાહેરમાં તો એ માણસ જેવા માણસ જ હોય છે. વળી એ પણ જરૂરી નથી કે તેઓને પોતાને પણ ખબર હોય કે પોતે ઇબ્લીસના લશ્કરમાં રંગરૂટ તરીકે ભરતી થઇ ગયા છે !!!

જે શયતાનો જિન્નાતના રૂપમાં હોય છે તેઓ અમુક ચોકકસ સ્થિતિ સિવાય હમેશા આપણી નજરની અદ્રશ્ય રહે છે કેમકે તેઓ અતિશય સુક્ષ્મ આકારમાં હોય છે.

સર્વજ્ઞ સર્વશકિતમાન ખુદાવંદ તઆલાએ ઉપરોકત કુર્આની ઇર્શાદ દ્વારા એ તાલીમ આપી કે એ શયતાનોની દરેક નબીઓ પ્રત્યે દુશ્મની રહી છે એ જ પ્રમાણે ઇમામો સાથે પણ તેઓ શત્રુવટ ધરાવે છે. ખુદાએ આ વ્યવસ્થા એટલા માટે કરી છે કે માનવજાતિનું આ રીતે પરીક્ષણ થઇ જાય કે એક તરફ તો

તેને માટે હિદાયતનાં સંપૂર્ણ સાધન સજ્જ મથકો રૂપી પયગમ્બરો તથા ઇમામો મૌજુદ હોય છે તો બીજી તરફ ગુમરાહીનાં બધાં અસ્ત્ર શસ્ત્રો રૂપી માનવીય અને જિન્નાત રૂપી શયતાનનું લશ્કર પણ લોકોને લલકારી રહ્યું હોય છે. હવે માનવીના પોતાના હાથમાં છે કે એ કઇ બાજુ ઢળે છે.

આ ઇલાહી આદેશની ત્રીજી તાલીમ એ છે કે જે યુગ, આદમ અ.સ.થી લઇને કિયામત સુધી ચાલુ છે તેમાં ભલાઇ અને બુરાઇનું આ ધર્મયુધ્ધ સતત ચાલુ રહે. સત્ય અને અસત્યની સ્પર્ધા સતત ચાલતી રહે અને સત્યના સમર્થકો, અર્થાત પયગમ્બરો, ઇમામો તથા પીરો હુજ્જતો અને દાઇઓ હમેશા પોતાની રહેમાની શકિત વડે, આત્મવિદ્યાના બળપૂર્વક શયતાની પરિબળોનો પ્રતિકાર કરતા રહે આ વિષે એક સંત પુરૂષે કહ્યું છે કે;

**અઝ દિલે હુજ્જત બ હઝરત રહ બુવદ,**
**ઉ બ તાઇદ દિલશ આગહ બુવદ.**

અર્થાત: હુજ્જત તથા પીરના હૃદયમાં હઝરતે ઇમામે ઝમાન અલયહિસ્સલામની પવિત્ર ઝાત સુધી પહોંચવાનો રૂહાની માર્ગ મૌજુદ છે અને ઇમામે ઝમાન અલયહિસ્સલામ, તેમનાં દિલોમાં સહાય તથા સમર્થન કરવા માટે સદાકાળ સત સાવધ થઇને બેઠા છે.

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

ચાવી—૭

# આસ્માની કિતાબમાં વસ્તુમાત્રનું વર્ણન

સુરહ અન્આમની ૧૫૫મી આયતમાં ઇર્શાદ છે કે "પછી અમે મુસાને એવી કિતાબ આપી જે સદાચારીઓને માટે બધી રીતે સંપુર્ણ હતી ને તેમાં વસ્તુ માત્રની સંપુર્ણ વિગતો હતી (વળી તેમાં) હિદાયત અને રેહમત પણ હતી કે જેથી તેઓ પોતાના પરવરદિગારના દીદાર પર ઇમાન લાવે.

આ ઇલાહી આજ્ઞા ઉપરથી સ્પષ્ટ થાય છે કે હઝરત મુસા અલયહિસ્સલામની આસ્માની કિતાબ (તોરેત)માં એ જમા-નાના સદાચારીઓને માટે દીની તેમજ દુન્યવી હિદાયતની જરાય ઉણપ નહિ હતી. તેનાં વુસ્તુમાત્રનું વિગતવાર વર્ણન મોજુદ હતું. વળી મોમિનો માટે રેહમત પણ હતી જે રેહમતની રોશની ઝીલવાથી તેઓ પરવરદિગારના દીદાર વિષે દ્રઢ ઇમાનદાર બની શકતા હતા.

સારાંશ કે તોરેતના આ બધા ફાયદાઓ સદાચારી લોકોને માત્ર જાહેરી અર્થનિરૂપણના સ્વરૂપેજ નહી પણ તાવીલી અર્થ નિરૂપણ દ્વારાજ મળી શકતા હતા કેમકે જો એ ખુદાઇ કિતાબ (તોરેત)માં હિકમત અને તાવીલ ન હોત તો તો એ વસ્તુ સૌ કોઇને માટે સર્વસામાન્ય બની ગઇ હોત. પણ ખુદાઇ કલામની આ હિકમત તથા તત્વાર્થ સમજવા—સમજાવવા માટે એક શિક્ષકની હાજરી જરૂરી હતી. અને એ રૂહાની શિક્ષક દ્વારાજ સદા-ચારીઓ એ પવિત્ર ખુદાઇ કિતાબના તત્વદોહનનો યથોચિત લાભ મેળવી શકતા હતા અને એ રૂહાની શિક્ષક તે હઝરત મોલાના

હારૂન અલયહિસ્સલામ હતા જે હઝરત મૂસા અલયહિસ્સલામના વઝીર વસી અને ઝમાનાના ઇમામ હતા (તેમના પર અસંખ્ય સલવાત અને સલામો હોજો)

આ વાતના સ્પષ્ટ પુરાવા માટે કુર્આને કરીમની આ આયતે કરીમા કહી રહી છે કે:

**વલકદ આતયના મુસા અલ કિતાબા વ જઅલ્ના મઅહુ અખાહુ હારૂના વઝીરા** (૨૫/૩૫)

ખચિત અમે મુસા (અલયહિસ્સલામ)ને કિતાબ (તૌરેત) આપી અને અમે તેમની સાથે તેમના ભાઇ હારૂન (અલયહિસ્સ-લ.મ)ને તેમના વઝીર બનાવ્યા.

સારાંશ કે હઝરત હારૂન અલયહિસ્સલામ હઝરત મૂસા અલયહિસ્સલામના બીજા રૂહાની હીદાયત હિકમત તથા તાવીલના મામલામાં અવશ્ય વઝીર હતા. કેમ કે ઉપરોકત આયતે કરીમાના જાહેરી અને બાતુની અર્થ નિરૂપણ અનુસાર કિતાબની સાથો સાથ વઝીરનો ઉલ્લેખ આવેલો છે અને વઝીરનો અર્થ છે ભાર ઉપા-ડનાર તદાનુસાર તૌરેતની તન્ઝીલ (અવતરણ) અને તાવીલ (તત્વાર્થ) નો ભાર હઝરત હારૂન અલયહિસ્સલામ ઉઠાવી રહયા હતા. દરેક આસ્માની કિતાબ એક જીવંત અને બોલવાવાળી રૂહના અર્થમાં હોય છે જેને બીજા શબ્દોમાં નૂર પણ કહી શકાય છે. એ નૂર અથવા રૂહનું નામ હઝરત મુસા અલયહિસ્સલામના જમાનામાં તૌરેત હતું અને તે હઝરત હારૂન અલયહિસ્સલામની ઝાતમાં ઝળહળી રહયું હતું.

જ્યારે એ માનવામાં આવ્યું કે તૌરેત માત્ર એક લખાણ

કે કિતાબના સ્વરૂપે જ નહિ પણ હઝરત હારૂન અલયહિસ્સલામની નૂરાનિયત રૂહાનિયત તથા જિસ્માનિયતમાં પણ જીવંત સ્વરૂપે બોલી રહી હતી તો ખચિત માનવું પડશે કે એજ અર્થમાં ઇર્શાદ થયો કે "પછી અમે મુસાને એવી કિતાબ ઇનાયત કરી કે જે સદાચારીઓને માટે (બધી રીતે) પરિપુર્ણ હતી અને તેમાં વસ્તુ માત્રનું વર્ણન હતું હિદાયત પણ હતી અને રહેમત પણ હતી જેને અજવાળે તેઓ પરવરદિગારના દીદાર પર ઇમાન લાવી શકતા હતા. (૬/૧૫૫)

પછી એ જ હકીકતના સમર્થનમાં ઇર્શાદ થયો કે;

"વ હાઝા કિતાબુન અંઝલનાહુ મુબારકુન ફતબેઉહુ વત્તકુ : લઅલ્લકુમ તરહમુન" (૬/૧૫૬)

"અને આ કિતાબ (કુર્આન) જે અમે નાઝિલ કરેલ છે તે બરકતવાળી (કિતાબ) છે : તો તમે તેની પૈરવી કરો અને પરહેઝગાર બનો કે જેથી તમારા પર રહેમત કરવામાં આવે."

આ "બરકતવાળી કિતાબ"માં પણ એજ હકીકતો મોજુદ છે જેનું આગળ ઉપર તૌરેતના બારામાં વર્ણન થયેલું છે યાને કુર્આને હકીમમાં પણ એ જ હિકમત, ઉપદેશ, હિદાયતની તથા શુભ કલ્યાણની વિપુલતા છે અને હાદીએ બરહક અલયહિસ્સલામના પવિત્ર નૂરમાં એ બધી બરકતો તથા હિદાયતોની જીવંત તસ્વીરો મોજુદ છે એ પાક કિતાબ એ જ અર્થમાં "તિ બયાનન કુલ્લે શયઇન" યાને વસ્તુમાત્રનું વર્ણન કરતી રહે છે (૧૬/૮૯)

## ચાવી—૮

# બધી વ્યક્તિઓનો પરિચય

ઇમામીયા મઝહબની કિતાબોમાં આં હઝરત સલ્લલ્લાહુ તઆલા અલયહિ વ આલેહિ વસલ્લમ તથા અતિ પવિત્ર ઇમામો અલયહિમુસ્સલામના મુબારક મુખવચનોના હવાલાથી કુર્આને શરીફની આ આયતનું સ્પષ્ટીકરણ મોજુદ છે કે, "વ અલલ એ'રાફે રિજાલ યઅરફૂન કુલ્લમ્બિસિમાહુમ (૭/૪૬) યાને મારિફતની ઉચ્ચતા પર એવા પુરૂષો હશે જે બધા માણસોને તેઓની પેશાનીઓ ઉપરથી ઓળખી લેશે.

એ'રાફ યાને મારિફતના ઉચ્ચ સ્થાન પર વિરજિત જે પુરૂષોનો કુર્આનની ઉપરોકત આયતમાં ઉલ્લેખ કરાયો છે એનો ભાવાર્થ છે, હઝરત અમીરૂલ મોમેનીન મૌલાના મુર્તુઝા અલી અલયહિસ્સલામ તથા તેમના પૂત્ર પરિવારમાં થનારા અતિ પવિત્ર અને પૂજય ઇમામો. (એ બધા જ પ્રકાશધર પવિત્ર પૂરૂષો પર ખુદાના સર્વોત્તમ સલામો તથા સલવાત હોજો) (દઆએમુલ ઇસ્લામ ભાગ ૧ લો અરબી. પાનું ૨૫)

જયારે કે આ એક કુર્આની સત્ય છે કે કિયામતના દિવસે દરેક જમાનાના ઇમામ પોતાના યુગના મોમિનોને તેમના ચહેરાની નુરાનિયત ઉપરથી ઓળખી લેશે. જેઓ તેમને દુનિયામાં ઓળખતા હતા, તો એ વાત પણ નિર્વિવાદ છે કે અલ્લાહ તઆલા તરફથી રહેમતના વસીલા તરીકે ઇલાહી કાનૂનની રૂએ ઇમામની હાજરી આવશ્યક છે.

આ વકતવ્યને નીચે મુજબની કુર્આની આયાત સમર્થન આપે છે;

**યવમા નદઉ કુલ્લ ઉનાસિન બિઇમામિહિમ. (૧૭/૭૧)**

તે દિવસે બધા જમાનાના લોકોને તેમના ઇમામ સાથે પુકારવામાં આવશે.

આનો ભાવાર્થ એ થયો કે કિયામતના દિવસે ઇમામે ઝમાન વગર લોકોના હકમાં ભલાઈ કે ન્યાય શફાઅત કે મુક્તિની શકયતા નથી.

દુનિયાની શરૂઆતથી લઇને, હઝરતે આદમ અલયહિસ્સલામથી તે હઝરત ખાતેમુલ અંબિયા સલ્અમ સુધી અને તેમના પછીથી લઇને કિયામત સુધી ઇમામતની દિવ્ય પરંપરા કાયમ અને દાયમ છે.

**ચોથા નદઉ લ ઉનાસિન બિઇમામિહિમ"ના ભાવાર્થ** ઉપરથી સમજાય છે કે અઇમ્મા અલયહિમુસ્સલામ હિદાયતના ધ્વજધારી અને ખુદા તથા લોકોની વચ્ચે વસીલા છે યાને ખુદાનું દરેક કામ જે તેના ફરમાન તથા આદેશો અનુસાર હોય, તે અને લોકોનાં કાર્યો જે ખુદાની પ્રસન્નતાને ખાતર હોય તે દા.ત. ઇબાદત બંદગી, નેકી, ખુદાની તાબેદારી વગેરે, ઇમામ દ્વારા જ પરિપૂર્ણતા પર પહોંચે છે.

આયતે એરાફની તફસીર તથા તાવીલનો સાર એ છે કે ઇમામની સાચી શનાખત જ બન્ને જહાનમાં સદ્ભાગ્ય તથા સદોદિત મુક્તિનું મુખ્ય સાધન છે. જેમકે કુઆનિ કરીમમાં ફરમાવવામાં આવ્યું કે,

ઇન્નલ્લઝીના કઝ્ઝબુ આયાતિના વસ્તકબર વ અન્નહા લા તફત્તહુ લહુમ અબવાબસ્સામાએ વલા યદખુલુનલ જન્નહ હત્તા યજઅલ જમલુ ફિસ્સમલ ખયાત. (૭/૪૦)

જે લોકોએ અમારી આયતો (નિશાનીઓ)નો ઇન્કાર કર્યો અને તેની સામે ઘમંડ કર્યો, તેઓ માટે ન તો આસ્માનના દરવાજા ખોલવામાં આવશે. ન તો તેઓ બહિશ્તમાં દાખલ થશે ત્યાં સુધી કે સોયના નાકામાંથી ઉંટ પસાર થઇ જાય.

અત્રે યાદ રહે કે ખુદાની આયાતોનો અર્થ ચમત્કારો પણ થઇ શકે છે અને નિશાનીઓ પણ થાય છે. અને તે પવિત્ર ઇમામો (અલયહિમુસ્સલામ) છે. ને જે લોકો તેવણ હઝરતોને નથી ઓળખતા તેઓ તેમના ઇન્કારી અને તેમની સામે ઘમંડ કરનારા ગણાય છે. અર્થાત તેઓ ઇમામ અલયહિસ્સલનાામથી પોતાને મોટા સમજે છે. કેમકે વિશ્વ બ્રહ્માંડમાં વિખેરાયેલી ખુદાની નીશાનીઓ સામે ઘમંડ કરી નથી શકાતો; પણ ઇમામ અલહિસ્સલાતો વસ્સલામને લોકો પોતાના જેવા માણસ સમજી બેસે છે તેઓજ ઘમંડ કરનારા ગણાય છે. ઇબ્લીસે જે અભિમાન કર્યું હતું એ પણ કંઇક એવાજ પ્રકારનું હતું તેણે હઝરત આદમ અલયહિસ્સલામને પોતાના જેવા બલ્કે પોતાનાથી તુચ્છ સમજી લીધા અને તે પોતાને તેમનાથી મોટો સમજી બેઠો તેથી તેના પર ખુદાનો ફિટકાર ઉતર્યો.

તદ ઉપરાંત કુર્આને હકીમમાં જ્યાં જ્યાં ઇર્શાદ થયો કે; ફરિસ્તા પોતાના પરવરદિગારની ઇબાદતમાં તકબ્બુરી નથી કરતા તો તેની તાવીલ એ છે કે મોમિનો માસ્રિતના દરજ્જામાં ફરિસ્તા જ છે. તેઓ ઇમામે ઝમાન અલયહિસ્સલામની ફરમાન બિરાદરીમાં તકબ્બુર નથી કરતા બલ્કે અતિ આધિનતાથી ઓલાને તાબે થાય છે કેમકે ઇમામે ઝમાન ખુદાના સૌથી મોટા ઇસ્મ (નામ) છે અને તેમની તાબેદારી તથા તેમની સંતાનો દિલો જાનથી સ્વીકાર કરવો એજ તાવીલની પરિભાષામાં ઇબાદત છે.

ચાવી–૯મી

# દરેક વસ્તુનું પ્રમાણ

સુરહ રઅદની બીજી રૂકુઅની શરૂઆતમાં ઇર્શાદ થયો છે કે : વ કુલ્લુ શયઇન ઇન્દહુ બિમિકદાર (૧૩/૮) અને વસ્તુમાત્રનું ખુદાની નઝદીક પ્રમાણ હોય છે.

આ આયતે કરીમાનો અર્થ એ થયો કે જો કે, સ્થળકાળની અમુક વસ્તુઓ ઇન્સાનને અમર્યાદ અને અનંત લાગે છે પરંતુ ખુદાની નજરમાં એ મર્યાદિત અને અંતિમ છે. જેમ કે કાળ તથા વિશ્વબ્રહ્માંડ, જેમાં વિજ્ઞાનિકોના મતાનુસાર અસંખ્ય ગ્રહો સિતારાઓ તથા સૂર્ય મંડળો છે તે સામાન્ય લોકોની દ્રષ્ટિએ અમાપ અને અમર્યાદ છે પરંતુ ખુદાની નજરે તેનું પણ એક માપ અને મર્યાદા હોય છે. સ્થળકાળમાં સમાવિષ્ટ બધી વસ્તુઓ ખુદાની દ્રષ્ટિએ પ્રમાણસરની અને મર્યાદિત છે.

અગર કોઇ સુજ્ઞજન, આ કિતાબનું સમજદારીપૂર્વક ઉંડા–ણથી ચિંતન મનન અને અવલોકન કરે તો તેને માલુમ પડશે કે તેની દરેક ચાવી એક બીજાની પુરવણી રૂપે છે અને એ ઉપરથી સાબિત થાય છે કે દરેક ચીજનું ખુદાની નજરમાં ચોકકસ પ્રમાણ અને મર્યાદા છે.

જેમકે પહેલી ચાવીમાં કહેવાયું કે ખુદા સર્વશકિતમાન છે વળી એનો અર્થ થયો કે બધી વસ્તુઓ પર ખુદાનું જ પરિબળ છે અને વસ્તુમાત્ર, ખુદાની કુદરતમાં મર્યાદિત છે. અને જ દ્રષ્ટાંત ખુદાના ઇલ્મનું છે જેથી કુઆ઼નની ઇર્શાદ થયો કે

## કુલ્લ શયઇનઅહસયનાહુ ફી ઇમામે મુબીન

યાને વસ્તુમાત્ર ઇમામે મુબીનની ઝાતમાં સમાવી દેવામાં આવી છે.

અગર ખુદાની દ્રષ્ટિએ દરેક વસ્તુ એક ચોકકસ માપ, મર્યાદા કે પ્રમાણ ધરાવે છે. તો જાણવું જોઇએ કે તે ઇમામે મુબીનના નૂરના તથા જ્ઞાન વર્તુળની સીમાથી બહાર નથી કેમ કે અલ્લાહ-તા'લાએ દરેક વસ્તુને ઇમામે ઝમાન અલયહિસ્સલામની પવિત્ર ઝાતમાં સીમિત કરી દીધી છે.

બીજી વાત એ પણ જાણવી જરૂરી છે કે અગર દરેક વસ્તુ પોતપોતાની જગ્યાએ મર્યાદિત અને અમુક ચોકકસ પ્રમાણ ધરાવે છે તો બીજી બાજુ બધી અમર્યાદ પણ છે! દા. ત. દિવસ ને રાત બન્ને મર્યાદિત તો છે પણ એ બન્નેના આવવા જવાથી જે વર્તુળ બને છે તે અમર્યાદ છે. એ જ રીતે તેનાથી મોટું વર્તુળ જે વર્ષચક્ર કહેવાય છે તે પણ અમર્યાદ છે તે પછી યુગો કલ્પ તથા મહાકલ્પ વગે-રેના જે વર્તુળો રચાય છે અને છેવટે પ્રલય તથા મહા પ્રલય વગે-રેમાં સૃષ્ટિનો નાશ થાય છે ને વળી પાછી અસ્તિત્વમાં આવે છે. ને વળી નષ્ટ થાય છે ને પાછી અસ્તિત્વમાં આવે છે એ દ્રષ્ટિએ જોતાં એ બધું અંતરહિત છે અને એ જ કુદરતના નિયમની નિશાની છે કે તેમાં આદિ મધ્ય અને અંત તથા અનાદિત્વ અને અનંતતાની બધી ખુબીઓ મૌજુદ છે.

કુર્આને હકીકમમાં એવી ઘણી આયતો મૌજુદ છે જેના ઊંડાણ અને તત્વાર્થ પરથી માલુમ પડે છે કે દરેક ચીજ મર્યા-

દિત અને પ્રમાણુસર હોવા છતાં અમર્યાદ અને અનહદ છે તે એ રીતે છે કે બધી વસ્તુઓનાં જોડકા છે યાને દરેક વસ્તુની એક વિરૂદ્ધ સ્વભાવની વસ્તુ હોય છે. જેમકે દિવસ અને રાત. અજવાળું ને અંધારૂં, દુનિયા ને આખિરત, દેહ અને આત્મા. આકાર અને નિરાકાર વગેરે. વળી એ જોડકાઓના ઘુમવાથી એક વર્તુળ રચાય છે. જેમકે રાત્રિ દિવસનું ગમનાગમન એ જ રીતે સૃષ્ટિનું અસ્તિત્વ એક બહુ મોટો દિવસ છે અને તેનો પ્રલય એ બહુ મોટી રાત છે એ બન્નેનું પણ એક ચક્ર છે જેને કહેવાય છે ઉત્પત્તિ અને પ્રલય. જે બધા વર્તુળોથી મોટામાં મોટું વર્તુળ છે. જેના અનંત ચકાવામાં મર્યાદિત વસ્તુઓ અમર્યાદ બની જાય છે અને અમર્યાદ વસ્તુઓ મર્યાદામાં સીમિત થઇ જાય છે.

### ચાવી—૧૦મી

# મોમિનનો મહિમા

સુરહ ઇબ્રાહીમની પાંચમી રૂકુના અંત ભાગમાં ખુદાવંદી ઇર્શાદ છે કે... અને જે કંઇ તમે ખુદા પાસે માંગ્યું એ બધું જ તમને આપવામાં આવ્યું અને અગર તમે ખુદાની ન્યામતો ગણવા બેસશો તો ગણી શકવાના નથી પણ નિશંક માનવી બહુ અન્યાયી અને કૃતઘ્ન છે (૧૪/૩૪)

આ ખુદાવંદી ફરમાન ઉપરથી સ્પષ્ટ થાય છે કે હકીકતી મોમિનો દૈહિક રીતે કે રૂહાનિયતમાં વાણી કે વર્તન દ્વારા જે કંઇ પાક પરવરદિગાર પાસે માગે છે તે એઓને ખુદાવંદ તઆલા ઇનાયત કરે છે. હવે સવાલ એ પેદા થાય છે કે એવી વસ્તુ કઇ છે જેમાં "બધું જ" આવી જાય છે? તેનો જવાબ એ છે કે એવી સર્વગ્રાહી વસ્તુ જેમાં "બધું જ" સમાઇ ગયું છે તે ઇમામે મુબીનની મારિફત, પ્રત્યક્ષ ઇમામ અલયહિસ્સલામનો પરિચય. કેમ કે ઇમામે મુબીન અલયહિસ્સલામના નૂરમાં બધું જ સમાયેલું છે.

કુઆનિ મજીદમાં છે કે જન્નતની લંબાઇ પહોળાઇ પણ આખા જગતના ક્ષેત્રફળ જેટલી છે જેનો ઇશારો વિશ્વવ્યાપી રૂહ (વિશ્વાત્મા) તરફ છે સારાંશ કે એ વિશ્વાત્મા જ હકીકતમાં રૂહાની જન્નત છે જેમાં સર્વ કંઇ સમાયેલું છે. જે ઇમામે ઝમાનની રૂહ અર્થાત દેવજ્ઞ સરકારનું નૂર છે. ઇમામની રૂહ અને તેની મારિફત બન્નેનો એકજ અર્થ છે યાને એ વિશ્વાત્માંમાં જ બધું પ્રાપ્ત થઇ જાય છે. અર્થાત જેને ઇમામ અલયહિસ્સલામ મળ્યા તેને બધું જ મળી ગયું.

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

કુર્આને કરીમનો આ ઇર્શાદ ઉપરોક્ત અર્થથી ભિન્ન નથી. કે; વસખ્ખર લકુમ માફિસ્સમાવાતે વમાફિલ અર્ઝે જમીઅન મિન્હુ (૪૫/૧૩) અને જે કંઇ આસ્માનો અને જમીનમાં છે તે બધું તમારે માટે વિશિષ્ઠ કરી દીધું.

આ સિધ્ધાંત હમેશા યાદ રાખવો જોઇએ કે કોઇ મોટી વસ્તુ પ્રાપ્ત થઇ જવાથી તેની સાથે સંકળાયેલી બીજી બધી જ નાની નાની વસ્તુઓ આપો આપ મળી જાય છે દા. ત. અગર કોઇ માણસને કોઇ આખો બાગ આપી દેવામાં આવે તો તેને એ બાગમાં રહેલાં બધાં સુંદર સુગંધી ફુલછોડ ને ઝાડપાન ને ફળફુલ બધું જ મળી જાય છે.

એજ રીતે અગર કોઇ સદ્ભાગી મનુષ્યને એ મોટો ખજાનો મળી જાય જેમાં અલ્લાહતઆલાના બધાજ ખજાનાઓની ચાવીઓ મોજુદ છે તો પછી નિંશક એવા સદ્ભાગી મનુષ્યને ખુદાવંદ કરીમ જલ્લશાનહુ તઆલાના બધાજ ખજાના મળી ગયા કહેવાય છે તો ખુદાવંદ કરીમ જલ્લશાનહુ તઆલાના બધાજ ખજાનાની ચાવીરૂપ ખજાનો, તે ઇમામે મુબીન અલયહિસ્સલામની મારિફત છે જેની પ્રાપ્તિ સમસ્ત સદ્ભાગ્યના ખજાનાની પ્રાપ્તિ સમાન છે.

હદીસ શરીફમાં આવેલ છે કે

"મન કાના લિલ્લાહિ, કાનલ્લાહો લહુ"

યાને જે માણસ ખુદાનો થઇ રહે છે તો ખુદા પણ તેનો થઇ રહે છે. મતલબ કે જે માણસ ખુદાના બધા જ આદેશોને આધિન થાય છે ને તન,મન, ધનથી ખુદાનો જ બની રહે છે તો ખુદા પણ એ માનવીનો અણમુલ ને ઘણમુલો ભંડાર બની રહે છે.

બેશક ખુદાવંદ તઆલા છુપો ખજાનો છે અને હદીસે કુદસી અનુસાર એ ખજાનો મારિફતના માર્ગથી મળી જાય છે. પરંતુ બધાં જાણે છે કે પયગમ્બરની મારિફત વગર ખુદાની મઅરિફત શકય નથી અને ઇમામ અલયહિસ્સલામની મારિફત વગર પયગમ્બર સલ્લમ-મની મારિફત શકય નથી. આ ઉપરથી પણ એ જ વસ્તુ સાબિત થઇ, કે ઇમામે મુબીન અલયહિસ્સલામમાં જ બધું સમાયેલું છે.

કુર્આને મજીદનો ઇર્શાદ છે કે

"ઇન્નાલિલ્લાહિ વ ઇન્ના ઇલયહિ રાજેઉન"

યાને "અમે ખુદાના છીએ અને તેની તરફ જ પાછા ફરવાના છીએ." આવું કહેનારા કોણ છે? સબ્ર કરનારા જ એવું કહેતા રહે છે. તેઓને સંપૂર્ણ વિશ્વાસ છે કે એઓ ખુદાની હુઝૂરમાંથી યાને તેના નૂરમાંથી દુનિયામાં આવ્યા છે અને તેથી તેઓ એવી આશા રાખે છે કે અહિંથી વળી પાછા તેઓ ખુદાની વેહદતમાં (એવી રીતે) સમાઇ જશે (જેવી રીતે કોઇ સરીતા સાગરમાં સમાઇ જાય છે.)

એ સ્થિતિમાં તેઓને રૂહાની રાજયના સ્વરૂપમાં બધું જ આપવામાં આવ્યું હશે.

પરંતુ અહિં એક સવાલ એ પણ થાય છે કે અતીઉલ્લાહ વ અતીઉર્રસૂલ, વ ઉલિલ અમ્રિ મિન્કુમ"ના ખુદાના ફરમાન પર અમલ કર્યા વગર શું કોઇ માણસ સાબિર (સબ્ર કરનાર)ને દરજ્જે પહોંચી શકે છે? અગર તેનો જવાબ નકારમાં છે તો પછી અમારો એ દાવો સત્ય સાબિત થશે કે ઇસ્લામ અને ઇમાનની બધી જ ખુબીઓ ઇમામે મુબીનમાં જ મળી શકે છે.

અંબિયા (નબીઓ) અને અઇમ્મા (ઇમામો) અલયહિમુસ્સ-લામ દુનિયામાં એટલા માટે પધાર્યા કે તેઓ જગતજનોને સાચી, સન્માર્ગની સિરાતમ્મુસ્તકીમની હિદાયત કરે કે જેથી તેઓ સિરાતિમ્મુસ્તકીમ પર દ્રઢતાથી આગળ વધીને ખુદાવંદ કરીમ સુધી પહોંચી જાય. એ હઝરતો માત્ર વાણીથી જ નહિ પણ અમલી હિદાયત પણ કરે છે અને એ હિદાયત પર અમલ કરવાથી જે કંઇ ઇનામ મળવાનું છે એ પણ સ્પષ્ટ બતાવી આપે છે. એ ઇનામ શું છે ? એ પયગમ્બર અલયહિસ્સલામ તથા ઇમામે ઝમાન અલયહિસ્સલામ છે જેના પવિત્ર નૂરમાં સર્વ કંઇ મૌજુદ છે. અને તેથી જ અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે

વ યુદખિલોહુમુલ જન્નત અર્રફહા લહુમ (૪૭/૬)

અને તેઓને એ બહેશ્તમાં દાખલ કરીશું જેનાથી તેઓને (પહેલે)થી પરિચિત કરવામાં આવ્યા છે.

## ચાવી–૧૧મી

## –: અખુટ ભંડાર :–

કુર્આને હકીમમાં અલ્લાહ તબારક વ તઆલાનો ઇર્શાદ છે કે : અને અમારી પાસે બધી ચીજોને ખજાના છે. અને અમે તેને ચોક્કસ પ્રમાણસર નાઝિલ કરતા રહીએ છીએ (૧૫/૨૧)

આ પવિત્ર ઇર્શાદ ઉપરથી માલુમ પડે છે કે અલબતાં સ્થાનિક દ્રષ્ટિએ નહિ બલ્કે પ્રતિષ્ઠા અને જ્ઞાન તથા મારિફતની દ્રષ્ટિએ ખુદાતઆલાની કોઇ એવી નિકટતા છે જયાં દરેક વસ્તુના અખુટ ભંડાર મૌજુદ છે અને તે ખજાના ઇમામે મુબીન અલયહિસ્સલામના પવિત્ર નુરમાં છે અને આ હકીકતને આપણે સુરજ ઉપરથી સમજી શકીએ છીએ કે સુર્ય આ વિશાળ વિશ્વ બ્રહ્માંડના બધાજ સિતારાઓ તથા ગ્રહોને માટે અખુટ તેજ તથા શકિતનો ભંડાર છે પણ એ તેજ અને શકિત ભૌતિક પ્રકારનાં છે જેનાથી માત્ર સિતારા તથા ગ્રહોનેજ નહિ પણ પૃથ્વી પરનાં ઝાડ પહાડ નદી દરિયા, ઇન્સાન હેવાન સારાંશ કે બધીજ જડ ચેતન સ્થાવર જંગમ સૃષ્ટિને સુર્યને પ્રતાપે પોષણ ગરમી તેજ તથા જીવન પ્રાપ્ત થાય છે. એજ રીતે રૂહાનીયતના વિશ્વની ઉત્પતિ, સ્થિતિ તથા પાલણ પોષણનો અખુટ શકિત ભંડાર, અફાટ તેજરાશિ તે હઝરત મૌલાના સાહેબુ ઝઝ્ઝમાના અર્થાત ઇમામે મુબીન અલયહિસ્સલામનાં પવિત્ર નૂરમાં મૌજુદ છે.

સૂરજની આ ઉતમોત્તમ મિસાલ પછી એ પણ અમારી ઇલ્મી ફરજ થઇ પડે છે કે અમે એ વાત સાબિત કરી દઇએ કે સુરજની આ અખુટ શકિત સંપતિ અને તેજરાશિનું મુળ કયાં છે? યાને કે તે આ બધું બળ, તેજ અને શકિત રૂપી સંપતિ કયાંથી મેળવે છે?

તો ઉપરોકત ઇર્શાદો ઉપરથી જાહેર થાય છે કે દરેક ચીજના ખજાના ખુદા પાસે છે જેનો અર્થ એ જણાવવામાં આવ્યો કે એ ખજાના ઇમામે મુબીન અલયહિસ્સલામમાં મૌજુદ છે. પાક પરવરદિગારના એ ખજાનામાં કોઇ ચીજની કમી નથી. તો એ સ્પષ્ટ થયું કે જાહેરી સૂર્યની એ તમામ શકિત, સંપતિ રોશની અને ગરમીનું મૂળ પણ ઇમામે મુબીન અલયહિસ્સલામના નૂરાની ખજાનામાં જ છે.

આ વાતના વધુ સમર્થનમાં બીજી એક દલીલ પણ કુર્આને કરીમ આપે છે કે જેમાં અલ્લાહ તઆલાએ આં હઝરત સલ્અમને સમસ્ત વિશ્વબ્રહ્માંડોને માટે પરિપૂર્ણ નૂર અને સંપુર્ણ રેહમત તરીકે બિરાદાવ્યા છે. વળી સરવરે આલમ સલ્લલ્લાહુ તઆલા અલયહિ વ આલેહિ વ સલ્અમ જો સમસ્ત સૃષ્ટિઓને માટે નૂર અને રેહમત હતા તો એમાં સૂરજ પણ આવી જાય છે કેમકે સૂરજ કાંઇ સૃષ્ટિથી બહાર નથી.

આનો અર્થ એ થયો કે હુઝૂરે અકરમ સલ્અમની પવિત્ર ઝાતથી સૂર્યને પણ રોશની, શકિત અને ગરમી તથા ચેતના પ્રાપ્ત થતી હતી તો આં હઝરત સલ્અમ પછી એ (સૂર્ય) શકિત પ્રકાશ અને અખૂટ પ્રાણ શકિત કયાંથી મેળવતો રહે છે? તેનો જવાબ બીજા કોઇ પાસે નહિ પણ શીઆ ઇમામી ઇસ્માઇલી મોમિનો પાસે છે અને તે એ છે કે આં હઝરત સલ્અમ પછી તેમનાં બધાં જ ગુણ વૈવિધ્ય પ્રકાશ, શકિત અને પ્રાણ ચૈતન્ય આં હઝરત સલ્અમના ઉત્તરાધિકારી હઝરત અમીરૂલ મોમેનીન મૌલાના મુર્તુઝા અલી અલયહિસ્સલામ તથા તેમની પ્રકાશિત પૂત્ર પરંપરામાં થતા રહેલા ઇમામોની પવિત્ર ઝાતમાં મૌજુદ છે અને તેમના જ એ અખુટ પ્રાણ પ્રકાશ અને શક્તિ ભંડારમાંથી સૂર્યને પણ તેનો ભાગ બરાબર મળતો રહે છે.

અલ્લાહ તઆલાની એ અટલ અને અફર પ્રણાલિકા છે કે દરેક જમાનામાં તેના નૂર અને તેની રેહમતના એક મઝહર અવશ્ય હાજર નાઝર રહે છે. આ ઉપરથી એ વાત નિર્વિવાદ સાબિત થઇ ગઇ કે સૂરજના ભૌતિક પ્રકાશ તથા પ્રાણ શક્તિનું પણ મૂળ ઇમામે મુબીન અલયહિસ્સલામની પવિત્ર પ્રતિભાવંત જાત જ છે.

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

ચાવી—૧૨

# મધ માખીનું દ્રષ્ટાંત

સુરતુન્નહલની નવમા રૂકુઅમાં અલ્લાહતઆલાનો ઇર્શાદ છે કેઃ

**સુમ્મા કુલ્લી મિન કુલ્લિસ્સમરાતે ફસુલિકી સુબુલ રબ્બોકા ઝુલુલા (૧૬/૬૯)**

અર્થાત (હે મધમાખી) તું દરેક જાતના ફળ ફુલો (માંથી) રસપાન કર અને તારા પરવરદિગારે આંકી દીધેલા માર્ગો પર ચાલી જા.

પરવરદિગારનું આ સંબોધન જાહેરી રીતે તો મધમાખીને છે પરંતુ બાતિની અને તાવીલી દ્રષ્ટિએ તેનો સંબંધ હુજ્જત અને પીર સાથે છે જે મધમાખી સમાન છે. જેવી રીતે મધમાખી વિવિધ ફળ ફુલોમાંથી રસપાન કરી પોતાના પેટમાં મધ બનાવે છે એવી રીતે ઇમામે ઝમાન અલયહિસ્સલામના જ્ઞાન પ્રતિનિધિ પીર અને હુજ્જત રૂહાની જ્ઞાનનાં વિવિધ ફળફુલોમાંથી રસપાન કરીને પોતાના અંતઃકરણમાં ઇલ્મે તાવીલનું મધ બનાવે છે. તેને માટે ઇલ્મ અને હિકમતના રસ્તા એવા સાફ સરળ અને સીધા હોય છે. જે દ્વારા તે રસદાર આરોગ્યપ્રદ અને મધુર ફુલો તરફ અવરજવર કરતી રહે છે.

મધ માખી જે વિવિધ ફળફુલોમાંથી રસ ચુસીને મધ બનાવતી રહે છે તેનો જો કે વિવિધ સ્વાદ હોય છે, પણ એ મધ માખીના પેટમાં મિશ્ર થઇને એકજ મધના સ્વાદનાં બની જાય છે તેમાં બીજો કોઇ (ખાટો, તુરો, મોળો કે તીખો) સ્વાદ બાકી નથી

રહેતો એજ રીતે હુજ્જત, જેને હાઝર હૈયાત ઇમામ અલયહિસ્સ-લામની બાતુની રૂહાની સહાય હર વખત મળતી હોય છે તે કુર્આનની જુદી જુદી આયતો રૂપી તન્ઝીલની એવી સુયોગ્ય ને સરળ તાવીલ કરે છે કે તે બુધ્ધિગમ્ય અને રૂહાની રસમાધુર્યથી ભરપુર હોય છે ને તેમાં બીજો કાંઇ વિતંડાવાદ હોતો નથી.

ઉપરોક્ત આયતમાં જેમ મધમાખીને ફરમાવવામાં આવ્યું કે "વિવિધ ફળ ફુલોમાંથી રસ ચૂસીને તું પોતાનાં રબના રસ્તા પરથી ચાલી જા" તે વાક્યની તાવીલ અવશ્ય જરૂરી છે, કેમકે દુનિયામાં જ્યાં જ્યાં મધપુડા હોય છે તેની આસપાસ બધી જગ્યાએ કાંઇ ફળ ફુલના બાગ કે ઝાડ પાન નથી હોતા. એ ઉપરથી સ્પષ્ટ થાય છે આ આયાતની તાવીલ જે કરવામાં આવી તે સુયોગ્ય છે. વળી તે ઉપરાંત આ આયતે કરીમાની બીજી પણ અનેક દષ્ટિકોણથી તાવીલ થઇ શકે છે.

અલ્લાહ તબારકહુ વ તઆલાનો ઇર્શાદ છે કે:

"શું અમે તેઓને શાંતિ અને સુખસભર હરમ (પવિત્ર મકાન)માં આશરો ન આપ્યો! ? જ્યાં દરેક જાતના ફળો ખેંચાઇ આવે છે જે અમારી પાસેથી ખાવા માટે મળે છે પણ તેઓ-માંથી મોટા ભાગના એ વાત નથી જાણતા. (૨૮/૫૭)

ઉપરોક્ત આયતે કરીમામાં આવેલ શબ્દ "હરમ"ની તાવીલ ઇમામે ઝમાન અલયહિસ્સલામ છે કેમ કે ઇમામ અલય-હિસ્સલામ ખુદાના પવિત્ર ઘરનું નુર છે. તેમ ખુદાવંદી તોહીદનું રહસ્યસ્થાન છે જયાં દરેક જાતનાં રૂહાની ફળો ખેંચાઇ આવે છે અને એ રિઝક દુન્યવી નહીં પણ ખુદાવંદી હુઝુરમાંથી આવેલ છે.

સારાંશ કે હુજ્જતની પદવી પર વિરાજિત મહાપુરૂષને કહેવામાં આવેલ છે કે તમે ઇમામે વક્ત (અ.સ)ની રૂહાનિયતમાં દાખલ થઇ જાઓ અને તન્ઝીલનાં ઉપવનોમાંથી ફળો અને ફૂલોના નમુનાઓમાંથી તાવીલનું મધુ બનાવો અને પોતાના પરવરદિગારના તત્વબોધથી સભર બની રહો.

સૂરહ નહલમાં મધમાખીના બારામાં જે કંઇ ઇર્શાદ થયો છે તેની આખી તાવીલ આ પ્રમાણે છે કેઃ અને તમારા પરવરદિગારે મધમાખી તરફ વહી કરી યાને કે તમારા પરવરદિગારે હુજ્જતને સંબોધીને ફરમાવ્યું કે જેમ મધમાખી પહાડોમાં ઘર બનાવે છે તેમ તમે પણ બીજા મોટા હુજ્જત રૂપી ઇલ્મના પહાડ સાથે રૂહાની સંબંધ સ્થાપિત કરો અને જેમ મધમાખી ઝાડ પર મધપુડા બનાવે છે તેમ, મોટા હુજ્જત દ્વારા ઇમામે ઝમાન રૂપી સદાબહાર વૃક્ષ યાને શજરે તૈયબા, જે સદા સર્વદા ફલિત અને પુષ્પિત રહે છે તેમાં પોતાનું ઘર બનાવી લ્યો. આ રીતે ઇમામે ઝમાનની મારિફતની રોશનીમાં તત્વબોધની ઉચ્ચતાને આંબી લેવા પ્રયત્નશીલ રહો. વળી રૂહાની અને ઇલ્મી રસભરિત ફળો ખાઇ પછી પોતાના રબના સાફ અને સીધા રસ્તા પર ચાલ્યા જાવ જ્યાં તમારી આડે કોઇ રૂકાવટ ઉભી ન થાય. મધમાખીના પેટમાંથી જેમ મધ નીકળે છે જે વિવિધ રોગો માટે ઔષધિ તરીકે કામ આવે છે તેમ હુજ્જતના મનોમંથન રૂપી અંતસ્તલમાંથી જે અદ્ભુત આયાતે કરીમાની તાવીલ બહાર પડે છે તે અનેક પ્રકારના રૂહાની રોગોના

ઉપચાર તરીકે કામ આવે છે જેના પ્રતાપે અનેક લોકો અજ્ઞાન તથા વિતંડાવાદના રોગોમાંથી છુટકારો અને રાહત મેળવે છે. "ખરેખર એ (મધ માખીના જીવન ક્રમ)માં વિચારવંત લોકો માટે ચમત્કૃતિઓ સમાયેલી છે" તદનુસાર કુળજતના પ્રગુતિક્રમમાં પણ બુદ્ધિમાન લોકો માટે ઇમામે બરહક અસ્સયહિસ્સલામના રૂહાની તથા ઇલ્મી મોઅજિઝાઓ સમાયેલા છે.

## ચાવી–૧૩મી

# અનેક રૂપકો

સુરહ ક્હફની આઠમી રૂકુઅમાં ઇર્શાદે ખુદાવંદી છે કે :

**વ લકદ સર્રફના ફી હાઝલ કુઆર્નિ મિન કુલ્લિ મસલિન (૧૮/૫૪)**

અને અમે આ કુર્આનમાં લોકોને માટે બધાં જ રૂપકો વર્ણવેલાં છે.

ઉપરોકત આયતે કરીમાનો સ્પષ્ટ ભાવાર્થ એ છે કે પાક પરવરદિગારે એક જ હકીકતનું અનેક રૂપકો દ્વારા વર્ણન તથા સ્પષ્ટીકરણ કર્યું છે. વળી આ વાકયનો બીજો અર્થ એ પણ થાય કે એ બધાં જ રૂપકો એક જ સર્વોચ્ચ રૂપકને સ્પષ્ટ અને પ્રસિદ્ધ કરનારાં પ્રકાશકિરણો છે અને એ બધી જ હકીકતો એકજ હકીકતને સ્પષ્ટ કરી રહી છે.

એ સર્વોચ્ચ રૂપકના બારામાં અલ્લાહ તબારકહુ તઆલાનો ઇર્શાદ છે કે :

**વલહુલ મસલુલ આ'લા ફીસ્સમાવાતિ વલ અર્ઝ વ હુવલ અઝીઝુલ હકીમ (૩૦/૨૭)**

અને આકાશો અને પૃથ્વીમાં સર્વોચ્ચ રૂપક તેનું જ છે અને તે (અલ્લાહ) સર્વોપરિ અને જ્ઞાનવંત છે.

આ બરકત સભર આયત દ્વારા એ વસ્તુ સાફ જણાઇ

આવે છે કે : અલ્લાહ તઆલાની જો કે આમ તો કોઇ ઉપમા નથી—એ બધી રીતે અનુપમ છે તો પણ તેણે બધાં જ રૂપકો અથવા ઉપમાઓમાંથી એક રૂપકને પોતાની પવિત્ર ઝાંતને માટે પસંદ કરેલ છે. આ વિષે કુર્આને પાકમાં અન્યત્ર ઇર્શાદ છે કે :

**લયસા કમસલોહુ શયઅં વ હુવસ્સમીઉલ અલીમ (૪૨/૧૧)**

અને તેના જેવી બીજી કોઇ વસ્તુ નથી. અને તે સાંભળનાર અને જાણકાર છે. આ આયતનો તાવીલી ઇશારો એ છે કે હક તઆલાના રૂપક જેવું બીજું કોઇ રૂપક નથી અને તેનો અર્થ એ થયો કે તેનું રૂપક બધાથી સર્વોચ્ચ અને ઉત્કૃષ્ટ છે.

અત્રે યાદ રહે, કે મસલુલ આલા (ઉત્કૃષ્ટ રૂપક)નું વર્ણન સુરહ નૂરમાં પણ કરવામાં આવ્યું છે : જેમકે

**અલ્લાહુ નૂરુસ્સમાવાતિ વલ્અર્ઝં મસલો નૂરેહિ કમિશ્કાતિં ફિહા મિસ્બાહ (૨૪/૩૫)**

યાને અલ્લાહ આકાશો અને પૃથ્વીનું નૂર છે : તેના નૂરનું રૂપક એક ગોખલા જેવું છે જેમાં દીવો ઝળહળી રહ્યો છે.

તો એ રૂપક જે સમસ્ત ચરાચર સૃષ્ટિ પર સર્વોપરિ છે તે આ જ છે. તેની સંપૂર્ણ અર્થ સંપત્તિ અને તાવીલી ખુબીઓ કોઇ માનવી વાણી દ્વારા વ્યકત નથી કરી શકતો કે નથી અક્ષરબદ્ધ કરી શકતો. તેની બુનિયાદી ખુબી એ હકીકતમાં છે કે ખુદા, રસૂલ અને ઉલિલ અમ્ર મિન્કુમનું નૂર એક જ છે અને એ નૂર જ સર્વ શુભોપમા તથા સમસ્ત રૂપકોનું સર્વોપરિ રૂપક

ISW Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

છે. જ્યારે કે હઝરતે બારી તઆલા પોતે ફરમાવે છે કે;

"સુબ્હાના રબ્બિકા રબ્બુલ ઇઝઝતે અમ્મા યસેફુન (૩૭/૧૮૦)

તમારો પરવરદિગાર, લોકોના બધાંજ વર્ણનોથી પર છે (અવર્ણનીય છે)

આનો અર્થ સાવ સરળ અને સ્પષ્ટ છે કે અલ્લાહ તઆલાની ઝાત સંપુર્ણ પણે નિર્ગુણ અને નિરાલંબ છે, કેમકે તે પ્રતિષ્ઠાનો પરવરદિગાર છે યાને કે તે રૂહાની તથા શારીરિક પદવી તથા પ્રતિષ્ઠાને પરવાન ચઢાવનારો છે એટલે સુધી કે તે સમસ્ત પ્રતિષ્ઠાઓની પરાકાષ્ઠાથી પણ પર છે.

ઉપરોક્ત આલોચનાને અજવાળે એ હકીકત સ્પષ્ટ થઇ કે ઇમામે મુબીન અલયહિસ્સલામનું નુર કોઇ મર્યાદિત નૂર નથી. પણ પણ પરિપુર્ણ પ્રકાશની પણ પરાકાષ્ટા છે, એજ મસલુલ આ'લાની હકીકત અને એજ બધાં સત્યોનું સત્ય બધાંજ સત્વોનું સત્વ અને બધાંજ તત્વોનું તત્વ છે. એ પવિત્ર ઇમામ અલયહિસ્સલામનું દિવ્ય નૂર એજ અર્થમાં ખુદાનું નુર કહેવાય છે જેનામાં એ બધીજ સિફાતો અને દિવ્ય ગુણ સંપતિ મૌજુદ છે જે ખુદાવંદે આલમીનની ઝાતને જ લાગુ કરી શકાય છે.

જ્યારે એ વાત સ્પષ્ટ થઇ ગઇ કે પરિપૂર્ણ પ્રકાશ (નૂરે મુત્લક) એક જ છે જેના જ્યોતિર્ધર હઝરત સાહેબુઝઝમાન ઇમામે મુબીન અલયહિસ્સલામ છે તો પછી અમે બેધડક કહી દઇશું કે એ એક જ હકીકતને અને ઉપમાઓ તથા અનેક રૂપકોની ભાષામાં અલ્લાહ તબારકહુ વ તઆલાએ આવી રીતે

વર્ણવેલ છે. જેમ કે અલ્લાહ તઆલાએ આયતે બયઅતમાં આં હઝરત સલ્અમના હાથને પોતાનો હાથ ગણાવ્યો છે એટલું જ નહિ. પણ સાથેસાથ હુઝુરે અકરમ (સલ્અમ)ના હાથ ઉપર જે કાર્ય પરિપૂર્ણ થયું તેને પણ અલ્લાહે પોતાનું જ કાર્ય ઠરાવ્યું છે, જેમકે ઇર્શાદ છે કે:

યદુલ્લાહિ ફૌકા અયદીહિમ (૪૮/૧૦)

અર્થાત તેઓના હાથ પર ખુદાનો હાથ છે. યાને કે પયગમ્બર સલ્અમનો હાથ જેના હેઠળ મુસલમાનોએ બયઅત કરી તે પણ ખુદાનો હાથ છે અને એ રીતે રસૂલુલ્લાહે (સલ્અમે) જે બયઅત લેવાનું કાર્ય કર્યું એ પણ અલ્લાહનું જ કાર્ય હતું.

તો આયતે બયઅતના એ મુબારક અને શુભ શબ્દો દ્વારા એ પણ માલુમ પડયું કે અલ્લાહ તઆલા ઇન્સાને કામિલ (પરિપૂર્ણ પુરૂષ—પયગમ્બર અલા ઇમામે આલી મુકામ અલયહિસ્સલાતો વસ્સલામ)ના વાણી વર્તન દ્વારા પોતાનાં જ વાણી વર્તનને વ્યક્ત કરતો રહે છે.

વળી પેલી મશહુર, બદ્રના યુધ્ધદિનવાળી આયત, કે

વમા રમયતા ઇઝ રમયતા, વલાકિનલ્લાહ રમા (૮/૧૭)

યાને (બદ્રના દિવસે મુશરિકોનાં દળ કટક સામે, હે મોહમ્મદ!) તમે કાંકરીઓ ફેંકી, તે તમે નહિ પણ હકીકતમાં અલ્લાહે જ ફેંકી હતી.

આ હિમ્મતા અને દીની દુન્યવી બરકતોથી સભર અતિ પવિત્ર આયતે કરીમા ઉપરથી પણ ફરી એ જ હકીકત જાહેર

થાય છે કે અલ્લાહ પરિપૂર્ણ પુરૂષનાં વાણી વર્તન દ્વારા પોતાનાં જ આકાર તથા વાણી વર્તનની અભિવ્યકિત કરતાં રહે છે.

હવે એ પછી આ હકીકત પર ઝીણવટથી ચિંતનમનન કરો. કે પયગમ્બર (સલ્અમ)નું રૂપક અલ્લાહ તઆલાના સર્વોત્કૃષ્ટ રૂપક સાથે એક થઇ શકે છે કે નહિ? જેમકે અલ્લાહ તઆલાનું ઉત્કૃષ્ટ અને સર્વોચ્ચ રૂપક છે.

કમિશ્કાતિન ફીહા મિસ્બાહ

યાને ગોખલામાં પ્રકાશી રહેલો દીવો; તો અલ્લાહ તઆલાનો ઇર્શાદ આ પણ છે કે:

વ દાઇયન ઇલલ્લાહે બિ ઇઝ્નેહિ વ સિરાજમ્મુનીરા (૩૩/૪૬)

યાને (હે પયગમ્બર) "તમે અલ્લાહ તઆલા તરફ તેના હુકમથી નિમંત્રણ આપનારા છો અને ઝળહળિત દીવા છો." વળી અલ્લાહ તઆલાએ કુર્આનમાં એમ પણ ફરમાવ્યું કે આં હઝરત સલ્અમ રહેમતુલિલ આલમીન યાને સમસ્ત સૃષ્ટિઓને માટે રહેમત છે. (૨૧/૧૦૭)

અગર આપણે ખુદાવંદ તઆલાના આ પ્રકાશિત દીવાના અજવાળાંની વિસ્તૃતિની કલ્પના સમસ્ત સૃષ્ટિઓની રેહમતના સંદર્ભમાં કરીએ તો બધાં જ આકાશો અને પૃથ્વીમાં એ જ ખુદાવંદી દીપકના અજવાળા સિવાય બીજું કોઇ અજવાળું જોવામાં નહિ આવે. સુબ્હાન અલ્લાહ!

હવે આ ઇમાન અફરોઝ વિવેચનમાં જરા ઔર આગળ

વધીએ. અલ્લાહ તબારકહુ વ તઆલાનો કલામે રબ્બાનીમાં ઇર્શાદ છે કે : હે ઇમાનવાળાઓ ખુદાથી ડરો, અને તેના પયગમ્બર પર ઇમાન લાવો, તો એ તમને પોતાની રહેમતથી બમણું ઇનાયત ફરમાવશે અને તમારે માટે એક નૂરની નિયુક્તિ ફરમાવશે. જેના અજવાળે તમે ચાલી શકશો અને એ તમને માફ કરી દેશે (૫૭/૨૮)

અહિં અલ્લાહ તઆલાએ, ખુદાથી ડરવા અને પયગમ્બર (સલ્અમ) પર યથાયોગ્ય રીતે ઇમાન લાવવાની આજ્ઞા કરી છે અને એ આજ્ઞાનું પૂર્ણપણે પરિપાલન કરનારાઓને તેના ઇનામની પણ વધામણી આપી અને એ ઇનામ પણ કેવું ? નૂર ! જેની નિયુકતી ખાસ એવા ઇમાનદાર અને સદ્દભાગી સજ્જનોના લાભાર્થે છે, જેઓ એ નૂરને અજવાળે પોતાનાં જીવતર અને આકેબતને ધન્ય બનાવી શકશે. એ નૂર તે હઝરતે સાહેબુઝ્ઝમાના અમીરૂલ મોમીન મૌલાના મુર્તુઝા અલી અલયહિસ્સલાતો વસ્સલામ અને તેમની પવિત્ર પ્રકાશપૂર્ણ પુત્ર પરંપરા છે જે ઇમામે મુબીન અને નૂરે મુબીન છે.

હકીકતી મોમિનોને માટે ખુદા અને રસૂલ સલ્અમે નૂરની નિયુક્ત કરી તેની તાવીલ એ છે કે તે મોમિનોની મૌલા પ્રત્યેની એકનિષ્ઠ ભક્તિ, મહોબત તથા ફરમાનબરદારીના પ્રસાદે-તેમના અંતરના ગોખલામાં ઇમામતની જ્યોત જલ્વાગર થશે. અને પછી તો "નૂરનઅલા નૂર"ના સિધ્ધાંતાનુસાર તેની અમલી અને ઇરફાની રોશની અર્થાત પૂર્ણ પ્રકાશિત પરિચયનાં અજવાળાં દિનપ્રતિદિન વધતાં ને વિસ્તરતાં જશે...ત્યાં સુધી કે છેવટે એની તેજ લહરિઓ સમસ્ત સૃષ્ટિ, અને સમષ્ટિ, સારાંશ કે જડચેતન ચરાચરમાં વ્યાપી જશે. અને એ જ અર્થમાં ઇર્શાદ થયો કે,

"વ કુલ્લ શયઇન અહસયનાહુ ફી ઇમામિમ્મુબીન"

(૩૬:૧૨)

વસ્તુ માત્ર ઇમામે મુબીન વડે વ્યાપ્ત અને લિપ્ત થઇ ગઇ છે.

સારાંશ કે અલ્લાહ તઆલાનો એ ઉદ્દેશ છે કે તેના નેક બંદાઓ બધી જ બાબતમાં બધા જ પ્રસંગે ઇમામે મુબીન તરફ રજુ થાય કેમકે ઇમામ અ.સ. જ સદા સદોદિત પુર્ણ પ્રકાશિત દિવ્ય દીપક છે જેનું નૂર સર્વ વ્યાપક અને ત્રિકાલાબધિત છે.

---

... સૈયદના હઝરત પીર શમ્સ (રહ) સાહેબે આ અલૌકિક દશાનું વર્ણન બ્રહમ પ્રકાશમાં આવી ખુબસૂરત બાનીમાં કરેલું છે કે

નિજ આપા સો વ્યાપક ધરિયા
પિંઢ બ્રહ્માંડ ચરાચર ભરિયા

(અનુવાદક)

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

## ચાવી ૧૪મી

# ઝુલ્કર્નૈન

ઝુલ્કર્નૈન કોણ હતા? શું એ કોઇ જમાનાના નાંમાતા બાદશાહનું નામ હતું? કે તે કોઇ પયગમ્બર અથવા ઇમામ હતા? આ બધા પ્રશ્નોના ઉત્તર શોધવા માટે ચાલો કુર્આનને જ પુછી જોઇએ કે તે શું કહે છે?

કુર્આને કરીમમાં બારી સુબ્હાનહુ વ તઆલાનો ઇર્શાદ છે કેઃ—

**વયસઅલુનકા અન્ઝુલકર્નૈનઃ કુલ સાઅતલુ અલયકુમ મિન્હુ ઝિકરાઃ ઇન્ના મકન્નાલહુ ફિલ્અર્ઝ વ આતયનાહુ મિન કુલ્લિ શયઇન સબબન ફત્તબેઅ સહબા**
(૧૮/૮૨—૮૫)

અર્થાત (હે રસૂલ) લોકો આપને ઝુલ્કર્નૈનના બારામાં પૂછે છે તો આપ કહી દયો, કે હું તમને તેમના વિષે થોડુંક જણાવું છું. બેશક અમે તેને જમીનમાં સત્તા આપી હતી અને અમે તેને દરેક વસ્તુમાં માર્ગો આપ્યાં હતાં તેમાંથી એક પર તેમણે અતિક્રમણ કર્યું.

અલ્લાહ તઆલાને આ પવિત્ર ઇર્શાદ સુજ્ઞ વિદ્વાન જનોને માટે તેની અર્થ સંપતિની ખોજ કરવાનું વિચાર નિમંત્રણ આપે છે કે અલ્લાહતબારક વ તઆલાએ હઝરત ઝુલ્કર્નૈનને આસ્માન તથા જમીનની સમસ્ત જાહેરી ને બાતિની વસ્તુઓનાં સાધનો અર્પણ કર્યાં હતાં તો આ ફરમાને ઇલાહી પણ પેલા મુબારક ઇર્શાદ જેવું જ છે જેમાં અલ્લાહ તઆલાએ બધી વસ્તુઓનો સમાવેશ ઇમામે મુબીનમાં કરી દીધો છે યાને

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

## વકુલ્લ શયઇન અહ્સયનાહુ ફી ઇમામિમ્મુબીન.

જેવી રીતે આ એ કિતાબમાં કુર્આને પાકની એવી તમામ આયાતે કરીમા પર ચર્ચા કરવામાં આવી છે જેમાં મુખ્યત્વે "કુલ્લ શબ્દ આવતો હોય આ શબ્દ પરત્વે એમ પણ વિવિધ દ્રષ્ટિકોણ તથા દાખલા દલીલો દ્વારા સાબિત કરવામાં આવ્યું છે કે એ "કુલ્લ"માં જાહેરી તથા બાતિની બધીજ વસ્તુઓનો અર્થ સમાયેલો છે. તદાનુસર હઝરત ઝુલ્કર્નૈનની શાનમાં આવેલી આયતમાં પણ "કુલ્લ શયઇન" નો શબ્દ પ્રયોગ કરવામાં આવેલો છે જેનો ભાવાર્થ બધીજ ઉત્તમ જાહેરી તેમજ બાતીની વસ્તુઓને લાગુ પડે છે.

લગભગ એના જેવી જ પણ સહેજ જુદા 'અર્થની આયત કલામે રબ્બાનીમાં આ પ્રમાણે છે:

**"અમ લહુમ મુલ્કસ્સમાવાતે વલ્અર્ઝ વમા બયનીહા ફ્લીમ તકુની અલ અસબાબ ૧૮/૧૦**

અર્થ : શું તેઓને આકાશો અને જમીન તથા જે કંઇ તે એની વચ્ચે છે તેની બાદશાહી મળેલી છે? (અગર એવું હોય) તો તેઓએ સીડીઓવાટે આકાશો પર ચઢી જવું જોઇએ.

જાણવું જોઇએ કે આ રૂપક, જાહેરી તથા બાતિનમાં અશક્યતા તથા શક્યતા—એમ બેઉ અર્થમાં છે અને તેની શક્યતા એ છે કે ખુદાવંદ તઆલા. જે ગૃહસ્થોને માટે ઇચ્છે તેમને આસ્માનો અને જમીનની રૂહાની સલ્તનત અતા કરે છે અને જે સાધનો દ્વારા એવી સલ્તનત મળી શકે છે એ સાધન જાણે આસ્માનો અને પૃથ્વી આવી રૂપ છે. જેવું કે ખુદાવંદ કરીમે

અતિ પવિત્ર કુર્આને કરીમમાં ફરમાવ્યું કે :

**લહુ મકાલીદસ્સમાવાતે વલ્અર્ઝ વલ્લઝીના કફેરૂ આયાતિલ્લાહિ ઓલાએકા હુમુલ ખાસેરૂન (૩૯/૬૩)**

અર્થ : અને તેના જ અધિકારમાં છે આસ્માનો અને જમીનની ચાવીઓ અને જે લોકો અલ્લાહની આયાતો (નિશાનીઓ અથવા વાકયો)ના ઇન્કારી છે તેઓ બહુ ખોટમાં રહેનાર છે.

તાત્પર્ય કે, કોઇ મકાનને દરવાજો, તાળું અથવા ચાવી એટલા માટે હોય છે કે મકાનધણી પોતે ખોલી શકે અથવા તો પોતાની મરજી પડે તે વ્યકિતને તેમાં દાખલ કરી શકે અને મરજી પડે તેને માટે પ્રવેશબંધી ફરમાવી દયે.

જેમકે કલામે રબ્બાનીમાં અન્યત્ર ફરમાવેલ છે કે "અને આ રીતે અમે ઇબ્રાહીમને આસ્માનો તથા જમીનની બાદશાહી દેખાડતા હતા. કે જેથી તે વિશ્વાસુઓમાંનો થઇ રહે. (૬/૭૫)

આ ઉપરથી જણાય છે કે અલ્લાહ તઆલાએ હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામને આસ્માનો અને જમીનની રૂહાની બાદશાહી જોવાની ચાવીઓ ઇનાયત ફરમાવી બીજા શબ્દોમાં કહીએ, તો તમામ ચીજોનાં સાધનો ઇનાયત કર્યા હતા. તો હઝરત ઝુલ્કર્નૈનને માટે પણ આવા શબ્દો અલ્લાહની કિતાબમાં આવેલા સ્પષ્ટ હોવાથી થાય છે કે હઝરત ઝુલ્કર્નૈન પણ એ જમાનાના ઇમામ હતા.

કુર્આને હકીમમાં હઝરત ઝુલ્કર્નૈનનો જે ટુંક અહેવાલ છે તે ખરેખર તાવીલને પાત્ર છે. દા. ત. તેવણ (હઝરત ઝુલ્કર્નૈન) સૂરજ ડુબવાની જગ્યાએ પહોંચી ગયા. જયાં સૂરજ

એક કીચડવાળા ઝરણામાં ડૂબતો હતો. એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે એ કોઇ ભૌતિક સૂરજ નહિ બલ્કે રૂહાની અને દીની સૂરજ હતો જેને બીજા શબ્દોમાં નૂરે તોહીદ કહી શકાય. કીચડના ઝરણાનો ભાવાર્થ દેહભાવને લાગુ પડે છે, જે હકીકતમાં રૂહાની અસ્તાચળ (મગરિબ) છે. જેમકે કુર્આનમાં ઇર્શાદ છે કે :

**વલકદ ખલકનલ ઇન્સાન મિન સલસાલે હુમા ઇ મ્મસ્નુન (૧૫/૨૬)**

અર્થ : અને અમે ઇન્સાનને ખખડતી અને સડેલા ગારામાંથી બનેલી માટીમાંથી પેદા કર્યો.

આ તો છે રૂહાની અસ્તાચળ, જ્યારે કે ઉદયાચળ (પૂર્વ) તે અકલેકુલ્લ અને નફસેકુલ્લ છે; જયાંથી તોહીદનો સૂર્યોદય થાય છે જે નાતિક અને અસાસ રૂપી દેહના આકાર તથા દ્રશ્ય રૂપી દિશામાં સમાઇ જાય છે.

"અલ ઇમામત ફિલ ઇસ્લામ" નામની કિતાબના પાના નં. ૧૪૮ ઉપરથી માલુમ પડે છે કે હઝરત ઝુલ્કર્નૈન અલયહિસ્સલાતો વસ્સલામ હઝરત નૂહ અલયહિસ્સલામની પ્રકાશ પરંપરામાં થઇ ગયેલા મુસ્તકર ઇમામોમાંથી હતા તેવણ હઝરતની પૂર્વજ પરંપરા આ પ્રમાણે છે : ઝુલ્કર્નૈન, બિન આબિર, બિન શાલિખ, બિન કીનાન બિન અર્ફકશાદ, બિન સામ બિન નૂહ અલયહિસ્સલામ.

ઉપરોકત હકીકતો ઉપરથી જાહેર થાય છે કે હઝરત ઝુલ્કર્નૈન અલયહિસ્સલામ પોતાના જમાનાના ઇમામ હતા અને તેમના પૂરવથી પશ્ચિમ સુધીના પ્રવાસનો આખો કિસ્સો રૂહાની અને તાવીલી છે.

વળી હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ તઆલા અલયહિ વ આલેહિ વ સલ્અમનો એક મુબારક ઇર્શાદ આ માન્યતાને સમર્થન આપે છે. જેમાં આં હુઝૂર સલ્અમે હઝરત અમીરૂલ મોમેનીન મૌલાના મુરતુઝા અલી અલયહિસ્સલામને ફરમાવ્યું કે; "યા અલી ! ઇન્ના લકા બયતં ફિલ જન્નતે વ ઇન્નકા લઝુલ્કર્નૈનહા." અર્થાત : યા અલી ! આપને માટે જન્નતમાં એક મકાન વિશિષ્ઠ છે અને આપ આ ઉમ્મતના ઝુલ્કર્નૈન છો"

સુબ્હાનઅલ્લાહ ! આ પવિત્ર ઇર્શાદે નબવીની અર્થસંપતિ કેવી સુંદર અને રૂહાની રમણીયતાથી સભર છે કે તેમાં ઇમામ શનાસીનાં બધાં જ રહસ્યો સમાયેલાં છે. તે ઉપરાંત બીજી પણ અનેક હદીસો આ જ વિષયમાં છે દા. ત. હુઝુરે ફરમાવ્યું કે; હે લોકો ! હું તમને ઝમાનાના ઝુલ્કર્નૈનની ઓળખાણ આપું ? તો સાંભળો (હઝરતે) અલી અલયહિસ્સલામ ઝમાનાના ઝુલ્કર્નૈન છે અને ઝુલ્કર્નૈન પણ અલી (અ.સ.) જેવા જ હતા.

સારાંશ કે હઝરત મૌલાના મુરતુઝા અલી (અલે.) ઉમ્મતે મુસ્લેમાના ઝુલ્કર્નૈન છે એ વાત નિરવિવાદ છે તો ઉમ્મતે મુહમ્મદી જ્યાં સુધી દુનિયામાં મૌજુદ છે ત્યાં સુધી ઉમ્મતના અને ઝમાનાના ઝુલ્કર્નૈન અર્થાત ઇમામે ઝમાન અલયહિસ્સલામનું વજૂદ જગતમાં હોવું જ જોઇએ અને તે છે જ.

### ચાવી–૧૫મી

## યાજુજ માજુજ

યાજૂજ માજૂજને વિષે જાહેરી મનની કિતાબોમાં અનેક પ્રકારની રિવાયતો મળી આવે છે જેમાં મોટા ભાગની પરસ્પર વિરોધી હોવાને કારણે હકીકત પર જે પડદો પડી રહયો છે તેને હટાવવો કોઇ સહેલું કામ નથી, પરંતુ ઇમામે ઝમાન અલયહિસ્સલામ જે સર્વ શુભોપમાને યોગ્ય અને સર્વજ્ઞ છે તેવણ સરકારની ગેબી મદદ પર ભરોસો રાખીને, યાજુજ માજુજ પરત્વે ચર્ચા કરવાની હામ ભીડી છે.

કુર્આને હકીમમાં યાજુજ માજુજનું વર્ણન બે સ્થળોએ આવેલ છે. એક તો સુરહ કહફમાં હઝરતે ઝુલ્કર્નૈન (અલયહિસ્સલામ)ના વૃતાંતમાં (૧૮/૯૨–૯૯)માં અને બીજી વખત સુરહ અંબિયાની આયત ૯૫–૯૭માં આવેલ છે.

ઇમામે ઝમાનની હેસિયતથી હઝરત ઝૂલકર્નૈન અલયહિસ્સલામને માટે રૂહાની જગતના બધા જ દરવાજા ખુલ્લા હતા તેથી તેમણે સમસ્ત ચરાચર સૃષ્ટિના જીવોનું રૂહાની નિરીક્ષણ કર્યું હતું. આ જીવો ત્રણ પ્રકારના હતા. એક તો હતા જડ જગતના જીવો: જેને યાજૂજ માજુજ કહેવામાં આવતા હતા. બીજા હતા દીની જગતના જીવ અને ત્રીજા હતા અલ્લાહવાળાઓના જીવ. તો હિકમતની રૂએ પહેલાં તો દીની જગતના જીવોનું અવલોકન કરવું જોઇએ. તો હઝરતે ઝુલ્કર્નૈન અલયહિસ્સલામે એમ જ કર્યું ને તેમણે એવા લોકોને (જીવાત્માઓને) હિદાયતી નૂરની આથમણી દિશાએ દીઠા. તેઓમાં ભલાઇ અને બુરાઇ બન્નેની કાર્યશક્તિ હતી. તે પછી હઝરતે ઝુલ્કર્નૈન અલયહિસ્સલામ

રૂહાનિયતની ઉગમણી દિશાએ પહોંચી ગયા, ત્યાં તેમણે એવી રૂહાનીઓ જોઇ જેમના માથા પર બધો વખત નૂરે હિદાયતનો સૂર્ય પ્રકાશતો રહેતો હતો. તે એહલુલ્લાહ (અલ્લાવાળાઓ)ના જીવાત્માઓ હતા. તેઓમાં નેકી સિવાય બીજું કંઇ નહિ હતું. છેવટે હઝરત ઝુલ્કર્નૈન અલહિસ્સલામ રૂહાનિયતના એવા સ્થાન પર પહોંચ્યા જ્યાં ખુદાના ખલીફા, પયગમ્બર (અ.સ.) અથવા ઇમામ અલયહિસ્સલામ જ પહોંચી શકે છે, કે જેથી તેવણ હઝરત દુનિયાવાળાઓના જીવાત્માઓના કાવતરાં તથા ફિત્ના ફિસાદથી મોમિનોને સુરક્ષિત રાખે; જેમાં મોમિનો પર અત્યંત ઉત્કટતાથી ફરનાનબરદારીની ફરજ વાજિબ હોય છે.

તો, દુનિયાવાળાઓના જીવાત્મા યાને કે યાજુજ માજૂજનાં ધીંગાણુમાંથી મોમિનો સદાને માટે સુરક્ષિત રાખવા માટે હઝરત ઝુલ્કર્નૈન અલહિસ્સલામે યાને કે જમાના ઇમામ અલયહિસ્સલામે મજબુત દીવાલ (રૂહાનિયતની રક્ષણ હરોળ) ઉભી કરી દીધી છે. જેને તેઓ (યાજૂજ માજૂજ યાને કે દુનિયાપ્રિય જડવાદી જીવાત્માઓ) ઓળંગી નથી શકતા તેમ તેમાં છિદ્ર પણ પાડી નથી શકતા. હઝરત ઝુલ્કર્નૈન (અ.સ.) ફરમાવ્યું કે "આ મારા પરવરદિગારની રહેમત અને મહેરબાની છે, પછી જ્યારે મારા પરવરદિગારના વાયદા મુજબ કિયામત આવશે ત્યારે તેઓ (યાજૂજ માજૂજ)ના રાઇ રાઇ જેવડા ટુકડા કરી નાખવામાં આવશે અને મારા પરવરદિગારનો વાયદો સાચો છે"

એ પછી કુર્આને હકીમનો આ સ્પષ્ટ ઇર્શાદ છે કે કિયામતના સમયે રૂહાનિયતના સમયે યાને કે રૂહાનિયતના યુગના ઉષઃકાળે યાજૂજ માજૂજ (જડવાદી જીવો)ને અમુક સમયને માટે છુટા કરવામાં આવશે જેમાં તેઓમાંના કેટલાક ભૌતિક

રીતે તો કેટલાક જીવો રૂહાની તરીકાઓથી ફિત્ના ફિસાદ ફેલાવશે પછી અમુક મુદ્દતે સૂર ફુંકવામાં આવશે જેથી સમસ્ત સૃષ્ટિના જીવાત્માઓ એક જ પ્રજાકિય સંગઠનમાં વિલીન થઇ જશે.

કુર્આને મજીદમાં બીજી જગ્યાએ યાજૂજ માજુજનો ઉલ્લેખ આ શબ્દોમાં આવેલો છે કે;

"અને અમે જે વસતિનો નાશ કરી ચૂક્યા છીએ તેઓને પાછા ફરવાની મનાઇ છે" (યાને કે જે લોકો ખુદાના કહેરનો ભોગ બનીને રૂહાની રીતે નષ્ટ થઇ ચૂક્યા છે તેઓના રૂહો રબની રહેમત તરફ પાછા ફરી શકતા નથી.) ત્યાં સુધી કે જયારે યાજુજ માજુજને છુટા મૂકી દેવામાં આવશે અને તેઓ દરેક ઉંચાઇ ફલાંગતા દોટ મુકશે" (૬૧/૯૫–૯૭)

અત્રે યાદ રહે કે દરેક ઉંચાઇનો ભાવાર્થ હકીકતી મોમિનોની રૂહાની પ્રગતિ છે જે જડવાદી જીવોથી ઘણી ઉચ્ચ છે.

હઝરતે ઇસરાફીલ અલયહિસ્સલામ હકીક્તી મોમિનોની રૂહાનિયતમાંથી સૂર ફુંકશે તે સાંભળીને યાજુજ માજુજ તેમજ બીજા જીવાત્માઓ તેના અવાજની દિશાએ દોટ મુકશે.

એ વિશે વધુ ખુલાસો અલ્લાહની કિતાબમાં આ પ્રમાણે છે કે;

"વ નફ્ખ ફિસ્સુરે ફઇઝા હુમ્ મિનલ અજદાસે ઇલા રબ્બેહિમ યન્સલુન" (૩૬/૫૧)

પછી જ્યારે સૂર ફુંકવામાં આવશે તો તેઓ આપોઆપ કબરોમાંથી પોતાના પરવરદિગાર તરફ દોડવા માંડશે"

આનો તાવીલી ભાવાર્થ એ છે કે બધા જીવાત્માઓ, જે દેહભાવની પંચમહાભૂત રૂપી કબરોમાં દફન છે, તેમાંથી તેઓ ખુદાના હુકમથી હકીકતી મોમિનોના એકત્વ રૂપી નૂરાની ઇસરાફીલ તરફ દોટ મુકશે અને તેમાં સમાઇ જશે.

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

## ચાવી–૧૬મી

# સર્જન અને હિદાયત

પવિત્ર કુર્આને કરીમમાં ફરમાવવામાં આવ્યું છે કે:

**કાલ : રબ્બુનલ્લઝી આતા કુલ્લ શયઅઇન ખલ્કહુ સુમ્મ હુદા (૨૦/૨૫)**

યાને કે (મૂસાએ કહ્યું કે) મારો પરવરદિગાર એ છે, જેણે વસ્તુમાત્રનું સર્જન કર્યું ને પછી હિદાયત કરી.

આ પવિત્ર વાકયની અગણિત હિકમતોમાંથી જે વસ્તુ સૌથી વધુ અર્થગંભીર છે તે એ છે કે "દરેક વસ્તુ આલમે અમ્ર (આજ્ઞામય વિશ્વ)માં રૂહાની દ્રષ્ટિએ અજરામર છે. બીજા શબ્દોમાં કહીએ તો દરેક વસ્તુ અથવા બધી વસ્તુઓ એક જ તત્વથી બનેલી છે. દુનિયાની વસ્તુઓ આખેરતની વસ્તુઓના પડછાયા રૂપ જ છે. આ બધી વસ્તુઓ જડ જગતમાં પણ દ્રશ્ય–પદાર્થના સ્વરૂપે હોય છે. તેમના આ જાહેરી સ્વરૂપ તથા આકાર–વિકારમાં ફેરફારો થતા રહે છે તેમનો ઉત્પતિક્રમ અને નાશ ચાલતો જ રહે છે પરંતુ આજ્ઞાર્થ જગતમાં તેમનું અસલ સ્વરૂપ જેમનું તેમ જળવાયેલું રહે છે.

આમ દરેક વસ્તુ આ ફાની દુનિયામાં તેમ આત્માના અમર રૂહાની વિશ્વમાં વિદ્યમાન છે તેઓને હિદાયત પણ આપવાની વ્યવસ્થા અતિ કૃપાવંત પાક પરવરદિગાર તરફથી કરવામાં આવી અને એ હિદાયતનું મૂળ મર્કઝ અથવા મૂળઝરણ તે અલ્લાહનું નૂર છે.

પેલી વિખ્યાત આયતે કરીમા : અલ્લાહુ નુરૂસ્સમાવાતે વલ્અર્ઝનો ભાવાર્થ એ જ છે કે અલ્લાહ પોતે સમસ્ત નભોમંડળ તથા પૃથ્વીનું નૂર છે તેમ એ સમસ્ત સૃષ્ટિ તેના નૂરથી ઝળાંઝળાં થઇ રહી છે એ નૂર હકીકતમાં હિદાયતનું જ નૂર છે ને તમામ જડચેતનમાં વિલસી રહેલા પ્રાણતત્વોને તેમના દરજ્જા અનુસાર હિદાયતનું સીંચન મળતું રહે છે.

તેમાં સૌથી પહેલી હિદાયતથી નભોમંડળના ગ્રુહો તથા સિતારાઓ કૃતાર્થ થયા જે હિદાયતના પ્રતાપે જ એ બધા આકાશી ગોળાઓ પોતપોતાની વર્તુળ મર્યાદામાં ફરતા વિચરતા રહે છે.

બીજી હિદાયત થઇ પંચ તત્વોને. જે ગરમી. શરદી તથા જળથળના સ્વભાવમાં વ્યાપી રહી છે. ત્રીજા દરજ્જામાં હિદાયત મળે છે પ્રાણીઓને જેમાં વનસ્પતિ તથા પશુ પક્ષીઓ શામેલ છે. જે દરેક સૃષ્ટિ પોતપોતાના ઉત્પત્તિક્રમના કાનૂનો અનુસાર અલ્લાહની ફરમાનબરદારીના વર્તુળમાં વર્તતી રહે છે.

જ્યારે કે માનવીને મનબુદ્ધિ આપવામાં આવ્યાં છે તો તેને તેના મનબુધ્ધિગ્રહણ કરી શકે એ પધ્ધતિથી હિકમત અને સમજદારીભરી હિદાયત આપવામાં આવે છે. માનવીમાં પશુ સ્વભાવ પણ છે અને ફરિસ્તાઇ પ્રકૃતિ પણ છે તેથી ખુદાવંદી નૂર દ્વારા મનુષ્યને વધુ સારા પ્રમાણમાં અને સતત હિદાયતની જરૂરત રહે છે ને તેના સ્વભાવમાં તથા સમયમાં આવતા રહેતા અવસ્થાને અનુરૂપ તેને રૂહાની પ્રગતિ માર્ગે શી રીતે આગળ વધવું તે સમજવા માટે તેને નૂરે હિદાયતના સતત સંપર્કમાં રહેવું જરૂરી બની રહે છે.

ISW Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

જ્યારે હકીકત આમ છે, તો ખુદાવંદી નુર તરફથી મનુશ્ય જાતિને માટે જે હિદાયત આવી છે તો તેના પણ તબકકાઓ હોય છે તેમાં સર્વોચ્ચ તબકકો કયો છે ? તે જાણવા માટે જયારે આપણે કુર્આન તરફ વળીએ છીએ તો માલુમ પડે છે કે સૌથી ઉંચી હિદાયત ઇર્ફાની (યાને પ્રકાશના પરિચયની) હિદાયત છે જે ઇમામે મુબીન અલયહિસ્સલામના નૂરે હિદાયતની આત્યંતિક નિકટતા દ્વારાજ નસીબ થઇ શકે છે.

ચાવી—૧૭મી

# બધુંજ નાશવંત

સુરહ કસસમાં અલ્લાહ તઆલાનો ઇર્શાદ છે કે

"કુલ્લુ શયઇન હાલેકુન ઇલ્લા વજહોહુ લહુલ હુકમો વ ઇલયહિ તુર્જેઉન ૨૮/૮૮)

યાને તે (અલ્લાહ)ની ઝાત સિવાય બીજી બધી ચીજો નાશવંત છે અને તેનો જ હુકમ (સર્વોપરિ) છે અને તેની તરફ જ તમારે પાછા ફરવાનું છે.

વજહુલ્લાહનો અર્થ છે અલ્લાહનો ચહેરો અને તેનો તાવીલી ઇશારો ઇમામે ઝમાન અલયહિસ્સલામ તરફ છે. જેમકે હઝરત અમીરૂલ મોમેનીન મૌલાના મુર્તુઝા અલી અલયહિસ્સલામનું મુખ વચન છે કે

"અના વલ્લાહ વજહુલ્લાહ"

યાને ખુદાના સોગન અમે જ અલ્લાહના ચહેરા છીએ. વળી જનાબ રસૂલે ખુદા સલ્લલ્લાહુ તઆલા અલયહિ વ આલેહિ વસલ્લમે ફરમાવ્યું છે કે :

મન રાની ફકદ રાઇઅલ હક

યાને જેણે અમને જોયા તેણે ખુદાને જોયો.

હક તઆલાએ નબુવ્વત તથા ઇમામતના નૂરને પોતાના જ

આત્મા તરીકે ઓળખાવેલ છે. જે વિશે કુર્આને કરીમમાં ઇર્શાદ છે કે ખુદાએ પોતાનો રૂહ હઝરત આદમ અલયહિસ્સલામમાં ફૂંક્યો...તદઉપરાંત હઝરતે મરિયમ અલયહાસ્લામના કુર્આની કિસ્સામાં પણ ફરમાવેલ છે કે અલ્લાહ તઆલાએ રૂહુલ કુદુસ (પવિત્ર આત્મા) દ્વારા હઝરત ઇસા અલયહિસ્સલામને પૈદા કર્યા. તો પછી ખુદા તઆલા ઇમામે ઝમાના અલયહિસ્સલામને પોતાનો ચહેરો ઠરાવે એમાં શી નવાઇ છે? એ જ અર્થમાં ઇમામ અલયહિસ્સલામના દીદાર, તે સાક્ષત અલ્લાહના દીદાર છે અને ઇમામ અલયહિસ્સલામની મારિફત તે સાક્ષાત અલ્લાહની જ મારિફત છે. જેવું કે હઝરત અમીરૂલ મોમેનીન જનાબે મૌલાના મુર્તઝા અલી અલયહિસ્સલામનું ફરમાન છે કે;

**અના વજહુલ્લાહ, અના જમ્બુલ્લાહ, અના યદુલ્લાહ અના અયનુલ્લાહ, અના કુર્આનુન્નાતિક, અના બુરહાનુલ સાદિક, વ અનલ્લવહુલ મેહફુઝ, વ અનલ કલમુલ આ'લા, અના અલિફ લામ મીમ, ઝાલિકલ કિતાબ, અના કાફ, હા, યા, ઐન, સ્વાદ, અના તા-હા, અના હાએલ હવામીમ, વ અના તાએઅલ ત્વાસીન, અનલ મમ્દુહ ફી હલઅતા, વ અનલ નુકતુતહુતિલ બાઅ;**

યાને અમે જ ખુદાના ચહેરા છીએ. અમારી તરફ ધ્યાન લગાડવું તે ખુદા તરફ ધ્યાનસ્થ થવા બરોબર છે અમે જ અલ્લાહનું પડખું છીએ. (અમારી પાસે પહોંચનાર જાણે ખુદાના પડખામાં બેઠેલો છે) અમે જ અલ્લાહના હાથ છીએ. અમે જ અલ્લાહની આંખ છીએ. અમે જ બોલતા કુર્આન છીએ. અમે જ સાચી સાબિતી છીએ. અને અમે જ લોહે મેહફુઝ અને અમે જ સર્વોચ્ચ કલમ છીએ. અમે જ અલિફ લામ મીમ અને તે કિતાબ

છીએ (જેમાં રતીભાર પણ શંકા નથી) અમે જ કાફ. હા. યા. ઐન, સ્વાદ તથા તા–હા (જેવા કુર્આની CODELETTERS) છીએ (જે અક્ષરો કુર્આને શરીફની અમુક સુરાહો પર શિરોમણિ તરીકે બિરાજે છે) અમેજ હા–મીમના પ્રારંભિક અક્ષર "હા" છીએ અને અમેજ ત્વાસીન (ના કુર્આની (CODE LETTERS)ની ભુશિર છીએ "હલ અતા"ના શબ્દોથી શરૂ થતી આયાતે કરીમામાં અમેજ વખણાયેલા છીએ અને અમેજ બિસ્મિલ્લાહના "એના" નુકતા છીએ" (કવકબ દુર્રી)

(આ મુબારક વાકયો અતિ દિવ્ય, સન્માનને પાત્ર અને ઇમાન વર્ધક છે: તેથી સલવાત પઢવી જોઇએ) અનુવાદક

આં હઝરત સલ્અમના મુબારક હાથને ખુદાએ પોતાનો હાથ હોવાનું ફરમાવ્યું: એજ પ્રમાણે ઇમામ અલયહિસ્સલામનો ચહેરો તે ખુદાનો ચહેરો હોય એમાં કંઇ વિસ્મયની વાત નથી કેમ કે એજ અર્થમાં ઇમામે બરહક અલયહિસ્સલામ ખુદાના નૂરના જ્યોતિર્ધર છે એ એક કુર્આન સિદ્ધ હકીકત છે.

કુર્આને હકીમમાં તો ખુદાની પીંડલી (પગના ગોઠણ નીચેનો ભાગ)નું વર્ણન પણ આવેલ છે. (જુઓ સુરહ ૬૮ આયત ૪૨) જ્યારે કે ખુદા દ્રષ્ટાંત અને રૂપકની ભાષામાં આવી વાતો ફરમાવે છે; તો ઇમામે ઝમાન અલયહિસ્સલામ ખુદાના વદન મુબારકના દરજ્જા પર શા માટે ન હોઇ શકે ? કેમ કે ઇમામ અલયહિસ્સલામ દ્વારાજ ખુદાની મારિફત શકય છે. ઇમામ અલયહિસ્સલામની પવિત્ર ઝાતમાં જ ખુદાની સાચી ઓળખાણનાં રહસ્યો છુપાયેલાં છે.

કુઆ઼ને પાકમાં સુરહ નંબર ૩૯ની ૫મી આયતે કરીમામાં જમ્બુલાહ (ખુદાનું પડખું) ની વાત આવેલ છે જો ખુદાનું પડખું હોય તો પછી ઇમામે ઝમાન અલયહિસ્સલામની ઝાતે પાક જમ્બુલ્લાહ અને વજહુલ્લાહ હોવામાં કોઇને શું શક હોઇ શકે છે?

અલ્લાહ તઆલાના પવિત્ર વાકયનો આ અગાઉ ઉલ્લેખ થઇ ગયો કે બધુંજ નાશવંત છે– સિવાય કે તે (અલ્લાહનો) ચહેરો. તો "સર્વ કંઇ નાશવંત" હોવાની તાવીલ પણ વર્ણવી દેવી યોગ્ય ગણીએ છીએ.

આ પવિત્ર ખુદાવંદી ફરમાનની તાવીલના ઓછામાં ઓછા ચાર તબકકા છે. પહેલું તો એ કે અલ્લાહ તબારકહુ વ તઆલાના એવા ખાસ બંદાઓ પણ હોય છે જેમની આંતર દ્રષ્ટિ સમસ્ત જડચેતન સૃષ્ટિના ચરાચરમાં સર્વત્ર ખુદાવંદી પ્રકાશના દિવ્ય ઝબકારામાં વિલીન થઇ જાય છે. જેમકે કુઆ઼ને પાકમાં ઇર્શાદ છે કે :

**"તો, તમે જે તરફ પણ ધ્યાનસ્થ થશો ત્યાં ખુદાનું નુર મૌજુદ છે.'. (૨/૧૧૫)**

આ તો થયો હકીકતી મોમિનના વ્યકિતત્વમાં વસ્તુમાત્ર વિલીન થઇ જવાનો અને ખુદાનું જ નૂર બાકી રહેવાનો અર્થ જેમાં ખુદાની જ બાદશાહી ખુદાનો જ ચહેરો અને ખુદા તરફ જ મોમિનના પાછા ફરવાનો અર્થ પણ શામેલ છે.

આની બીજી તાવીલ એ છે કે : દુનિયામાં જ એક એવો સમય આવવાનો છે કે જેમાં રૂહાનિયતનુ જ સર્વત્ર પરિબળ વધી જશે. દરેક દ્રશ્ય વસ્તુ, જાહેરી જિસ્માની વૃત્તિ, વસ્તુ કે વિચાર

પર રૂહાનિયત સરસાઇ મેળવી લેશે તેથી એ જાહેરી દ્રશ્ય વસ્તુઓ નષ્ટપ્રાય થઇ જશે. એ વખતે પૃથ્વીના પટ પર એક માત્ર અલ્લાહની જ હુકુમત હશે. અને એ સમયે મોમિનો ખુદા તરફ જ ધ્યાનથ થઇ ગયેલા હશે. આ થયો, મોમિનોની સમુહગત દુનિયામાં વસ્તુ માત્ર ફના થઇ જવાનો અર્થ.

તાવીલનો ત્રીજો પ્રકાર એ છે કે જયારે કોઇ મોમિન બંદો આ દુનિયા છોડીને, પોતાના મૌલા—ઇમામે ઝમાન અલયહિસ્સલામની રૂહાનિયત તથા નૂરાનિયત રૂપી સ્વર્ગમાં પ્રવેશ કરે છે તો તેને માટે ઇમામે ઝમાન અલહિસ્સલામના નૂર સિવાય બીજું બધું ફના થઇ જાય છે. એવા મોમિનના એવા વ્યકિતગત સ્વર્ગમાં (મન વચન કર્મ અને અંત: કરણમાં) માત્ર અલ્લાહની જ બાદશાહી હોય છે અને એવી દશામાં મોમિન અલ્લાહ તરફ જ એકાગ્રતાથી ધ્યાનમગ્ન થઇ ગયો હોય છે; આ થયો મોમિનની વ્યકિતગત કિયામતમાં વસ્તુ માત્ર ફના થઇ જવાનો અર્થ.

ચોથા તબકકાની તાવીલ એ છે કે કોઇ જમાનામાં દૈહિક તથા ભૌતિક રીતે આ તમામ દ્રશ્ય જગતનો પ્રલય થઇ જશે. અને એ દશામાં ખુદાના બંદાઓ, પોતાને ખુદાના નૂરમાં જીવંત અમર અવસ્થામાં જાશે. અને એ જ સાચા અર્થમાં રૂહાની જગત અથવા "અમર ગઢ અમરાપુરી" છે. એ દશામાં એક માત્ર ખુદાની જ બાદશાહી હશે અને મોમિનો પોતાના મૌલાના નૂરમાં સામુદાયક રીતે વાસલ (વસ્લે હક) થઇ ગયા હશે.

ઉપરોકત તાવીલોને માટે સ્વપ્નસ્થ દશાનું દ્રષ્ટાંત આપી શકાય છે. દા. ત. માણસ જયારે ઉંઘમાં હોય છે ત્યારે જાહેરી દ્રશ્ય જગત તેને માટે ફના થઇ ગયું હોય છે ને તેનું બધું

આંતરિક ધ્યાન, સુષુપ્ત મન, સ્વપ્નાં તરફ એકાગ્ર હોય છે, એવું જ વ્યકિતગત રૂહાનિયતવાળી કિયામત તથા સમુહગત રૂહાનિયતવાળી કિયામતનું હોય છે. પરંતુ જેમ કહેવાય છે કે "ચે નિસ્બત ખાકરા બા આલમે પાક ?" યાને ખાકને પવિત્ર સૃષ્ટિ સાથે શું લાગેવળગે ? કયાં ઉંઘ તથા સ્વપ્નાંની આળ પંપાળ ? અને કયાં રૂહાનિયતના દિવ્ય પ્રકાશથી ઝળહળતી અનુપમ અનુભુતી ?

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

ચાવી–૧૮મી

# બધી વસ્તુઓ ઇમામેમુબીનમાં

સુરહ યાસીનની પહેલી રૂકુઅમાં પાક પરવરદિગારનો ઇર્શાદ છે કે,

**"વ કુલ્લ શયઇન અહસયનાહુ ફી ઇમામિમ્મુબીન (૩૬/૧૨)**

અને અમે બધી વસ્તુઓને જાહેર ઇમામ(ની નૂરાનિયત)માં સમાવી દીધી છે.

અગર ઇમામે મુબીનનો આ શબ્દપ્રયોગ હાઝર ઇમામને માટે જ છે તો સમસ્ત સૃષ્ટિ અને સમષ્ટિની બધી વસ્તુઓનો સમાવેશ હાઝર ઇમામ અલયહિસ્સલામની ઝાતમાં કેવી રીતે થઇ શકે છે? એવો કોઇ પ્રશ્ન કરે, તો તેનો ઉત્તર એ છે કે ઇમામે મુબીન તે મૌલાના હાઝર ઇમામ અલયહિસ્સલામનું જ નામ છે કેમકે એવણ સરકાર, પવિત્ર પરવરદિગારના નૂરનો દરજ્જો ધરાવે છે અને ખુદાનું નૂર એ છે કે જેમાં સમસ્ત વિશ્વબ્રહ્માંડ અને તેની બધી જ વસ્તુઓ સમાયેલી છે—અર્થાત એ નૂર સમસ્ત વિશ્વબ્રહ્માંડમાં વ્યાપી રહેલું છે.

અલ્લાહતઆલાના નૂરે મુત્લક (પરિપૂર્ણ પ્રકાશ સ્વરૂપ) ઇમામે ઝમાન અલયહિસ્સલામ સ્થળકાળની સમસ્ત વસ્તુઓમાં અને ચરાચરમાં એવી રીતે વ્યાપી રહયા છે જેવી કોઇ મોટા આરીસામાં તેની સામેની બધી જ વસ્તુઓનું પ્રતિબિંબ પડે છે. તદનુસાર મૌલાના હાઝર ઇમામ અલયહિસ્સલામના ઉજવળ

નિર્મળ અને સ્વચ્છ અંતઃકરણરૂપી લૌહે મેહ્ફુઝમાં બધી વસ્તુઓનાં પ્રતિબિંબ સમાઇ રહ્યાં છે.

બીજા શબ્દોમાં કહીએ તો ઇમામે મુબીન અલયહિસ્સલામ આ નિસીમ વિશ્વબ્રહ્માંડમાં આત્મા તથા બુદ્ધિરૂપે વ્યાપી રહયા છે અર્થાંત મૌલાના હાઝર ઇમામ અલયહિસ્સલામ સાક્ષાત વિશ્વાત્મા છે અને ઇમામ અલયહિસ્સલામની બુધ્ધિ જ બધાની બુધ્ધિનું મુળ છે. એટલા માટે જ તવણુ સરકાર અકલે કુલ્લની અનુપમ ઉપમાથી વિભુપિત અને વિખ્યાત છે.

વળી ઇમામ અલયહિસ્સલામ ખુદાની આંખ છે. તેથી તેમની દ્રષ્ટિમાં કોઇ વસ્તુનું જાહેરી કે બાતિની સ્વરૂપ અછતું કે ગુપ્ત નથી. જેવું કે હઝરત મૌલાના મુર્તુઝા અલા અલયહિસ્સલામ મુબારક મુખ વચન છે કે,

**"અના અયનુલ્લાહુ ફી અર્ઝેહિ વ લિસાનોહુ અલનાતિકુ ફી ખલ્કેહિ. અના નુરૂલ્લાહે અલ્લઝી લા યુત્ફા. અના બાબુલ્લાહે મિન્હુ યુઅતી વ હુજ્જતોહુ અલા ઇબાદેહિ"**

યાને અમે જ પૃથ્વી પર ઉઅલ્લાહની આંખ છીએ અને અલ્લાહની ઝબાન છીએ, જે બોલે છે, અમે જ અલ્લાહનું નૂર છીએ જેને બુઝાવી નથી શકાતું. અમે જ ખુદાના દરવાજા છીએ જે દ્વારા ખુદા સુધી પહોંચી શકાય છે. અને અમે જ તેના બંદાઓ ઉપર ખુદાની હુજ્જત છીએ.

ઇમામે મુબીન અલયહિસ્સલામની પવિત્ર ઝાતમાં બધી જ વસ્તુઓ સમાઇ રહી છે તેની એક અન્ય દલીલ એ છે કે ઇમામે

આલી મુકામ અલયહિસ્સલામનો પવિત્ર રૂહ નફ્સેકુલ્લી (બધા પ્રાણોનો પ્રાણ) રૂહે આઝમ (પરમાત્મા), રૂહુલ અરવાહ (આત્માઓનો આત્મા) અને સાક્ષાત વિશ્વાત્મા છે તેથી ઇમામે મુબીન અલયહિસ્સલામ બધી જ ચરાચર સૃષ્ટિના સૂર્ય છે. રૂહોના સૂર્ય–આફતાબે રૂહ છે. અને દુનિયામાં આવેલા બધા જીવાત્માઓ એ આફતાબે રૂહનાં અર્થાત આત્માઓના સૂર્યનાં અસંખ્ય કિરણો છે, જે રૂહો (જીવાત્માઓ) જગતમાં નથી આવ્યા એ બધાં, તે સૂર્યના તેજવલયમાં જ સમાયેલાં પ્રકાશકણો જેવા છે, આમ બધા જ જીવાત્માઓ તથા સમસ્ત પ્રાણી સૃષ્ટિ અને શિતેજ, જરાયુજ, ઇંડેજ તથા ઉદ્દભિજ એમ ચારેય ખાણુના જીવો પણ ઇમામે મુબીન અર્થાત સરકાર મૌલાના હાજર ઇમામ અલયહિસ્સલામની સાથે બાતીની રીતે સંકળાયેલા છે.

આ સંબંધે એક વધુ કુર્આની દલીલ એ પણ છે કે જેમાં આં હઝરત સલ્અમને સંબોધીને સર્વસષ્ટિઓના સમર્થ સર્જનહારે ફરમાવ્યું કે,

**વમા અર્સલ્નાકા ઇલ્લા રહમતંલ્લિલ આલમીન** (૨૧/૧૦૭)

અને (હે રસૂલ) અમે તમને સમસ્ત સષ્ટિઓને માટે રહેમત બનાવીને મોકલ્યા છે.

આ ખુદાવંદી ફરમાન પરથી એ ફલિત થયું કે ખુદાની સંપૂર્ણ રહેમત હુઝૂરે અકરમ સલ્અમની પવિત્ર ઝાતમાં સમાવિષ્ટ હતી અને એ જ રહેમત સ્વરૂપી નબીએ આખિરૂઝ્ઝમાન સલ્લલ્લાહુ તઆલા અલયહિ વ આલેહિ વસલ્અમની રહેમતનો સમુદ્ર સૃષ્ટિ

ISW Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

સમસ્ત પર વ્યાપી રહયો હતો. આ અગાઉનાં પ્રકરણોમાં પણ તે વિષે ખુલાસાવાર લખાઇ ચૂકયું છે તે પ્રમાણે અલ્લાહ તઆલાએ વસ્તુઓ માત્રને યાને કે સમસ્ત સષ્ટિ અને વ્યક્તિને પોતાની રહેમત અને પોતાના ઇલ્મ વડે ઘેરી લીધી છે. તે પરત્વે કુર્આની ઇર્શાદ પણ છે કે,

**રબ્બના વુસ્અત કુલ્લ શયઇન રહ્મતંવ વ ઇલ્મા** (૪૦/૭)

હે મારા પરવર્દિગાર, વસ્તુ માત્ર તારી રહેમત તથા ઇલ્મ વડે ઘેરાયેલી છે.

ઇમામે મુબીન અલયહિસ્સલામ વિષે પણ લગભગ આવી જ અર્થગંભીર આયતે કરીમા આવેલી છે કે વસ્તુમાત્રને ઇમામે મુબીનમાં સમાવી દેવામાં આવી છે. આનો ભાવાર્થ એ થયો કે ઇમામે મુબીન, ખુદાની રહેમત તથા ખુદાનું ઇલ્મ અને રેહમતુલિલ આલમીન (સલ્અમ) એ એક જ ઝાતનાં વિવિધ ઉપનામો અથવા ઉપકરણો છે.

હવે, ઇમામે મુબીનમાં બધી વસ્તુઓ, બધાં જ સ્થળકાળનાં દ્રશ્ય તેમજ અદ્રશ્ય ઘટનાઓ તથા સમસ્ત ચરાચર સૃષ્ટિ કેવી રીતે સમાયેલી છે તેની અમુક દલીલો નીચે મુજબ છે.

(૧) જેમ બિસ્મિલ્લાહની "બે" નીચેના નુકતામાં કુર્આને હકીમનાં બધાં જ રહસ્યો અને જાહેર બાતિન જ્ઞાન સમૃદ્ધિ સમાયેલી છે.

(૨) જેમ કોઇ વૃક્ષના બીજમાં આખું વૃક્ષ સમાયેલું હોય છે.

(૩) હઝરત આદમ અલયહિસ્સલામની પીઠમાં જેમ નાના સુક્ષ્મ અણુ સ્વરૂપે સમસ્ત જીવાત્માઓની આખી સૃષ્ટિ સમાયેલી હતી.

(૪) માનવીના દિલ તથા દિમાગમાં જેમ અસંખ્ય સુક્ષ્મ વિચાર સ્વરૂપે અસંખ્ય વસ્તુઓ સમાયેલી હોય છે.

(૫) મોમિન બંદાઓના હૃદયમાં જેમ ખુદાવંદે રહેમાનની બધી જ પરોક્ષ તથા અપરોક્ષ ગુણ સંપતિ સમાયેલી હોય છે.

(૬) બધા જ પયગમ્બરોના વિવિધ સદ્દગુણો બધું જ જ્ઞાન તથા બધી જ યોગ્યતાઓ જેમ આં હઝરત સલ્અમની મુબારક ઝાતમાં સમાયેલાં હતાં. આ હકીકત પરત્વે જ ઇશારો કરતાં આં હઝરત સલ્અમે ફરમાવ્યું કે "અમે હિકમતના ભંડાર છીએ. અને અલી (અલયહિસ્સલામ) તેના દરવાજા છે." આનો બીજો અર્થ એ થયો કે જનાબે રસૂલે ખુદા સલ્અમનાં નૂરમાં જેમ વસ્તુ માત્રનો સમાવેશ હતો તે હઝરતે ઇમામે મુબીન (મૌલાના અલી અલયહિસ્સલામ તથા તેમની પ્રકાશિત પુત્ર પરંપરામાં થયેલા ને થનારા ઇમામો અલયહિમુસ્સલામ)માં પણ મોજુદ છે.

(૭) આ નિસીમ વિશ્વબ્રહ્માંડની ઉત્પતિના કારણ રૂપ બે જ અક્ષરો હતા કાફ અને નૂન. યાને "કુન." "એટલે થઇ જા" એમ અલ્લાહ તઆલાએ ફરમાવ્યું અને બધી સૃષ્ટિઓ પેદા થઇ ગઇ. મતલબ એ થયો કે કુનના દ્વીઅક્ષરી શબ્દમાં સમસ્ત કાયનાત સમાયેલી હતી.

(૮) માનવીના દિલ તથા દિમાગમાં અકલ અને ઇલ્મ સમાયેલાં છે

(૯) કિયામતના દિવસે સમસ્ત ધરતી અલ્લાહની મુઠીમાં હશે અને આસ્માનો તેના જમણા હાથમાં વિંટળાયેલા હશે (જુઓ કુર્આને કરીમ ૩૯—૬૭)

તો એ જ પ્રમાણે ઇમામે મુબીન અલયહિસ્સલામના નૂરમાં સમસ્ત સૃષ્ટિ અને વ્યષ્ટિની તથા સ્થળકાની હકીકતો સમાયેલી છે.

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

## ચાવી–૧૯મી

# દરેક વસ્તુના મલકુત

સુરહ યાસીનની છેલ્લી આયત છે કે:

"ફ સુબ્હાનલ્લઝી બિયદેહિ મલકુત શયઇન વ ઇલયહિ તુર્જઉન"

તો પાક છે એ ઝાત, જેના હાથમાં બધી વસ્તુની બાદશાહી છે અને એની તરફ જ તમારે પાછા ફરવાનું છે (૩૬/૮૩)

મલકુતનો અર્થ છે બાદશાહી સલ્તનત અથવા રૂહાનિયત, આત્મિક જગત, ચમત્કૃતિઓ અને ફરિશ્તાઓનું વિશ્વ. અને 'મલકુત' કુલ્લ શયઇન"નો અર્થ છે બધી ચીજોની રૂહાનિયત. બધી વસ્તુઓની રૂહાની ચમત્કૃતીઓ અથવા રૂહાની આકાર જે આજ્ઞામય વિશ્વમાં (આલમે અમ્રમાં) છે. જેનું દ્રષ્ટાંત નિદ્રિત અવસ્થા જેવું છે જેની બધી જ વસ્તુઓ શરીર વગરજ માનસિક દશામાં જ થાય છે ને વિલાય છે. એમાં જાહેરી આંખો બંધ હોય છે શરીર અચેતન અવસ્થામાં પથારીમાં પડેલું હોય છે પણ તે સ્વપ્ના દ્વારા અમર્યાદ અને અસંખ્ય વસતુઓ તથા દ્રશ્યો જુએ છે. પણ એ દરેક વસ્તુ અથવા બધી વસ્તુઓ એવી નથી કે જેની હકીકત બધા માણસો જોઇ શકે બલ્કે જેમ કે ઉપરોકત આયતે ખુદાવંદીમાં કહેવાયું તેમ બધી વસ્તુઓની બાદશાહી અલ્લાહના હાથમાં છે યદુલ્લાહ એટલે કે પવિત્ર પયગમ્બર (સલ્અમ) તથા તેમના ઉત્તરાધિકારી હઝરતે અલી મુર્તુઝા મૌલા મુશ્કિલકુશા અલયહિસ્સલામના અધિકારમાં છે કેમકે એવણ હઝરતો ખુદાવંદ આલમીન તરફથી લોકોની બયઅત લેનારા હાથ (યદુલ્લાહ) છે.

આનો મતલબ એ થયો કે નબુવ્વત અને ઇમામતના એકજ નૂરમાં સમસ્ત સૃષ્ટિની વસ્તુઓની અનુભુતિ થઇ શકે છે વળી વસ્તુઓની હકીકતો તથા પરિચયના પ્રકાશમાં જ ખુદા તરફ પાછા ફરવાનું યાને તેની મારિફતમાં વાસલ થવાનું બની શકે છે.

આ પ્રકરણની શરૂઆતમાં જે આયત ઉલ્લેખવામાં આવી જેમાં અલ્લાહના હાથનો ઉલ્લેખ આવ્યો છે તેનો ભાવાર્થ આપણે ખુદાની સત્તા તથા શકિત જેવો કરીએ તો પણ તેની આખરી તાવીલને માટે વલીયુલ અમ્ર અલયહિસ્સલામને શરણે ગયા વગર છુટકો નથી કેમકે એવણ હઝરતે સાહેબુઝ્ઝમાન અર્થાત ઇમામે મૂબીનના નૂરમાં વસ્તુ માત્ર મૌજુદ છે અને બધીજ વસ્તુઓનું સંપુર્ણ જ્ઞાન પણ મૌજુદ છે.

હઝરતે ઇબ્રાહીમ અલયહિસ્સલામે ખુદા તરફથી પોતાના જમાનાના વલીયુલ અમ્ર હોવાની હેસિયતથી આકાશો અને પૃથ્વીના સામ્રાજયની અનુભુતી કરી હતી અને તેથીજ તેવણ હઝરતે હિકમતની પરિભાષામાં ફરમાવ્યું હતું કે જે માણસ મારી પેરવી કરશે તે પણ પોતાની યોગ્યતા અનુસાર ખુદાઇ સલતનત –રૂહાની રાજ્યની અનુભુતી કરી શકશે આ વાત સુરહ ઇબ્રાહીમના છઠ્ઠા રૂકુઅમાં છે. પણ ઇમાન તથા ઇશ્કની શકિત વગર એની હકીકતો સમજી શકાતી નથી.

કુર્આને હકીમની કોઇ આયતની હકીકતોનું સાચું રહસ્ય અને સાચા અર્થનો ફાયદો ત્યારેજ પ્રાપ્ત થાય છે જ્યારે તેના પર ઉંડાણથી ચિંતન મનન કરવામાં આવે અને ઇમામે ઝમાન અલયહિસ્સલામની નુરાની મદદ તેમાં શામેલ હોય.

હઝરતે ઇબરાહીમ અલયહિસ્સલામને મળેલી રૂહાની હુકુમતના બારામાં એક અન્ય પણ કુર્આની આયત મૌજૂદ છે કે "બેશક માંનવ જાતિમાં વિશિષ્ઠ સ્થાન ધરાવનારા ઇબ્રાહીમની સાથે એ લોકો હતા જેઓએ તેમની તાબેદારી કરી અને તે નબી (સલ્અમ) છે અને એ ઇમાનદારો છે અને અલ્લાહ ઇમાનવાળાઓનો સમર્થક છે" (૩/૬૮)

આનો ભાવાર્થ એ થયો કે બધા માણસોમાં હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ સાથે વધુ મનમેળ વધુ દોસ્તી અને વધુ રૂહાની તેમજ નૂરાની નિકટતા ધરાવનારા એ લોકો હતા જેઓએ હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામની સાચા અર્થમાં પેરવી કરી હતી. જેવા કે આલે ઇબ્રાહીમમાં થઇ ગયેલા નબીઓ તથા અઇમ્મા અલય-હિમુસ્સલામ અને તેમના હકીકી મોમિનો તેમજ નબીએ અકરમ સલ્અમ અને ઉમ્મતે મુહમ્મદિયાના ઇમાનદાર મોમિનો.

હઝરતે ઇબ્રાહીમ અલયહિસ્સલામની તાબેદારીની આ તાલીમમાંથી પહેલી હિકમત તો એ છે કે જનાબે ઇબરાહીમ ખલીલુલ્લાહ અલયહિસ્સલામની હકીકી પેરવી–અર્થાત તેમને પગલે પગલે ચાલીને રૂહાનિયત તથા નુરાનિયતના એ માર્ગ પર ચાલ્યા જવું જેમાં તેમણે આસ્માનો અને જમીનના દૈવી રાજ્યની અનુભુતી કરી જેનો વારસો આલે ઇબ્રાહીમના બધાજ અંબિયા તથા અઇમ્મા અલયહિમુસ્સલામને મળ્યો.

કોઇ પણ પયગમ્બરની પૈરવી, તાબેદારી અને તેમના અનુસરણનાં બે સ્વરૂપો હોય છે જેમાંથી એક તો સીધેસીધી પૈરવી કરવામાં આવે અને બીજું એ કે તેમની વફાત પછી તેમની કિતાબ તથા તેમના ઉતરાધિકારી દ્વારા એમનું અનુસરણ કરવામાં આવે.

હઝરત ઇબ્રાહીમ ખલીલુલ્લાહ અલયહિસ્સલામની પૈરવી માટે તેમના સપૂત ફરઝંદ હઝરતે ઇસ્માઇલ અલયહિસ્સલામથી હઝરત મૌલાના અબૂતાલિબ અલયહિસ્સલામ સુધી ઇમામતની પરંપરા ચાલુ હતી જેના વગર ઇબ્રાહીમ અલયહિસ્સલામની સંપૂર્ણ પૈરવી અશકય હતી કેમકે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ પર નાઝિલ થયેલી આસ્માની કિતાબ લોકો સમક્ષ મૌજુદ નહિ હતી.

હઝરત પૈગમ્બરે ખુદા સલ્લલ્લહુ તઆલા અલયહિ વ આલેહિ વ સલ્લમ તેમને નબુવ્વત મળ્યા પહેલાં પોતાના જમાનાના ઇમામ (હઝરત મૌલાના અબ્દુલ મુત્તલિબ તથા હઝરત મૌલાના અબૂતાલિબ અલયહિમુસ્સલામ) દ્વારા હઝરત ઇબ્રાહીમ ખલીલુલ્લાહ અલયહિસ્સલામની પૈરવી કરતા હતા.

કુઆંને કરીમમાં અલ્લાહ તઆલાનો ઇર્શાદ છે કે "ઇન્નમા વલીયોકુમુલ્લાહ..." ખચિત અલ્લાહ તઆલા તમારો વલી છે. વલીનો અર્થ અહિં હેતાળ વાલી (GUARDIAN), સમર્થક, દોસ્ત, મદદગાર, સરપરસ્ત, મુખ્તાર, કે સ્વજન, જે પણ કરવામાં આવે પણ એ દરેક અર્થમાં ખુદાએ મોમિનોને કોઇ પણ જમાનામાં ઇમામે મુબીન અલયહિસ્સલામ વિહોણા નથી રાખ્યા કેમકે અલ્લાહે ઇમામે મુબીન અલયયહિસ્સલામમાં બધી જ વસ્તુઓનો સમાવેશ કરેલો છે તેથી દરેક જમાનામાં ઇમામની હાજરી આવશ્યક છે અને તે અનિવાર્ય જરૂરત છે કેમકે જાહેરિયત તથા જસ્માનિયતમાં બધી વસ્તુ સ્થળકાળ સિવાય નથી હોઇ શકતી.

આ બધાંનો સાર એ નીકળ્યો કે જયારે ઇમામે મુબીન અલયહિસ્સલામ પોતાના પવિત્ર નૂર વડે વસ્તુ માત્રમાં આંતરબાહ્ય વ્યાપી રહયા છે તો બધી વસ્તુઓના મલકુત (મલકુતે કુલ્લ

શયઇન) પણ તેવણ સરકારની પવિત્ર ઝાતમાં છે જેવું કે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામની મિસાલ ઉપરથી સમજાય છે અને બેશક તેવણ હઝરત પોતાના જમાનાના ઇમામ હતા. ઇમામે મુબીન હતા. એ જ કારણે કુર્આને કરીમના બધા જ વિષયો હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ સાથે સંકલિત કરવામાં આવ્યા છે અને તેવણ હઝરતનો પરિચય ઇમામે મુબીન અલયહિસ્સલામના શીર્ષક હેઠળ છે.

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

ચાવી—૨૦

# દરેકને માટે રેહમત અને ઇલ્મમાં સમાવેશ

સુરહ મોમેનૂનની સાતમી આયતમાં પવિત્ર કુર્આનનો ઇર્શાદ છે કે,

**રબ્બના વસએત કુલ્લ શયઇન રહમતંવવ ઇલ્મા (૪૦/૭)**

યાને હે મારા પરવરદિગાર તેં વસ્તુમાત્રને તારી રહેમત અને ઇલ્મમાં સમાવી દીધી છે.

આ પવિત્ર અને સન્માનપાત્ર આયતે કરીમાનો તત્વાર્થ એ છે કે અલ્લાહ તઆલાની સાકાર રહેમત નફ્સે કુલ્લીની રૂહાનિયત છે અને તેનું સાકાર ઇલ્મ, તે અકલે કુલ્લીની નૂરાનીયત અને રૂહાનીયત છે. એ બન્ને મહદ દિવ્ય કેન્દ્રોની રૂહાનિયત તથા નુરાનિયતના મહાસાગરમાં સમસ્ત સૃષ્ટિ અને વિશ્વબ્રહ્માંડની વસ્તુમાત્ર ડૂબેલી છે. જિસ્મેકુલ્લી જે આસ્માનો, સિતારા ગ્રહમંડળ અને સમસ્ત ભૌતિક પદાર્થોનો એક વિરાટ સમુહ છે તે નફ્સે કુલ્લીની રૂહાનિયતમાં ગરક છે અને નફ્સે કુલ્લી ઉપરોક્ત સમસ્ત સૃષ્ટિ સમુહો સમેત, અકલે કુલ્લીની રૂહાનિયતમાં ગરક છે તો આ થયો સસ્મત સૃષ્ટિની બધી જ વસ્તુઓ અલ્લાહ તઆલાની રહેમતમાં સમાઇ ગઇ હોવાનો સાચો ભાવાર્થ.

વળી આ અર્થમાં દર્શાવાયેલી અવસ્થાનું એક અન્ય સ્વરૂપ પણ છે અને તે એ છે કે બધી જ વસ્તુઓ પોતાના જાહેરી અને ભૌતીક અસ્તિત્વ ઉપરાંત રૂહાની અને ઇલ્મી રીતે પણ સમુહગત રીતે પરવરદિગારની રહેમત તથા તેના ઇલ્મમાં

સમાઇ રહી છે બીજા શબ્દોમાં કહીએ તો સૃષ્ટિની સમસ્ત વસ્તુઓ જિસ્મે કુલ્લીમાં જિસ્માની રીતે નફ્સે કુલ્લીમાં માનસિક સ્વરૂપે અને અકલે કુલ્લીમાં રૂહાની તેમજ બૌધ્ધિક સ્વરૂપે મૌજુદ છે.

સારાંશ કે જે અત્યારે દ્રશ્ય સ્વરૂપે છે. અથવા ભુતકાળમાં દ્રશ્ય સ્વરૂપે હતું ને ભાવિમાં જે વ્યકત થવાનું છે એ બધી જ વસ્તુઓ ત્રિકાલાબાધિત અમ્રે ઇલાહી યાને ખુદાવંદી આજ્ઞાના પ્રથમ સર્જન ગાદિ કલમ રૂપી અકલે કુલ્લીમાં મૌજુદ હતી. જયાંથી તે લોહે મેહફુઝરૂપી નફ્સે કુલ્લી પર ઉતરી તોયે એ પછી પણ અકલે કુલ્લીના ઇલ્મમાં જેમની તેમ જળવાઇ રહી છે. એજ રીતે નફ્સે કુલ્લી યાને લોહે મેહફૂઝની રૂહાની આકૃતિઓ મુજબ આ દુનિયાની જિસ્માની વસ્તુઓ ઉત્પન્ન થઇ– એમ છતાં લોહે મેહફુઝની આકૃતિઓમાં કંઇ ફરક કે વધઘટ ન થઇ.

ઉપરોકત સ્પષ્ટીકરણથી દરેક વસ્તુ ખુદાવંદી રહેમત તથા ઇલ્મમાં સમાયેલી હોવાનું સાબિત થયું એટલું જ નહીં પણ તેથી એ પણ સિધ્ધ થયું કે રહેમત એ નફ્સે કુલ્લીનો સ્વભાવ છે· અને એ પણ માલુમ પડયું કે ઇલ્મ તે અકલે કુલ્લીનો ગુણ છે અને બધીજ વસ્તુઓ એકી વખતે અકલ, રૂહ તથા જિસ્મમાં મૌજુદ છે મતલબ કે અકલનો પડછાયો જીવ છે અને રૂહનો પડછાયો શરીર છે.

ઇમામે આલી મુકામ અલયહિસ્સલામના મુબારક ફરમાનમાં છે કે "મોમિનો રૂહાની રીતે ફરિશ્તા છે ને શારિરીક રીતે ઇન્સાન છે" તો એ વસ્તુ વિશ્વાસનીય છે કે મોમિનોના જીવાત્માઓના ફરિશ્તાઓમાં પણ અકલી ફરીશ્તા છે જેનો પુરાવો માનવશરીર છે જેમાં ત્રણ વસ્તુઓ– યાને દેહ, આત્મા અને બુધ્ધિ છે.

જયારે એમ માનવામાં આવે કે દરેક વસ્તુ જે આ દ્રવ્ય

Institute for Spiritual Wisdom Luminous Science

જગતમાં છે તે રૂહાની વિશ્વમાં પણ છે અને રૂહાની વિશ્વ તે નફ્સેકુલ્લી છે અને બૌધ્ધિક જગત તે અકલે કુલ્લ છે એ ઉપરથી ફલિત થયું કે માનવ સૃષ્ટિના સરદાર, યાને ઇમામે મુબીન અલય-હિસ્સલામ નફ્સે કુલ્લી તરીકે ઓળખાય છે. અને તેમની બુદ્ધિ તે અકલેકુલ્લ છે સારાંશ કે ઇમામે મુબીન અલયહિસ્સલામનો આદિ અનાદિ રૂહ યાને સર્વાત્મા તે સમસ્ત વિશ્વ માટે રહેમતનો સમુદ્ર છે. અને ઇમામે મુબીન અલયહિસ્સલામની બુદ્ધિ તે સમસ્ત વિશ્વ બ્રહ્માંડને માટે જ્ઞાનના મહાસાગર છે જે સંપુર્ણ ચરાચર સૃષ્ટિમાં લહેરાઇ રહયો છે.

Institute for
Spiritual Wisdom
and
Luminous Science
Knowledge for a united humanity

### ચાવી–૨૧મી

## દરેક વસ્તુની વાચા

કુઆનિ મજીદની ૪૧/૨૧ માં ફરમાવવામાં આવ્યું છે કે :

**કાલુ અન્તકનલ્લા હુલ્લઝી અન્તકા કુલ્લ શયઇન :**

યાને તેઓ કહેશે કે જે ખુદાએ બધી ચીજોને વાચા આપી તેણે જ અમને પણ વાચાનું દાન કરેલું છે.

આ પવિત્ર વાકયનો ખુલાસો કરવા પહેલા આપણે નુત્ક યાને વાચાશકિતની હકીકત પરત્વે કંઇક કહેવું સમજવું જોઇએ, તો વાત એમ છે કે વિધ્વાનોના મતાનુસાર વાચાશકિત માનવીના રૂહની જ એક વિશિષ્ટતા છે : પરંતુ તેમાં બુધ્ધિની જરૂરત અવિનાર્ય છે અને બુદ્ધિ દ્વારા જ માણસ વાણી વડે પોતાના વિચારો વ્યકત કરી શકે છે.

ઇન્સાની રૂહની આ શકિત યાને કે વાણીને બુધ્ધિનો આધાર હોય છે અને તેથી જ દીનના આલિમોની કેળવણીમાં સૌથી પહેલે અને સૌથી ઉપર કલિમાએ બારી (ખુદાઇ શબ્દ)નું સ્થાન છે જેને કલિમાએ કુન પણ કહેવામાં આવે છે. કુન એટલે થઇ જા, કુનની આજ્ઞાથી બુધ્ધિનો ફરિશતો પૈદા થઇ જાય છે જે, દીનના વિધ્વાનની એક વિશિષ્ઠ બુધ્ધિ તરીકે કામ કરે છે. એ જ પ્રમાણે અકલે કુલ્લ દ્વારા નફસેકુલનો ફરિસ્તો પૈદા થયેલ છે જે દીનના આલિમના પ્રાણ સ્થાને બિરાજે છે. સારાંશ કે રૂહે નાતકાનું ઘડતર બુધ્ધિથી થાય છે અને બુધ્ધિ પરિપૂર્ણ થાય છે વાણીથી.

આ વાતની બીજી દલીલ એ છે કે માનવીના દેહનો આધાર રૂહ પર પર છે અને રૂહ અકકલ દ્વારા સુરક્ષિત રહે છે અને અકકલનનું સંરક્ષણ વાણી છે.

ત્રીજી દલીલ એ કે બુધ્ધિ વાણી વગર નથી હોઇ શકતી જેનો પુરાવો ફરિશ્તા છે. પણ રૂહ, વાણી વગર હોઇ શકે છે જેનો પુરાવો પશુ પક્ષીઓ છે.

ચોથી દલીલ ઇલ્મ—ભલે તે સર્વોચ્ચ પ્રકારનું યાને ઇલ્મે લદુની હોય અથવા સામાન્ય સપાટીનું, ગમે તેમ પણ તે વાણી દ્વારા વ્યકત થઇ શકે છે અને જે વહીનો ઇશારો હોય છે એ પણ વાણીનો જ એક પ્રકાર છે જેને સૌ પ્રથમ મન અને બુધ્ધિ ઝીલે છે અને પછી તે રૂહ સુધી પહોંચે છે.

પાંચમી દલીલ એ કે અગર બાળકમાં શરૂથી જ શ્રવણ શકિત ન હોય તો એ બહેરો કહેવાય છે. જયારે તે બહેરો થઇ ગયો તો તે મુગો પણ બની જાય છે પરિણામે તે બુદ્ધિથી વંચિત રહી જાય છે. તેનું કારણ શું ? એ જ કે જયારે તે શ્રવણ શકિતથી વંચિત બની ગયો તો તેની વાચા અને બુધ્ધિ પણ પાંગળી બની જાય છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે બુધ્ધિનો આધાર વાણી ઉપર છે.

તાત્પર્ય એ કે દીનના આલિમમાં કલિમાએ બારી અર્થાત "કુન"ના આદેશને અજવાળે અકલેકુલ્લ પ્રગટ થાય છે અને અકલે કુલ્લથી નફસે કુલ્લ પૈદા થાય છે એ જ રીતે મોમિનના વ્યકિતગત જીવનમાં પણ ઇમામે ઝમાન (અલયહિસ્સલામ)નાં ફરમાન જે કલિમાએ બારીનો દરજજો ધરાવે છે; તેના અજવાળે

તેની અલ્પ બુદ્ધિ (અકલે જુઝવી) વિસ્તૃતિ પામે છે. પછી એવી વિશાળ બુદ્ધિમાંથી રૂહુલ ઇમાન (ઇમાનનો આત્મા) પ્રગટ થાય છે. પરિણામે મોમિનની બાતિની આંખ (આંતર દ્રષ્ટિ) ખુલી જાય છે અને તે વસ્તુઓના મૂળ સ્વરૂપને પારખી શકે છે ત્યારે તેને માલુમ પડે છે કે દરેક વસ્તુ બોલી રહી છે.

જાહેરી અને જીસ્માની વસ્તુઓ બે પ્રકારે બોલે છે એક તો વાણી દ્વારા અને બીજું કે વર્તન દ્વારા. પરંતુ આપણે અત્રે માત્ર વાણીનો જ ઉલ્લેખ કરવાનો છે તો તેના પણ બે પ્રકાર છે એક તો એ કે બધાજ દ્રવ્ય પદાર્થો રૂહુલ કુદ્દુસ (પવિત્ર આત્મા) ના પરિચયથી ને પ્રશંસાથી ચમત્કારિક રીતે ઝિક્રે ઇલાહી અને નામ રટણ કરતાં રહે છે, બીજું એ કે જે વસ્તુ નિઃશબ્દ જણાતી હોય તેમાંથી પણ એવો અવાજ નીકળે છે જે બધાના કાન સાંભળી નથી શકતા– કોઇ ઉચ્ચ સ્તરના આત્માઓ જ તેની અનુભુતી કરી શકે છે.

જયારે અવાજવાળી અને નિ;શબ્દ જણાતી–બધી વસ્તુઓ પોતાની વાચાથી ખુદાની યાદ તથા તસ્બીહ કરવા લાગે છે તો એક રીતે આપણે એમ કહી શકીએ કે અલ્લાહે પોતાની પરિપુર્ણ કુદરત વડે તે વસ્તુઓને બોલતી કરી દીધી છે અને બીજી રીતે એમ પણ કહી શકાય કે એ મોમિનની પોતાની રૂહુલ ઇમાનીનો જ ચમત્કાર છે, ત્રીજા પ્રકારે એમ પણ કહી શકાય કે એ રૂહુલ કુદ્દુસનો મોજિઝો છે અને ચોથા પ્રકારે એમ પણ માની શકાય કે આ બધી ઇમામે મુબીન અલયહિસ્સલામના નૂરના મહાસાગરમાં વિલસી રહેલી દૈવી ચમત્કૃતિ છે. તો આ બધી જ માન્યતા અને અભિવ્યકિત પોતપોતાની જગ્યાએ સાચી છે તેમાં એકેય ખોટી નથી કેમ કે જ્યાં બધા જ દ્રશ્ય પદાર્થોનું એકીકરણ થઇ જાય છે ત્યાંની દશા વિવિધ વર્ણનો તથા અલંકારોથી સુશોભિત અને વિભુષિત હોય છે.

ચાવી—૨૨મી

# બધી વસ્તુઓના જોડકાં

કુઆ'ને હકીમ ૫૧/૪૯ માં હઝરતે તબારકહુ વ તઆલાનો મુબારક ઇર્શાદ છે કે :

**વ મિન કુલ્લે શયઇન ખલકના ઝવજયને લઅલ્લકુમ તઝક્કરૂન :**

અર્થાત અને બધી જ વસ્તુઓને અમે યુગલ સ્વરૂપે (જોડકાંમાં) ઉત્પન્ન કરી છે કે જેથી તમે યાદ રાખો.

જેવું કે અગાઉના પ્રકરણ (ચાવી નંબર ૯) માં કહેવામાં આવ્યું હતું કે દરેક વસ્તુને જોડકામાં ઉત્પન્ન કરવામાં આવી છે એ વાતનું સ્પષ્ટીકરણ અહિં જરા વિસ્તારથી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. દરેક વસ્ના અર્થમાં સમસ્ત પ્રાણી પદાર્થો તથા સ્થળકાળનો પણ સમાવેશ થઇ જાય છે. દા. ત. નર—નારી, દિવસ—રાત, અજવાળું—અંધારૂં, જળ—થળ, આકાશ અને ધરતી, રૂહ અને જિસ્મ, સુખ અને દુઃખ, અમીરી અને ગરીબી, દુનિયા અને આખિરત, હસ્તી અને નેસ્તી, સર્જન અને વિસર્જન વગેરે.

અહિં એ જાણવું ખાસ જરૂરી છે કે, વસ્તુઓનાં જોડકાં બે પ્રકારનાં હોય છે એક પ્રકાર તો એ કે જેમાં જોડકાં વાળી બન્ને વસ્તુ કે વ્યકિત એક સાથે રહી શકે છે જેમકે પુરૂષ અને સ્ત્રી. જોડકાંનો બીજો પ્રકાર એ છે કે જેમાં જોડકાંની દરેક ચીજો એકી સાથે નથી રહી શકતી બલ્કે એક બીજાની પાછળ રહે છે જેમકે દિવસ અને રાત.

એ દૃષ્ટિએ જો આપણે આ વિશ્વ બ્રહ્માંડની સ્થિતિને દિવસ અને પ્રલયને રાત્રિ ગણીએ તો એ પણ ઉપરોક્ત જોડકાંની કતારમાં જોડાઇ જાય છે કેમકે એનો ક્રમ (યાને ઉત્પતિ અથવા સ્થિતિ અને પ્રલય) નું ચક્ર હમેશા અવિરત ચાલતું રહે છે. એ ક્રમનો આદિ કે અંત કોઇ નથી જાણતું અને હકીકત પણ એજ છે કે કોઇ વર્તુળ અથવા ચક્રાકાર વસ્તુનો આદિ કે અંત હોતો જ નથી. એ જ પ્રમાણે ઉપરોક્ત સ્થિતિ અને પ્રલયના કાળચક્રનો આદિ કે અંત નથી એ સર્વોહિત સર્વકાલીન અને અનાદિ તથા અનંત છે.

હવે જો એ કાળચક્રને આપણે, અનાદિ તથા અંતરહિત માની લઇએ અને બીજી તરફ સર્જનહારની સર્વસિદ્ધ માન્યતાનો પણ સ્વીકાર કરી લઇએ, કે પહેલાં કંઇ નહિ હતું માત્ર અલ્લાહની ઝાત જ હતી. પછી તેના હુકમથી સમસ્ત સૃષ્ટિનું સર્જન થયું. પછી એક દિવસે આખી દુનિયારૂપી આ દૃશ્યજગત ફના થઇ જશે તો એ માન્યતામાં ત્રણ વસ્તુઓ થઇ ગઇ. યાને પહેલાં નેસ્તી (કંઇ નહોતું) એના પછી હસ્તી યાને કે સ્થિતિ ને વળી પાછી નેસ્તી – તો આમ ત્રણ વસ્તુઓ થઇ ગઇ ! તેમાં જોડકું ન રહ્યું બલ્કે ત્રેખડ થઇ ગઇ ! હાલાં કે ઉપરોક્ત કુર્આની આયત અનુસાર તો એમાં પણ જોડકું જ હોવું જોઇએ કે દરેક નેસ્તી પછી હસ્તી અને દરેક હસ્તી પછી નેસ્તી. કેમકે ખુદાવંદે કરીમની ઝાત જ એકમ અને અજોડ છે તેના સિવાયનું બીજું બધું જ જોડકામાં છે.

વળી, જો આપણે હસ્તીને એક તરફ તારવીને માત્ર નેસ્તી પર જ વિચાર કરીએ તો પણ એજ તારતમ્ય નીકળશે કે કુદરતના કાનૂનમાં કોઇ ચીજ અપવાદ નથી. યાને "ખલકના ઝવજૈન" (બધી વસ્તુઓનાં જોડકાં અમે ઉત્પન્ન કર્યાં છે) એ ઇર્શાદે ઇલાહી દરેક જોડકાંની દરેક વસ્તુને સરખો જ લાગુ પડે છે તો આનો

અર્થ એ થયો કે જેવી રીતે હસ્તી, ખુદાનું સર્જન છે. તો નેસ્તી પણ તેણે જ ઉત્પન્ન કરેલ છે. આટલે સુધી પહોંચી ગયા પછી આપણને એ વાત સ્વીકારવી જ રહી કે નેસ્તી પણ હકીકતમાં હસ્તીની સાથે જ જોડાયેલી છે બલ્કે એમ કહીએ કે નેસ્તી, તે હસ્તીનું જ બીજું રૂપ છે. જેવી રીતે કે રાત્રિ તે દિવસનું જ બદલાયેલું સ્વરૂપ છે. તો આ ઉપરથી એ ફલિત થયું કે એવી કોઇ નેસ્તી નથી કે જેની પહેલાં કોઇ હસ્તી ન હોય અને એવી કોઇ હસ્તી નથી જેની પહેલાં કોઇ નેસ્તી ન હોય. અને તેથી જ કુર્આને કરીમમાં એકથી વધુ સ્થળે એનો ઉલ્લેખ થયો છે કે ખુદાના આદેશથી જેમ, રાત્રિના ગર્ભમાં દિવસ છુપાયેલો છે અને દીવસના ગર્ભમાં રાત્રિ એજ રીતે નેસ્તીમાં હસ્તી અને હસ્તીમાં નેસ્તી સમાયેલી છે.

અમુક લોકોની માન્યતાનુસાર મૃત્યુ અથવા નેસ્તી એક અ–વસ્તુ વાચક શબ્દ છે. પણ વસ્તુસ્થિતિ તેનાથી ઉલટી જ છે. કેમ કે કુર્આને કરીમમાં તો સાફ ઇર્શાદ છે કે :

**અલ્લઝી ખલકલ મૌત વલ્ હયાત લિયબ્લુવ કુમ અય્યકુમ અહ્સન અમલા** (૬૭/૧)

યાને અલ્લાહ તઆલાએજ મોત અને જીંદગી પૈદા કર્યાં છે કે જેથી તમારામાંથી કોણ સદ્કાર્યો કરે છે તેનું પારખું થઇ જાય.

આ ખુદાઇ ફરમાન ઉપરથી સિધ્ધ થયું કે નેસ્તી અને હસ્તી અર્થાત મોત અને હયાતી કિંવા સ્થિતિ અને પ્રલય એ બન્ને વસ્તુનું યુગલ સ્વરૂપે અલ્લાહ તઆલાએ જ સર્જન કરેલું છે. મતલબ કે મોત અને હયાતી, એ પણ મખ્લૂક છે– એ કોઇ

અવસ્તુ નથી.

અલ્લાહ તઆલાએ એક અન્ય આયતમાં પણ ફરમાવ્યું છે કે

કયફ઼ા તકફુરૂના બિલ્લાહિ વ કુન્તુમ અમવાતન ફ઼અહ્‌યાકુમ સુમ્મા યમુતુકુમ સુમ્મા યુહ્‌યીકુમ સુમ્મા ઇલયહિ તુર્જઊન (૨/૮)

તમે લોકો કેવી રીતે ખુદાનો ઇન્કાર કરો છો? જ્યારે કે તેણેજ તમને મૃત્ત દશામાંથી જીવંત અવસ્થામાં આણી મૂકયા અને ફરી તમને મોત આપશે ને વળી પાછા જીવતા કરશે ને પછી તમારે તેની તરફ જ પાછા ફરવાનું છે.

આ અતિ પવિત્ર આયતે કરીમા પર સ્વસ્થ ચિત્તે અને વિચારપૂર્ણ માનસથી ચિંતન મનન કરવામાં આવે તો માલુમ પડશે કે માનવીનો રૂહ અનાદિ છે. તેનું રૂહાની અને જીસ્માની જીવન સુદ્ધાં અનંત છે. જેવું કે ઉપરોકત ઇર્શાદે ખુદાવંદીમાં ફરમાવવામાં આવ્યું કે ઇન્સાન અનેકવાર, અવારનવાર જીંદગી અને મૃત્યુના અખતરામાંથી પસાર થતો રહયો છે. તે એક જમાનામાં ખુદાની હુઝૂરમાં હતો જયાં તેને માટે સત્યપૂર્ણ અને સત્યકામ સ્વરૂપી બહેશ્ત મોજુદ હતી. પણ ત્યાંથી તે હઝરત આદમ અલયહિસ્સલામની પેઠે કોઇ બહાને સ્વર્ગમાંથી નીકળીને દુનિયામાં આવી પડયો. જીવન અને મૃત્યુના ચક્રમાંથી છુટીને છેવટે તેને પોતાની મૂળ જગ્યાએ પાછા ફરવાનું છે.

આ આખી ચર્ચાનો સાર એ છે કે બધી વસ્તુઓ જોડકામાં છે અને દરેક જોડાંથી એક વર્તુળ અથવા ચક્રાકાર રચાય છે. જેમ દિવસ રાત્રિનું ચક્ર છે તેમ જગતની સ્થિતિ અને પ્રલયનું

પણ એક વર્તુળ છે જે સૌથી વિરાટ વર્તુળ છે. સમસ્ત દ્રશ્ય વસ્તુઓ એ જ વિરાટ વર્તુળ પર જીવન અને મૃત્યુમાંથી પસાર થતી રહે છે ને ચક્રાકાર ફરતી રહે છે.

અલ્લહમ્દુલિલ્લાહ અલા એહસાનેહિ...અલ્લાહની અપરંપાર સ્તુતિ, પ્રશંસા અને તેના અતિ, અતિશય એહસાનની અભિવ્યકિત કરૂં છું કે આ બધી હિકમતની વાતો ઇમામે મુબીન અલયહિસ્સલામની મારિફતના ખજાનામાંથી મને ઇનાયત કરવામાં આવી છે અને કોઇ ચીજ તેના ભંડારથી બહાર નથી તેથી મોમિનોએ ઇમામ શનાસી યાને એ મૌલાના અતિશય સુખસભર પરિચયના પ્રકાશથી પ્રકાશિત બનવું જોઇએ અને ઇમામ શનાસીની આવી કિતાબોનું સંપૂર્ણ ચિંતન મનન તથા ઇશ્કથી અધ્યયન કરવું જોઇએ કે જેથી તેમના દિલો ખુદાવંદી દિવ્ય પ્રકાશથી ઝળહળી ઉઠે. યા અલી મદદ.

વસ્સલામ.